




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## અનુક્રમણિકા


૧. રાષ્ટ્રજાગરણ માટે આવાં વ્યક્તિત્વ જોઈએ ૧
૨. ગોસંવર્ધન સ્તંભ : ગ્રામીણ સમસ્યાઓનું એકમાત્ર સમાધાન - ગોપાલન ૨
૩. યુગ નિર્માણ સત્સંકલ્પ-૧૨ : નરનારી પરસ્પર પવિત્ર દૃષ્ટિ રાખશે ૫
૪. સમાજનિર્માણ : ભારતમાં અમીરીનું પ્રદર્શન શા માટે ? ૭
૫. આસ્તિકતા સંવર્ધન : મેરા અપના કુછ નહીં, જો કુછ હૈ સો તોર ૯
૬. ગીતા પ્રવચન : શત્રુઓના નાશનું આહ્વાન ૧૨
૭. કિશોર સ્તંભ : પ્રેરક પ્રસંગ ૧૭
૮. જ્યારે ઈચ્છા નાશ પામે છે ૧૯
૯. આપણે સૌ રહીએ છીએ ઊર્જા-તરંગોના મહાસાગરમાં..... ૨૧
૧૦. મોટા કાર્યના મોહમાં નાનાની અવહેલના ન કરો ૨૫
૧૧. વિધિ-વ્યવસ્થાનું એક અંગ છે સર્જનહારનું વિનાશકારી રૂપ ૨૭
૧૨. ક્ષુદ્રકાયામાં છુપાયેલી અપરિમિત ગુણોની સંપદા ૩૦
૧૩. સ્વસ્થ રહેવું હોય તો મનને સાધો ૩૪
૧૪. યુગ ગીતા-૧૦ શાંતિના મહાસાગરમાં વિચરણ કરે છે સ્થિતપ્રજ્ઞ ૩૭
૧૫. પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી- જીવનસાધના આવશ્યક જ નહીં અનિવાર્ય પણ ૪૧
૧૬. આત્મીય અનુરોધ ૪૭


## યુગ નિર્માણ વિદ્યાલયમાં પ્રવેશ

*પરમ પૂજ્ય ગુરુદેવે ૧૯૬૫માં યુગ નિર્માણ વિદ્યાલયનો શુભારંભ કર્યો. આજે પ્રારંભિક સત્રોના અનેક બાળકોએ ઔદ્યોગિક ક્ષેત્રમાં એટલી પ્રગતિ કરી છે કે તેને ઉલ્લેખનીય કહી શકાય. આ વિદ્યાલયનું આગલું સત્ર ૨૦૦૦-૨૦૦૧, ૧ જુલાઈથી પ્રારંભ થશે. આ સત્રના પ્રવેશ માટે આવેદન પત્ર શરૂ થઈ રહ્યા છે. જેથી જુલાઈ ૨૦૦૦થી પ્રારંભ થનાર સત્ર માટે પ્રશિક્ષાર્થીઓની પસંદગી યથા સમયે કરી શકાય. પ્રવેશપત્ર તથા વિવરણ પત્રિકા અહીંયા પત્ર લખી નિઃશુલ્ક મંગાવી લેશો. આવેદન પત્ર પૂરેપૂરું ભરી ૧૫ જૂન ૨૦૦૦ સુધીમાં પ્રાચાર્ય, યુગ નિર્માણ વિદ્યાલય, યુગ નિર્માણ યોજના, મથુરા-૨૮૧૦૦૩ ના સરનામે આવી જવા જોઈએ. પસંદ કરેલ વિદ્યાર્થીઓને પત્ર લખી બોલાવવામાં આવશે. જેને બોલાવવામાં આવે તેઓ જ અહીંયા આવે.*

*વિદ્યાલયમાં સંચાલિત વ્યાવસાયિક પ્રશિક્ષણમાં પ્રીટીંગ પ્રેસ, વિદ્યુત ફીટીંગ, રેડિયો, ટ્રાન્ઝીસ્ટર, ટી.વી. તથા નાના ઘરેલૂ વિદ્યુત યંત્રોની મરામત, કપડાં ધોવાનો પાવડર, ધૂપબત્તી, મીણબત્તી, અગરબત્તી, દંતમંજન, રબ્બર સ્ટેમ્પ, ફોટો ફ્રેમિંગ, સ્ક્રીન પ્રીટીંગ, મધુમાખી પાલન, ચ્યવન પ્રાશ નિર્માણ આદિ કુટીર ઉદ્યોગ શીખવાડવામાં આવે છે. બેંક, પોસ્ટ ઓફિસ, રેલ્વે પ્રાથમિક ઉપચાર અને પોલિસ સંબંધીત સામાન્ય જાણકારી વિભાગીય ઉચ્ચ અધિકારીઓ દ્વારા આપવામાં આવે છે.*

*આ બધા પ્રશિક્ષણો સિવાય આ વિદ્યાલયની સૌથી મોટી વિશેષતા છે વિદ્યાર્થીઓને આપવામાં આવતા સંગીત, અભિનય, વાક્‌કૌશલ, વાર્તાલાપ, શિષ્ટાચાર, સંભાષણ, લોક વ્યવહાર, પૌરોહિત્ય કર્મકાંડ ધર્મતંત્રથી લોક શિક્ષણ તથા યુગ નેતૃત્વનું વિલક્ષણ પ્રશિક્ષણ સાથે વિદ્યાર્થીને શીખવાડાય છે સંયમિત, સુવ્યવસ્થિત, અનુશાસિત જીવન જીવવાની અભૂતપૂર્વ કળા, જેના અંતર્ગત પ્રાતઃ બ્રહ્મમુહૂર્તમાં જાગરણ સાથે વંદના, ધ્યાન-ધારણા, યોગાસન, પ્રાણાયામ વગેરે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।

# યુગ શક્તિ ગાયત્રી

: સંસ્થાપક/સંરક્ષક :

વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદ્રષ્ટા

પં. શ્રીરામ શર્મા આચાર્ય

અને

માતા ભગવતી દેવી શર્મા

: સંપાદક :

પં. લીલાપત શર્મા

: સહ સંપાદક :

ઘનશ્યામ પટેલ

: કાર્યાલય :

ગાયત્રી તપોભૂમિ,

મથુરા - ૨૮૧ 003

: ટેલિફોન :

(૦૫૬૫) ૪૦૪૦૦૦, ૪૦૪૦૧૫

વાર્ષિક લવાજમ : ૪૫ રૂપિયા

આજીવન લવાજમ : ૫૦૦ રૂપિયા

વિદેશનું લવાજમ

વાર્ષિક : ૧૦ પાઉન્ડ/૧૫ ડૉલર/

૪૦૦ રૂપિયા

આજીવન : ૧૦૦ પાઉન્ડ

૧૫૦ ડૉલર/૪૫૦૦ રૂપિયા

વર્ષ - ૩૧ અંક - ૫

પ્રકાશન તિથિ ૨૫-૪-૨૦૦૦

મે - ૨૦૦૦

## રાષ્ટ્રજાગરણ માટે આવાં વ્યક્તિત્વ જોઈએ

રાષ્ટ્રજાગરણની વાત ઘણા લોકો દ્વારા ઘણા અવસરો પર દોહરાવવામાં આવે છે. કેમ ? રાષ્ટ્રની બધી ગતિવિધિઓ ચાલી રહી છે, નવી-નવી યોજનાઓ બની રહી છે, નવી-નવી રીતો અપનાવવામાં આવી રહી છે. સમસ્યાઓનાં સમાધાન શોધવામાં આવી રહ્યાં છે. તો આ બધું શું ઊંઘમાં જ કરવામાં આવી રહ્યું છે ? આટલું હોવા છતાં રાષ્ટ્ર જાગૃત કેમ નથી ?

આ રાષ્ટ્રજાગરણનું કાર્ય તો જાગૃત અંતઃકરણની વ્યક્તિઓનું છે. જેમનું મગજ પ્રચલિત માન્યતાઓ કરતાં દૂરનું વિચારી શકે છે, ચાલતી પરંપરાથી જુદું કાર્ય જેઓ કરી શકે છે, એવી વ્યક્તિઓ જ રાષ્ટ્રીય ચેતના જાગૃત કરી શકે છે. જેમના જીવનની ગતિવિધિઓ અમુક અંશે સ્વાર્થની સીમાથી બહાર પણ સક્રિય છે, વ્યક્તિગત સ્વાર્થો કરતાં જેમના સ્વભાવમાં સામૂહિક ચિંતન છે તથા તેને અનુરૂપ જીવનપ્રક્રિયા ચલાવવામાં જેઓ થોડાઘણા ટેવાયેલા છે, તેઓ જ આ કાર્યમાં આગળ આવી શકે છે. તાત્કાલિક લાભના મૃગજળમાં ભટકતા નાગરિકોને જેઓ દૂરગામી પરિણામોનું સ્મરણ કરાવીને ધાર્યા કરતાં વધુ સ્થાયી લાભપ્રાપ્તિ માટે પુરુષાર્થ કરવાની પ્રેરણા આપી શકે એવા વિકસિત દૃષ્ટિકોણ તથા સમર્થ વ્યક્તિત્વોનું આ કાર્ય છે.

આવાં વ્યક્તિત્વો શિક્ષકો, વિચારકો અને બુદ્ધિજીવીઓ જ નહીં, સામાન્ય જનજીવનમાં પણ છે. પોતાના જીવનમાં આદર્શનો અભ્યાસ કરવાના વ્યક્તિગત હિતની સાથે સમાજહિતની જેઓ કલ્પના કરી શકે એવી વ્યક્તિ આ વર્ગમાં આવી શકે છે. સમાજનિર્માણ અને રાષ્ટ્રજાગરણનું કાર્ય મુખ્યત્વે આવા જ પ્રકાશવાન લોકોનું છે. એમને સંગઠિત અને વિકસિત કરવાની વ્યવસ્થા થઈ શકે તો આ મહાન રાષ્ટ્ર વિશ્વમંચ પર ફરી સિંહનાદ કરી શકે છે. આ પ્રયાસ આત્મબલિદાનનું મૂલ્ય ચૂકવીને પણ કરવું જોઈએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

(ગૌસંવર્ધન સ્તંભ)

# ગ્રામીણ સમસ્યાઓનું એકમાત્ર સમાધાન – ગોપાલન

પશુઓએ મનુષ્યની પ્રગતિમાં મહત્ત્વપૂર્ણ સહયોગ આપ્યો છે. ભોજન, વસ્ત્ર, મુસાફરી તથા અન્ય સુવિધાઓ માટે મનુષ્યે પશુઓનો સહારો લીધો છે. ભિન્ન-ભિન્ન દેશોના જળવાયુ તથા પોતાની પરિસ્થિતિઓને અનુરૂપ પશુઓને પોતાના સહયોગી બનાવ્યાં છે. ઊંટને અરબવાસીઓએ જે રીતે પોતાનો વાયુમાન માન્યો છે, તેવી જ રીતે ભારતવાસીઓએ ગાયને પોતાની મા સમાન માની છે. એમણે જ યુગોથી તેના સ્વાસ્થ્ય અને સમૃદ્ધિને ટેકો આપ્યો છે તથા એ જ ભારતને આજની દયાજનક સ્થિતિમાંથી બહાર કાઢવા માટેનું એકમાત્ર સમાધાન છે. ગામ અને કૃષિની બધી સમસ્યાઓનું સમાધાન 'ગોપાલન'થી જ નીકળશે.

**ભારતીય કૃષિ જીવંત રહેશે તો ફક્ત ગોપાલનથી :**

ભારત અને કૃષિ અને ગોપાલનનો પરસ્પર ઘનિષ્ઠ સંબંધ છે, એકબીજાનાં પૂરક છે. એક દ્વારા બીજાનું પોષણ થાય છે. જો બન્નેને જોડી દેવામાં આવે તો એવી વ્યવસ્થા ધરાવતો ખેડૂત ગમે તેટલો નાનો હોય તો પણ લાભમાં રહે છે, નુકસાનમાં નહીં અને સરળતાપૂર્વક પોતાના પરિવારનું પોષણ કરી શકે છે.

**૧. કૃષિ અને ગોવંશ પરસ્પર એકબીજાનાં પોષક** છે. કૃષિનું વેસ્ટ ગોવંશનું ખાદ્ય છે તથા ગોવંશનું વેસ્ટ એટલે કે છાણ અને ગોમૂત્ર કૃષિનું ખાતર છે. એકનું સારું પોષણ અને સારું સ્વાસ્થ્ય બીજાના સારા ઉત્પાદનનું કારણ બને છે.

પોતાની જમીનમાંથી જો થોડી જમીનનો ઉપયોગ ચારા માટે અલગ રાખવામાં આવે તો તેનાથી ગોવંશનું ભરણપોષણ થઈ જાય છે જે સંપૂર્ણ ખેતી માટે ખાતર અને કીટનાશકના રૂપમાં પૂરતું છાણ અને ગોમૂત્ર આપી દે છે. જ્યારે જમીનનો એટલો ભાગ અનાજ-ઉત્પાદનની દૃષ્ટિએ મહત્ત્વનો નથી. ગાયથી પ્રાપ્ત છાણનું જીવાણુ-યુક્ત ખાતર રાસાયણિક ખાતર કરતાં અનેકગણો વધારે લાભ પહોંચાડે છે, જમીનની ઊપજશક્તિને ફક્ત કાયમ જ નથી રાખતું પણ સતત વધારો કરી એ સ્થિતિમાં પહોંચાડે છે. જેથી ખેતીનો ચિરસ્થાયી આધાર બને છે. ગોમૂત્ર એક એવું પરિપૂર્ણ કીટનાશક છે જે ખેતી માટે ઉપયોગી અને લાભદાયી જીવાણુઓ, કીટકો, કીડાઓને હાનિ પહોંચાડતું નથી. આ રીતે ઉપલબ્ધ ખાતર અને કીટનાશક સસ્તાં છે, સ્વાવલંબી છે તથા પ્રદૂષણરહિત છે. એનાથી પેદા થતું ઉત્પાદન પણ સ્વાદિષ્ટ અને પ્રદૂષણરહિત હોય છે.

**૨. ભારતની ખેતી જે રીતે નાનાં ખેતરોમાં વહેંચાયેલી છે તેને માટે બળદ સિવાય બીજો ઉપાય નથી.** બળદ હળ ચલાવવામાં, વાવણી, સિંચાઈ કરવામાં પાકની કાપણીમાં, ઊપજને ખેતરથી ઘર તથા બજાર સુધી પહોંચાડવા જેવાં બધાં કાર્યોમાં ઉપયોગમાં લેવાય છે. બળદની જરૂર ભેંસના બચ્ચાં (પાડા)થી પૂર્ણપણે પૂરી થઈ શકતી નથી. બળદ જેટલું કામ કરે છે તથા જેટલા શ્રમસાધ્ય હોય છે તેટલા પાડા હોતા નથી, બળદ ગામડાની મુસાફરી તથા ભારવહનની જરૂરિયાત માટેનો એકમાત્ર વિકલ્પ પણ છે.

**૩. ગોપાલન કૃષિ સાથેનો એક પૂરક અને સહયોગી ઉદ્યોગ છે.** કૃષિ સાથે ગોપાલનમાં અલગથી કોઈ ધન ખર્ચવું પડતું નથી. ખેતીનું નિંદામણ કરતી વખતે જે ઘાસ વગેરે ઉખેડવામાં આવે છે તે ધોઈને તેના ટુકડા કરી ગાયો તથા બળદોને ખવડાવવામાં આવે તો ચારાની બચત થઈ જાય છે. મૂળાં, રાયડાના પાકાં પાદડા, કડવા મૂળાં, શેરડીનાં પાન, સક્કરટેટીના બિનજરૂરી વેલાઓ તથા અન્ય વનસ્પતિ જે બેકાર હોય છે તેને ગાયો ખૂબ સ્વાદથી ખાઈને ઉત્તમ દૂધ તો આપે જ છે, સાથે છાણના સર્વોત્તમ ખાતરના રૂપમાં પરિવર્તિત કરી દે છે જો થોડોઘણો ચારો જુદો વાવવો પડતો હોય તો ખૂબ જ ઓછી જમીનમાં વાવવો પડે. પ્રકૃતિએ આપેલા આવા જીવંત મશીનને રાખવું સરળ અને સુગમ છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગોપાલનમાં ઘરની મહિલાઓ, બાળકો, વૃદ્ધો બધાના શ્રમનો સદુપયોગ થઈ જાય છે. બીજી જરૂરિયાતો પણ સરળતાથી પૂરી થઈ જાય છે. ઘરમાં સૌને ઓછા-વત્તા અંશે ઘી, દૂધ, મઠો વગેરે પણ મળતું રહે છે જે સ્વાસ્થ્યની સ્થિરતા માટે જરૂરી છે.

**૪. ગામડાની બાળવા માટેના ઈંધણની સમસ્યા પણ ગોપાલનથી ઉકલી શકે છે.** ચારથી પાંચ પશુઓના છાણથી એક બાયોગેસ-પ્લાન્ટ ચાલી શકે છે અને એનાથી મધ્યમ પરિવારનું ભોજન સફળતાપૂર્વક પકવી શકાય છે. બીજું, છાણની ખપત પણ વધુ થતી નથી. એ ખાડામાં સડતા રહેવાનો અવસર મળવાથી ઊપજ-શક્તિમાં વધારો થઈ જાય છે. આ પ્લાન્ટ શરૂ કરવાનું નથી બહુ મોંઘું કે નથી કષ્ટસાધ્ય. આ આધાર પર ઘરમાં ઈંધણ માટે જે પૈસાનો ખર્ચ થાય છે અને શોધવા તથા લાવવામાં જે સમય અને મહેનત ખર્ચાય છે એ બધાની બચત થાય છે.

**૫. કૃષિની અનિશ્ચિતતામાં ખેડૂતના નિર્વાહ માટે કોઈ સહારો શોધવો હોય તો તે ગોપાલનને પૂરક વ્યવસાય બનાવવાથી શક્ય છે.** જ્યારે પણ પ્રકૃતિ માતાનો તેના પર પ્રકોપ થાય ત્યારે ગૌમાતા તેને સહારો આપશે. એને માટે જ નહીં પણ દેશ માટે ભોજન-સામગ્રીની જે સમસ્યા તે સમયે ઉપસ્થિત થશે તેનું નિરાકરણ પણ પોતાના દૂધ દ્વારા કરી દેશે.

આપણા દેશના લગભગ સિત્તેર ટકા લોકો ખેતી-વ્યવસાયમાં જોડાયેલા છે. જો એની સાથે તેઓ ગોપાલનનો પણ દૂરદર્શિતાપૂર્વક સમાવેશ રાખશે તો તેમના જીવનનિર્વાહ અને સ્વાસ્થ્ય-સંરક્ષણ માટે કોઈપણ જાતની સમસ્યા નહિ રહે.

**ગોપાલન આપણી અર્થનીતિનું અંગ બને તેનો કોઈ વિકલ્પ નથી :**

ભારતની ગરીબાઈ, ભૂખમરો, બેરોજગારીથી સમસ્યાને જો હકીકતમાં હલ કરવી હોય તો ગાયનું પાલન, પોષણ અને સંરક્ષણ જરૂરી જ નહીં પણ સમયની માગ પણ છે. એને આપણી અર્થનીતિનું અંગ બનાવવું જોઈએ. જે વખતે ગાયની સ્થિતિ આજ કરતાં ઘણી સારી હતી તે સમયે પણ મહાત્મા ગાંધીએ ગાયની દયનીય દશા પર ખેદ વ્યક્ત કરતાં કહ્યું હતું, "જ્યારે ગૌહત્યા થાય છે ત્યારે મને લાગે છે કે મારી પોતાની હત્યા કરવામાં આવી રહી છે. આજે તો ગાય મૃત્યુના આરે ઊભી છે અને મને વિશ્વાસ નથી કે આપણા પ્રયાસો એને બચાવી શકશે, પરંતુ જો એ નષ્ટ થઈ ગઈ તો આપણે એટલે કે આપણી સભ્યતા પણ નષ્ટ થઈ જશે. મારા કહેવાનું તાત્પર્ય આપણી અહિંસાપ્રધાન ગ્રામીણ સંસ્કૃતિથી છે." એમણે ગૌરક્ષણના કાર્યની તપાસ કરતી વખતે તેના આર્થિક પાસા પર પણ વિચાર કર્યો હતો. એમનું કહેવું હતું, "જો ગૌરક્ષા વિશુદ્ધ રૂપથી ધનની વિરોધી માનવામાં આવે છે તો આપણે અર્થનીતિને જડમૂળથી બદલવી પડશે. ગૌરક્ષા અનિવાર્ય છે અને તેને અનુરૂપ અર્થનીતિ બનાવી શકાય છે."

**૧. ભારતનું આર્થિક માળખું ગોપાલન પર આધારિત છે,** કેમ કે અહીં એંશી ટકા જનતાની આજીવિકાનો સ્રોત કૃષિવ્યવસાય છે અને મુખ્ય માધ્યમ બળદ છે, જે ગાય દ્વારા પ્રાપ્ત થાય છે. ભારતની નાની-નાની ખેતીના ખેડાણ માટે બળદથી વધારે બીજું કોઈ ઉપયુક્ત સાધન નથી. આ એવું સસ્તું ટ્રેક્ટર છે જે ખેડાણની સાથોસાથ ખાતર પણ ઉપલબ્ધ કરાવે છે. એટલે કે ખેતી માટે ખાતર, કીટનાશક અને ખેડાણ ત્રણેયની જરૂર એકલો જ પૂરી કરે છે. એથી ઊલટું ટ્રેક્ટર તેલ ખાય છે અને ધુમાડો કાઢે છે. આપણને તેલ વિદેશમાંથી આયાત કરવું પડે છે અને એનાથી નીકળતો ધુમાડો વાતાવરણને પ્રદૂષિત કરે છે.

ભૌતિકતાની આંધળી દોટમાં વેચી શકાય તેવી ખેતીથી (કીટનાશકો, રાસાયણિક ખાતર અને ડીઝલ આધારિત કૃષિ) જમીન જર્જરિત થવાને કારણે આપણી કૃષિનું જે સ્વરૂપ અને પ્રાકૃતિક આધાર નષ્ટ થઈ ગયો છે તેને પણ ગોપાલનથી જ પુનર્સ્થાપિત કરી શકાય છે.

**૨. ગોવંશ, છાણ, ગોમૂત્ર, અહિંસક ચર્મ, હાડકાં, શિંગડાં વગેરેથી બનતાં ઉત્પાદનો પર આધારિત ગ્રામોદ્યોગ/કુટીર ઉદ્યોગોનું માળખું ઊભું કરી શકાય છે,** જે ગામડાઓને સ્વાવલંબી બનાવશે એટલું ન જ નહીં પણ રાષ્ટ્રના અર્થતંત્રમાં મહત્ત્વની ભૂમિકા નિભાવી શકે છે.

**૩. ગામડાઓમાં ભોજન પકવવા માટેના ઈંધણની**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

**સમસ્યા પણ અનાજ-ઉત્પાદન જેવી જ છે.** અન્ય દેશોમાં ઈંધણના ઘણા વિકલ્પો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે, ત્યાં વીજળીનું ઉત્પાદન, કોલસા અને તેલનું ઉત્પાદન પણ વધુ પ્રમાણમાં છે, પરંતુ ભારત આ ક્ષેત્રમાં પછાત છે. અહીં તેનું ઉત્પાદન ખૂબ જ ઓછું છે. ગેસના ઉત્પાદનમાં પણ ભારત બીજા સમર્થ દેશોની તુલનામાં પછાત છે. જે ઉત્પાદન થાય છે તે મોટાં શહેરોમાં અને કસબાઓમાં જ વપરાઈ જાય છે. શેષ બેતૃતીયાંશ ભારત તો ગામડાઓમાં વહેંચાયેલો છે જ્યાં સુધી યાતાયાતની અસુવિધાને કારણે આ બધું પહોંચાડવાનું અશક્ય છે. પછી વપરાશકારોની એવી આર્થિક સ્થિતિ પણ નથી હોતી કે ઊંચી કિંમત ચૂકવીને પ્રાપ્ત કરી શકે. કેરોસીન અને ખાણોમાંથી નીકળતો કોલસો પણ ગામડાઓથી ભરેલા દેશના દરેક ખૂણા સુધી પહોંચી શકતો નથી. પરિણામે સરળતાથી મળી રહેતા છાણ અને લાકડા પર જ આધાર રાખવો પડે છે. આટલું હોવા છતાં ભારતીય પદ્ધતિમાં રોટલી બનાવવાનું જ પ્રચલન છે. મોટાભાગનું ભોજન આ રીતે બને છે. એમાં ઈંધણનો ખર્ચ વધુ પ્રમાણમાં થાય છે.

આવા દેશમાં એક જ વિકલ્પ રહી જાય છે કે 'ગોબર ગૅસ'ના નાના-મોટા પ્લાન્ટ શરૂ કરવામાં આવે. એમાંથી નીકળતા ગૅસથી રસોડાની જરૂરિયાત પૂરી થઈ શકે છે. સાથે જ ઉપયોગ કર્યા બાદ શેષ રહેતું છાણ નિરર્થક જતું નથી, પરંતુ વધુ ઉપજાઉ બની જાય છે. ચીન તેના ઈંધણની સમસ્યાનો આ આધાર પર જ ઉકેલ લાવ્યું છે.

**૪. ગ્રામીણ ક્ષેત્રોમાં પરિવહન અને માલની હેરફેર એક મહત્ત્વનું કાર્ય છે.** એની પૂર્તિ પણ બળદથી જ શક્ય છે. ગામડાના વ્યવસાય માટે માલની હેરફેર ખૂબ જ જરૂરી છે. જે કામ રેલ કે ટ્રક દ્વારા થઈ શકતું નથી તે કામ બળદગાડાઓથી જ શક્ય બનશે. માર્ગ પરિવહનનો એક મોટો ભાગ આજે પણ બળદગાડા પર જ આધારિત છે. સ્ત્રીઓ અને બાળકોનું નજીકના સંબંધીઓ સુધી સુવિધાપૂર્વક આવવા-જવાનું બળદગાડાઓ જ શક્ય બને છે. હવે બળદની ધુરી અને પૈડાઓમાં સુધારો થવાથી તથા સડકોમાં પણ થોડો સુધાર થવાની પ્રક્રિયા શરૂ થવાથી બળદગાડાઓનો ઉદ્યોગ નક્કી વધશે અને ડીઝલની વધતી જતી અછતથી પેદા થતી માલની હેરફેરની સમસ્યાનો સામનો કરવામાં સમર્થ બની શકશે.

**૫. ખેતીમાં ઉપયોગમાં લેવાતા ઝેરીલા કીટનાશકોનો વિકલ્પ છાણ અને ગોમૂત્રના રૂપમાં** આપીને તથા ઘરેલુ ઈંધણનો વિકલ્પ બાયોગૅસના માધ્યમથી આપીને માટી, જળ તથા વાયુપ્રદૂષણની આજની જ્વલંત રાષ્ટ્રીય સમસ્યાનું નિદાન ગોપાલન દ્વારા જ થઈ શકશે.

**૬. ગોવંશ પર શિશુઓ, ગર્ભવતી સ્ત્રીઓ અને વૃદ્ધોના કુપોષણની સમસ્યાનું સમાધાન** પણ નિર્ભર છે. બાળમરણ અને કુપોષણથી રક્ષણ તથા રોગીઓના યોગ્ય આહારનું સમાધાન ગાયના દૂધથી જ શક્ય છે.આ કાર્યોની જરૂરિયાત ભેંસના દૂધથી પૂર્ણ થઈ શકતી નથી.

આ રીતે સ્પષ્ટ છે કે રાષ્ટ્રના અર્થતંત્રના પ્રાણ તેના ગામડાઓમાં છે. ગામડાઓનું અર્થતંત્ર વિકસિત અને સુદૃઢ બનાવીને જ આપણે રાષ્ટ્રના અર્થતંત્રને સ્વતંત્ર અને સુદૃઢ બનાવી શકીશું. એ માટે ગોપાલન આપણી રાષ્ટ્રીય અર્થનીતિનું અંગ બને તે જરૂરી છે.

ઔદ્યોગિકીકરણ એક મર્યાદા સુધી તો ઠીક છે અને અમુક હદે અનિવાર્ય પણ, પરંતુ ભૌતિક પ્રગતિની દોટ એટલી આંધળી ન બને કે અર્થનીતિના પ્રાણસમા આપણા રાષ્ટ્રના ગોધનની ઉપેક્ષા કરી સુનિયોજિત રીતે તેના વિનાશનો ક્રમ ચલાવવામાં આવતો રહે, છતાં દુર્ભાગ્યથી એ જ થઈ રહ્યું છે. આશા રાખવી જોઈએ કે સત્તાધીશોને સમય રહેતાં સમજ આવશે અને તેઓ ફરી ગ્રામીણ સંસ્કૃતિને પોષણ  આપતી અર્થનીતિને પ્રોત્સાહન આપશે, પરંતુ આપણે સત્તાધીશોને સમજ આવે ત્યાં સુધી રાહ જોવી નથી. આપણે જ્યાં છીએ અને જે સ્થિતિમાં છીએ ત્યાંથી જ પોતાના બળે, જનતાના બળે ગૌસંરક્ષણ, પોષણ અને પાલનનું કાર્ય શરૂ કરી દેવું જોઈએ અને **'ગાય લાવો - દેશ બચાવો'** ના સંકલ્પ માટે કટિબદ્ધ થવું જોઈએ. એ જ આજના ભાગવત્ અવતરણ, પ્રજ્ઞાવતરણની મહાન ક્ષણોમાં સમયની મહત્ત્વની જરૂરિયાત છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

યુગનિર્માણ સત્સંકલ્પ-૧૨

# નરનારી પરસ્પર પવિત્ર દૃષ્ટિ રાખશે

નરનો નારી પ્રત્યે તથા નારીનો નર પ્રત્યે પવિત્ર દૃષ્ટિકોણ આત્મોન્નતિ, સામાજિક પ્રગતિ તથા સુખશાંતિ માટે જરૂરી છે. બ્રહ્મચર્યનું વ્રતપાલન કરનારાઓ અને અવિવાહિત નરનારીઓ માટે વ્યવહાર તથા ચિંતનમાં એકબીજા પ્રત્યે પવિત્રતાનો સમાવેશ અનિવાર્ય છે જ, પરંતુ બીજાઓએ પણ તેની ઉપેક્ષા ન કરવી જોઈએ. અપવિત્ર પાશવિક દૃષ્ટિ રાખીને કોઈપણ વર્ગ બીજા વર્ગની શ્રેષ્ઠતાનું ન મૂલ્યાંકન કરી શકે છે કે ન તેનો લાભ ઉઠાવી શકે છે. આ હાનિથી બચવાની સૌથી વધુ ઉપયોગી પ્રેરણા આ વાક્યમાં આપવામાં આવી છે.

**'નારી આ સંસારની સર્વોત્કૃષ્ટ પવિત્રતા છે.'** જનનીના રૂપમાં તે અગાધ વાત્સલ્ય લઈને આ ધરતી પર અવતરિત થાય છે. નારીના રૂપમાં ત્યાગ અને બલિદાનની, પ્રેમ અને આત્મદાનની સજીવ પ્રતિમાના રૂપમાં પ્રતિષ્ઠિત થાય છે. બહેનના રૂપમાં સ્નેહ, ઉદારતા અને મમતાની દેવી સમાન લાગે છે. પુત્રીના રૂપમાં તે કોમળતા, મૃદુલતા અને નિશ્ચલતાની પ્રતિકૃતિના રૂપમાં આ નીરસ સંસારને સરસ બનાવી રાખે છે. પરમાત્માએ નારીમાં સત્ય, શિવ અને સુંદરનો અનંત ભંડાર ભર્યો છે. તેનાં નેત્રોમાં એક અલૌકિક જ્યોતિ રહે છે જેનાં કિરણો પડવા માત્રથી નિષ્ઠુર હૃદયોની પણ કરમાયેલી કળીઓ ખીલી શકે છે. દુર્બળ તથા અપંગ મનુષ્યને શક્તિમાન અને સત્તાસંપન્ન બનાવવાનું સૌથી વધુ શ્રેય જો કોઈને મળતું હોય તો તે નારી જ છે. તે મૂર્તિમાન પ્રેરણા, ભાવના અને સ્ફૂર્તિના રૂપમાં અચેતનને ચેતન બનાવે છે. તેના સાન્નિધ્યમાં અકિંચન વ્યક્તિનું ભાગ્ય ખીલી ઊઠે છે. તે પોતાને ધન્ય અનુભવ કરે છે.

નારીની મહત્તા અગ્નિસમાન છે. અગ્નિ આપણા જીવનનો સ્રોત છે, તેના અભાવમાં આપણે નિર્જીવ અને નિષ્પ્રાણ બનીને જ રહી શકીએ છીએ. તેની ઉપયોગિતાનો જેટલો મહિમા ગાવામાં આવે તેટલો ઓછો જ છે પરંતુ આ અગ્નિની બીજી બાજુ પણ છે, તે સ્પર્શ કરતાં જ કાળી નાગણની જેમ લપકારા મારી ઊઠે છે અને સ્પર્શ કરતાં જ તડફડાટ કરી નાખતી, ભારે પીડા આપતી પરિસ્થિતિ ઉત્પન્ન કરી દે છે. નારીમાં જ્યાં અનંત ગુણો છે ત્યાં એક દોષ એવો પણ છે જેનો સ્પર્શ કરતાં જ અસીમ વેદનાથી તરફડવું પડે છે. એ રૂપ છે – નારીનું રમણી રૂપ. રમણની આકાંક્ષા સાથે જ્યારે પણ એને જોવામાં, વિચારવામાં અને સ્પર્શવામાં આવશે તે જ વખતે તે કાળી નાગણની જેમ તેના વિષ ભરેલા દાંતથી ડંખ આપી દેશે. વીંછીની બનાવટ કેવી સુંદર છે, સોનેરી રંગનો આ સરસ જીવ કેટલો મનોહર લાગે છે, પણ તેના ડંખનો સ્પર્શ થતાં જ વિપત્તિ ઊભી થઈ જાય છે. મધમાખી કેટલી ઉપકારી છે. ભમરો કેવું મધુર ગુંજન કરે છે, કાચીંડો કેવા રંગબેરંગી પગ વડે ચાલે છે, ભમરીઓ તેમના માળાઓમાં બેઠી કેવી સુંદર ગુલદસ્તા જેવી સજાવેલી દેખાય છે, પરંતુ એમનામાંથી કોઈનો પણ સ્પર્શ આપણા માટે વિપત્તિનું કારણ બની જાય છે. નારીના કામિની અને રમણીના રૂપમાં જે એક વિષની નાનકડી થેલી છુપાયેલી છે, તે સોનેરી કટારથી આપણે બચવું જ જોઈએ.

પોતાના કરતાં મોટી ઉંમરની સ્ત્રીને માતાના રૂપમાં, સમાન ઉંમરની હોય તો બહેનના રૂપમાં અને નાની ઉંમરની હોય તો દીકરીના રૂપમાં જોઈને એવી જ ભાવનાઓ વધુમાં વધુ વિકસાવીને આપણે એટલા જ આહ્‌લાદિત અને પ્રસન્ન થઈ શકીએ છીએ જેમ માતા સરસ્વતી, માતા લક્ષ્મી અને માતા દુર્ગાનાં ચરણોમાં બેસી અનંત વાત્સલ્યનો અનુભવ કરીએ છીએ. આપણે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગાયત્રી ઉપાસકો ભગવાનની સર્વશ્રેષ્ઠ સજીવ રચનાને નારીના રૂપમાં જ માનીએ છીએ. નારીમાં ભગવાનની કરુણા, પવિત્રતા અને સદાશયતાનું દર્શન કરવું તે આપણી ભક્તિભાવનાનો દાર્શનિક આધાર છે. ઉપાસનામાં જ નહીં, વ્યાવહારિક જીવનમાં પણ આપણો એવો જ દૃષ્ટિકોણ રહેવો જોઈએ. નારીમાત્રને આપણે પવિત્ર દૃષ્ટિથી જોઈએ, વાસનાની દૃષ્ટિથી ન વિચારીએ, ન તેને જોઈએ કે ન સ્પર્શ કરીએ.

દામ્પત્યજીવનમાં સંતાનોત્પાદનનો વિશેષ અવસર કે પ્રયોજન જરૂરી હોય તો પતિપત્ની થોડીક ક્ષણો માટે વાસનાની હળવી ધૂપછાંવનો અનુભવ કરી શકે છે. શાસ્ત્રોમાં તો એટલી પણ છૂટ નથી, એમણે તો ગર્ભાધાન સંસ્કરણને પણ યજ્ઞોપવીત કે મુંડનસંસ્કારની જેમ એક પવિત્ર ધર્મકાર્ય માન્યું છે અને એવી દૃષ્ટિથી જ એ ક્રિયા પૂર્ણ કરવાની આજ્ઞા આપી છે, પરંતુ માનવીય દુર્બળતાને જોતાં દામ્પત્યજીવનમાં એક સીમિત મર્યાદાની અંતર્ગત વાસનાને છૂટ મળી શકે છે. તે સિવાય દામ્પત્યજીવન પણ એવું જ પવિત્ર હોવું જોઈએ જેમ કે બે સગા ભાઈઓનું અથવા બે સગી બહેનોનું હોય છે. લગ્નનો ઉદ્દેશ્ય તો બે શરીરોએ એક આત્મા બનીને જીવનની ગાડીનો ભાર બે ખભા પર વહન કરતા ચલાવવાનો છે, દુષ્પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવાનો નહીં. એ તો સિનેમા, ગંદા ચિત્રો, અશ્લીલ સાહિત્ય અને દુર્બુદ્ધિનો પ્રમાદ છે જ કે આપણે નારી પરમ પવિત્ર પ્રતિમાને આવા અશ્લીલ, ગંદાં અને નિંદિત સ્વરૂપમાં ઉતારી રાખી છે. નારીને વાસનાના ઉદ્દેશથી જોવી કે વિચારવી એ તેની મહાનતાનો એવો જ તિરસ્કાર છે જેમ કોઈ દેવમંદિરની પ્રતિમાને ચોરીને ફક્ત પથ્થરને પોતાની કોઈ જરૂરિયાતને પૂરી કરવાના ઉદ્દેશથી જોવી. આ દૃષ્ટિ જેટલી નિંદનીય અને ઘૃણાસ્પદ છે તેટલી જ હાનિકારક અને વિગ્રહ પેદા કરનારી પણ છે. આપણે એ સ્થિતિને આપણી અંદરથી અને આખા સમાજમાંથી હટાવવી પડશે તથા નારીને એ સ્વરૂપમાં ફરીથી પ્રતિષ્ઠિત કરવી પડશે જેની એક દૃષ્ટિમાત્રથી માનવપ્રાણી ધન્ય થતો રહ્યો છે.

ઉપરોક્ત લખાણમાં નારીનું જેવું ચિત્રણ નરની દૃષ્ટિએ કરવામાં આવ્યું છે, ઠીક એવું જ ચિત્રણ થોડાક શબ્દોના ફેરફાર સાથે નારીની દૃષ્ટિએ નરના સંબંધમાં કરી શકાય છે. જનનેન્દ્રિયની બનાવટમાં રાઈ-રત્તી જેટલું અંતર હોવા છતાં મનુષ્યની દૃષ્ટિએ બન્ને લગભગ સમાન ક્ષમતા, બુદ્ધિ, ભાવના અને સ્થિતિના બનેલા છે. એ ઠીક છે કે બન્નેમાં પોતપોતાની વિશેષતાઓ અને પોતપોતાની ઊણપો છે, તેમની પૂર્તિ માટે બન્ને એકબીજાની મદદ લે છે. આ આશ્રય પતિપત્નીના રૂપમાં ફક્ત કામ પ્રયોજનના રૂપમાં હોય તો એવું કોઈપણ રીતે જરૂરી નથી. નારી પ્રત્યે નર અને નર પ્રત્યે નારી પવિત્ર, પુનિત, કર્તવ્ય અને સ્નેહનો સાત્ત્વિક તથા સ્વર્ગીય સંબંધ રાખવા છતાં માતા, પુત્રી કે બહેનના રૂપમાં સખા, સહોદર, સ્વજન અને આત્મીયના રૂપમાં શ્રેષ્ઠ સંબંધ રાખી શકે છે અને એવો જ રાખવો પણ જોઈએ. પવિત્રતામાં જે અજસ્ર બળ છે તે વાસનાના નરકસમાન કાદવમાં ક્યારેય જોવા નહિ મળે. વાસના અને પ્રેમ બન્ને દૃષ્ટિકોણ એકબીજાથી એટલા જ ભિન્ન છે જેટલી કે સ્વર્ગ અને નરકમાં ભિન્નતા છે. વ્યભિચારમાં દ્વેષ, ઈર્ષ્યા, આધિપત્ય, સંકુચિતતા, કામુકતા, રૂપસૌંદર્ય, શ્રૃંગાર, કલહ, નિરાશા, પતન, હ્રાસ, નિંદા વગેરે અગણિત યંત્રણાઓ ભરેલી પડી છે, પરંતુ પ્રેમ આ બધાથી સર્વથા મુક્ત છે. પવિત્રતામાં ત્યાગ, ઉદારતા, શુભકામના, સહૃદયતા અને શાંતિ સિવાય બીજું કશું હોઈ જ ન શકે.

યુગનિર્માણ સંકલ્પમાં આત્મવત્ સર્વભૂતેષુની, પરદ્રવ્યેષુ લોષ્ઠવત, પર દારેષુ માતૃવતની પવિત્ર ભાવનાઓ ભરેલી પડી છે. આ આધાર પર જ નવયુગનું સર્જન થઈ શકે છે. એમનું અવલંબન લઈને આ દુનિયાને સ્વર્ગના રૂપમાં ફેરવી નાખવાનું સ્વપ્ન સાકાર થઈ શકે છે.

• • • • • •



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સમાજનિર્માણ

# ભારતમાં અમીરીનું પ્રદર્શન શા માટે ?

રોમના એક દાર્શનિકના મનમાં ભારતની મહાનતા જોવાની ઇચ્છા જાગી. સમય અને ધન ખર્ચ કરીને આવ્યા, ફર્યા અને રહ્યા. પાછા વળ્યા તો ઉદાસ હતા. સાથીઓએ પૂછ્યું તો ફક્ત આટલું કહ્યું -**"ભારતમાં જ્યાં મોટાભાગે ગરીબો રહે છે ત્યાં પણ અમીરો જેવા સ્વાંગ રચવામાં આવે છે."** એવું જ કથન એક જાપાની શિષ્ટમંડળનું પણ છે. એમણે ભ્રમણ કર્યા બાદ કહ્યું હતું કે અહીં અમીરીનો માહોલ છે, પરંતુ એ જ છાયામાં પછાત અને ગરીબ લોકો રહે છે.

સવાલ એ ઊભો થાય છે કે આવી વિડંબના શા માટે પેદા થઈ ? અમીરોમાં જે દુર્ગુણો જોવા મળે છે તે અહીં બધા લોકોમાં વિદ્યમાન છે, પરંતુ પ્રગતિશીલોમાં જે સદ્‌ગુણ હોવા જોઈએ તેમનો ખૂબ જ અભાવ છે. આ અભાવ રહેવાથી ગરીબાઈ જ નહીં પણ અશિક્ષા, ગંદકી, કામચોરી જેવી અનેક પછાતપણાની નિશાનીઓ કાયમ જ રહેશે. તે કોઈ બહારની સંપત્તિના બળે દૂર થઈ શકશે નહીં. જમીનની પોતાની ઊપજશક્તિ ન રહે તો બીજ વાવનાર, સિંચાઈ અને રખેવાળી કરનાર પણ ઇચ્છિત પરિણામ પ્રાપ્ત કરી શકશે નહીં.

મનુષ્યની વાસ્તવિક સંપદા તેનું અંગત વ્યક્તિત્વ છે. તે જીવંત સ્તરનું હોય તો એમાં ખેતી અને બગીચાઓની જેમ પોતાને ન્યાલ કરતી અને બીજાઓના મનમાં ઈર્ષ્યા પેદા કરતી સંપદાઓ વધુ પ્રમાણમાં ઉત્પન્ન કરી શકે છે, પરંતુ પથ્થર પર લીલોતરી કેવી રીતે ઊગે ? વ્યક્તિત્વ આપોઆપ બની જતું નથી. તે આસપાસના વાતાવરણમાંથી પોતાના માટે પ્રાણવાયુ ખેંચે છે. જ્યાં વિષાક્તતા છવાયેલી હોય ત્યાં શ્વાસ લેવાનું પણ મુશ્કેલ થઈ જશે. લાંબા સમય સુધી જીવતા રહેવાની વાત તો ત્યાં કેવી રીતે શક્ય બને ?

લાંબા સમય સુધી દુર્બળતાનો ભોગ બનનારાઓને ધીમે ધીમે ઘણા પ્રકારની બીમારીઓ ઘેરતી રહે છે અને પરેશાન કરતી રહે છે. ચેપી બીમારીઓ એકને હોય તો બીજાને લાગે છે અને સ્વસ્થ લોકોને પણ જકડી લે છે. લાંબા સમયની ગુલામી અને અનિચ્છનીય સ્તરની મૂઢમાન્યતાઓ તથા દુષ્પ્રવૃત્તિઓના સંબંધમાં પણ એ જ વાત લાગુ પડે છે. જો એ નિર્બાધ રીતે વધતી રહે તો કોઈપણ સમુદાયને ખોખલાં કર્યા વિના નથી રહેતી.

દેશની દરિદ્રતા પ્રખ્યાત છે. નિરક્ષરતા, ગંદકી અને કુટેવોની વાત પણ છુપાયેલી નથી, પરંતુ એ વાતને સમજવા માટે થોડી વધુ મહેનત કરવી પડશે કે ભારતમાં અમીરીનું પ્રદર્શન કેમ થાય છે ? અહીં અમીરો સાથે જોડાયેલા અને મુખ્ય દેખાતા કાળા પક્ષને વિશેષરૂપથી જોવા પડશે. આમ તેના અપવાદ પણ જોવા મળે છે. અમીરી હંમેશાં અનિચ્છનીયતાઓ જ પેદા નથી કરતી. સદુપયોગ કરનારાઓ તેનો પોતાનો તથા બીજાઓ માટે પણ યોગ્ય લાભ ઉઠાવે છે, પરંતુ મોટેભાગે આવું બનતું નથી.

**આપણા દેશમાં મોટાઈનો અર્થ આળસ અને અપવ્યય છે.** દુર્વ્યસનોની એક આખી બટાલિયન પણ કામે લાગી જાય છે. આપણા દેશમાં મહેનત કરવી પડે તો તેને દુર્ભાગ્યની નિશાની માનવામાં આવે છે. એવું જોવા મળે છે. રાજા, અમલદાર, જમીનદાર, અમીર-ઉમરાવ અને સંત-મહંતની કક્ષાના લોકો મહેનત કરવામાં પોતાનું અપમાન સમજે છે. તેઓ તેમની શારીરિક સેવાઓ માટે પણ આસપાસના લોકો પર આશ્રિત રહે છે. **જ્યાં પલંગ પર બેસીને રાજ કરી શકાય એવા સ્થળે દીકરીનાં લગ્ન કરવા ઇચ્છતા હોય છે. જેને** દિવસભર કામ કરવાં પડે તેને નીચલી કક્ષાના સમજવામાં આવે છે. ઇમાનદાર અને ભલા લોકોને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એટલા માટે નાના સમજવામાં આવે છે કેમ કે તેઓ દિવસભર પરિશ્રમમાં લાગ્યા રહે છે. અમીર કે ધનવાન એમને જ માનવામાં આવે છે, જેમને કશું જ ન કરવાની સુવિધા હોય. આ કામચોરી-હરામખોરીની ટેવ જ્યાં પણ જડ જમાવવા લાગશે ત્યાંથી 'નફ્ફટ બળદ'ની જેમ હટવાનું નામ નહિ લે.

**અમીરો સાથે જોડાયેલ અપવ્યય એક અસાધ્ય રોગ છે.** આ આધાર પર જ કોઈને અમીર હોવાના ભ્રમમાં નાખી શકાય છે. ફેશન, આભૂષણ, ઠાઠમાઠ, નશાખોરી જેવાં દુર્વ્યસનો તો અમીરીનાં પ્રતીક બની ગયાં છે. લગ્ન-વિવાહના પ્રસંગોએ તો આ અમીરી માથા પર ચડી બેસે છે અને જરૂરી સાધનો વેચીને પણ એમને તે ફૂંકી નાખવા માટે આકુળવ્યાકુળ કરી દે છે. વર અને કન્યાને એવી રીતે સજાવવામાં આવે છે કે જાણે તેઓ રાજકુમાર અને રાજકુમારી કરતાં જરાય ઉતરતાં ન હોય. જાન અને મિજબાનીઓ જોઈ કોઈ અનુમાન લગાવી શકતો નથી કે આ લોકો જીવનમાં રોટલીનો બંદોબસ્ત પણ મુશ્કેલીથી કરી શકતા હશે. એવું લાગે છે જાણે એમને ક્યાંકથી મફતનો ખજાનો ન મળી ગયો હોય ?

**સરેરાશ ભારતીયને દિવસ દરમિયાન થોડા કલાકનું જ કામ મળે છે.** બાકીનો સમય તેઓ જેમતેમ આવારાગર્દી, મોજમજા અને બેકારનાં કાર્યોમાં જ વિતાવતા રહે છે. જો આ સમયને કઠોર શ્રમમાં નિયોજિત કરી શકાય તો કોઈ કારણ નથી કે તેના બદલામાં એ સાધનો ન મળી શકે, જેના આધારે ખુશાલીની પરિસ્થિતિઓમાં રહી શકાય. ખેતીકામમાં વ્યસ્ત વ્યક્તિ જો ઇચ્છે તો પોતાના લગભગ અડધા સમયમાં કુટીર ઉદ્યોગો ચલાવી શકે છે અને વધારાની કમાણીની કોઈ વ્યવસ્થા કરી શકે છે.

જેમને પૈસાની જરૂર કે તંગી નથી તેઓ બચી જતા સમયને શિક્ષણમાં તથા ગંદકીના સ્થાને સ્વચ્છતા રહે એવાં કાર્યોમાં લગાવી શકે છે. પરિવાર સાથે હળીમળીને એમને સભ્ય લોકો જેવા બનાવી શકે છે સ્વાસ્થ્યનું રક્ષણ, કમાણીમાં વધારો, કળાકૌશલ્ય, શિક્ષણનો વિસ્તાર જેવાં અનેક કાર્યો છે જેમને માટે જો ઉત્સાહ પેદા થાય તો કોઈ કારણ નથી કે આજ કરતાં આવતીકાલ વધુ સમૃદ્ધ, શિક્ષિત, સભ્ય અને પ્રતિભાશાળી ન બનાવી શકાય.

ખોટા ખર્ચાઓ રોકવાથી તળિયામાં છિદ્ર હોય એવા ઘડાનું છિદ્ર બંધ કરી દેવાની જેમ પાણી ભરેલું રહી શકે છે અને તરસ્યા રહેવાની ફરિયાદથી બચી શકાય છે, પરંતુ **એ દુર્ભાગ્યને શું કહેવામાં આવે જે સમય સાથે શ્રમને જોડાવા દેતું જ નથી ? અમીરીના પ્રદર્શનના ભૂતનો ઉન્માદ માથા પરથી ઉતરવા જ દેતું નથી. ?** આ બેહોશી રહેવાથી આગળ વધવા અને ઉપલબ્ધ ક્ષમતાઓના સદ્દુપયોગનો ઉત્સાહ વિકસી જ શકતો નથી. આ માનસિકતા રહેવાથી દરિદ્રતા કે નિરક્ષરતા પીછો છોડવાની નથી. પ્રગતિના બીજા પણ ઘણા આધારો છે, પરંતુ તે કેવી રીતે પ્રાપ્ત થાય ? જ્યારે પછાતપણું આપણા ગુણ, કર્મ અને સ્વભાવનું અભિન્ન અંગ બની ગયું હોય ?

સારું થાત કે આપણને આવા પ્રગતિશીલ ઉત્સાહવર્ધક વાતાવરણમાં રહેવાનો અવસર મળ્યો હોત અથવા જ્યાં એવી પ્રેરણાઓ વિદ્યમાન છે તેમની સાથે ઘનિષ્ઠતાનો સંબંધ સ્થાપિત કરવામાં આવ્યો હોત. આસપાસ એવો ઉત્સાહ ઉભરાતો દેખાતો નથી તો કોઈ બીજા ઠેકાણે અથવા ભૂતકાળમાં થઈ ગયેલા પુરુષાર્થો જાણવાનો કે પ્રભાવિત થવાનો પ્રયત્ન કરી જ શકાય છે. જે અત્યારે પણ પ્રગતિશીલોની યશગાથાના રૂપમાં ક્યાંકને ક્યાંક તો વિદ્યમાન છે જ. એવા દાખલાઓ ઇતિહાસનાં પૃષ્ઠો પર ઓછા પ્રમાણમાં નથી.

જેને વિપત્તિઓમાંથી બહાર આવી પ્રગતિશીલ સંપન્નતાની દિશામાં આગળ વધવું છે તેણે એ ટેવાયેલી માનસિકતાને દૂર કરવી પડશે જે આપણને અમીરીનો સ્વાંગ રચાવી હકીકતમાં ગઈગુજરી પરિસ્થિતિઓમાં રહેવા માટે વિવશ કરે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આસ્તિકતા સંવર્ધન

# મેરા અપના કુછ નહીં, જો કુછ હૈ સો તોર

**દેહાભિમાન :**

એક માણસ અરીસાની સામે બેઠો પોતાની મુખાકૃતિ પર પ્રસન્ન થઈ રહ્યો હતો. કેવું ઉજ્જ્વળ રૂપ છે મારું, કેવી સુંદર આંખો છે, કેવા સરસ વાંકડિયા વાળ, મનમોહક નાક અને સુઘડ શરીર જોઈ-જોઈને એ ખૂબ જ ખુશ થઈ રહ્યો હતો. રસ્તા પરથી પસાર થતા દરેક પર તે નજર દોડાવતો, પરંતુ પોતાની તુલનામાં બધા ઓછા સુંદર દેખાતા હતા. એને પોતાના સ્વાસ્થ્ય પર અને રૂપ પર ખૂબ જ ગર્વ થયો. બધે અભિમાનથી ફરી આવ્યો પણ બધાના ચહેરા બદસૂરત અને કુરૂપ દેખાયા. તેના જેવી સુંદરતા ધરાવતો એક પણ માણસ તેને ન મળ્યો.

અહંકારમાં ડૂબેલા એ મનુષ્યની એક દિવસે એક સંન્યાસી સાથે મુલાકાત થઈ. સંત તેનું ઘમંડ ઓળખી ગયા. બોલ્યા - "સાચે જ તમે ખૂબ સુંદર છો, પરંતુ શું તમે તમારું સ્વરૂપ મને બતાવી શકશો ?" એ માણસ ખૂબ ચકિત થયો. હાથ બતાવ્યા, પગ બતાવ્યા, મોઢું, નાક, કાન, દાંત, પેટ, ગરદન બધું જ બતાવ્યું પણ 'હું કોણ છું' તે બતાવી ન શક્યો.

એણે વિચાર્યું, શક્ય છે હું શરીરની અંદર ઘૂસી ગયેલો હોઉં. ખૂબ વિચાર કર્યો પણ તેને ત્યાં પણ રસ, લોહી, માંસ, મજ્જા, તંતુઓ, હાડકાં, વીર્ય સિવાય કશું મળ્યું નહીં એનું બધું અભિમાન ઓસરી ગયું. એણે સમજી લીધું કે આ શરીર તેનું નથી, એ તો સંયોગ માત્ર હતો. પ્રકૃતિના હાથનું ફક્ત રમકડું હતો, જેને આજ નહિ તો કાલે, કાલ નહિ તો પરમદિવસે તૂટવું જ પડશે. ન તેનું શરીર હતું કે ન તેનું રૂપ. તે ફક્ત અસ્થિપિંજર હતું, માંસનો પિંડ હતો. એ આજે બન્યો અને કાલે બગડી ગયો. જ્યારથી તેની સમજમાં આ વાત આવી ગઈ ત્યારથી તેનું દેહાભિમાન છૂટી ગયું. હવે તેને બધાં પ્રાણીઓ એકસરખાં દેખાય છે. બધામાં તે પરમાત્મા સમાયેલો જુએ છે. હવે તેનો અહંકાર મટી ગયો છે, કેમ કે એ જાણી ગયો છે કે હું કશું જ નથી, આ બધું બ્રહ્મ જ છે જે અનેક રૂપોમાં પ્રગટ થઈ રહ્યું છે, મારે તેની જ ઉપાસના કરવી જોઈએ.

**ભવનનું અભિમાન :**

બીજો એક માણસ છે. એ કહે છે - મારું ઘર ખૂબ આલીશાન છે. લાખો રૂપિયા ખર્ચીને મેં બનાવ્યું છે. એમાં મારો સામાન, કપડાં, ફર્નિચર, વાસણો વગેરે બધો જ સામાન રાખેલો છે. હું મારા ભાઈને એનો ભાગ આપીશ નહીં, કેમ કે આ ઘર મારું છે. હું દર વર્ષે એનું રંગરોગાન, સફાઈ કરું છું, કરાવું છું, તૂટફૂટ થયેલ જગ્યાનું સમારકામ કરાવું છું, વરસોથી તેનું રક્ષણ કરું છું. આ ઘરમાં હું કોઈને વસવા નહીં દઉં, આ મને ખૂબ જ વહાલું છે, આના ઉપર બીજા કોઈનો હક નથી. એક દિવસ રાત્રે એ પોતાના ધાબા પર ઊભો રહી બહારની દુનિયા જોઈ રહ્યો હતો. પાસે જ એક ખંડેર હતું. એમાંથી ધીમેથી અવાજ આવી રહ્યો હતો. સ્વર ખૂબ મીઠો લાગ્યો, એ માણસ ધ્યાનથી ખંડેરની વાત સાંભળવા લાગ્યો.

ખંડેર કહી રહ્યું હતું - મને જો, હું પણ એક વખત તારા મહેલની જેમ જ ઊંચો હતો, મારા શણગારથી લોકોની આંખો પહોળી થઈ જતી હતી, મારા આંગણામાં ખૂબ અવરજવર રહેતી હતી. મેં ઘણાં હાસ્યવિનોદ જોયાં છે, પરંતુ જ્યારથી મારો સ્વામી મરી ગયો ત્યારથી કોઈએ મારા તરફ ધ્યાન ન આપ્યું. ઉપેક્ષાએ મને આ સ્થિતિમાં પહોંચાડી દીધું છે. મૃત્યુનું નામ સાંભળતાં જ માણસનો આત્મા કંપી ગયો. એ વિચારવા લાગ્યો - અત્યાર સુધી આ ઘરને કેટલાય લોકો પોતાનું કહી ચૂક્યા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હશે. જે પાયા પર આ ઊભું છે તેના પર કેટલાંય મકાન થઈ ગયાં હશે. આગળ ન જાણે કોણ આમાં રહે કે આ પણ ખંડેર બની જાય ? તે દિવસથી એણે મકાનનો અહંકાર છોડી દીધો. પોતાના ઘરના લોકોને પણ ભાગ આપી દીધો. હવે એણે સમજી લીધું છે કે આ મકાન થોડા દિવસ વિશ્રામ કરવા માટે મળ્યું છે, આગળની યાત્રામાં કોણ જાણે કયું મકાન મળે, ક્યાં રહેવું પડે ?

**મોટા પરિવારનું અભિમાન :**

એક માણસનું કુટુંબ ખૂબ વિશાળ હતું, કેટલાય ભાઈ, કેટલાય દીકરા, કેટલાય પૌત્રો એ બધામાં પ્રેમભાવ હતો. બધા મળીને રહેતા હતા. એ માણસને તેના પરિવારનું ખૂબ ઘમંડ હતું. અવારનવાર તે આ બાબતની ચર્ચા પણ કરતો રહેતો હતો. ઘરના લોકોના પીઠબળથી એણે જે ઇચ્છ્યું તે કરાવ્યું. કોઈની સંપત્તિ છીનવી લીધી, કોઈને માર માર્યો તો કોઈની પાસેથી વેઠ કરાવી. બધા તેનાથી ડરતા હતા. તેનો સામનો કરવાની કોઈનામાં શક્તિ પણ નહોતી. આખરે કોણ તેનો સામનો કરવાનું હતું ? એ માણસની તાકાત સામે કોઈનું કશું જ ચાલતું નહોતું.

એક રાત્રે ખબર ફેલાઈ કે ઉંદરો મરી રહ્યા છે, પ્લેગ આવી ગયો છે. બધા લોકો ગામ છોડીને જંગલમાં ઝૂંપડાં બનાવીને રહેવા લાગ્યા, પરંતુ એ માણસ જે કોઈનાથી દબાઈને રહ્યો નથી તે આ પ્લેગથી શા માટે ગભરાય ? એવી અકડાઈમાં ને અકડાઈમાં તે ત્યાં જ પડી રહ્યો, ત્યાંથી ન હટ્યો. પ્લેગની પ્રતીક્ષામાં અને તેની સાથે લડવાની તૈયારીમાં કેટલીય રાતો અને ઘણા દિવસો નીકળી ગયા. એક દિવસ અચાનક એના ઘરમાં પ્લેગ ઘૂસી ગયો. એક એક કરીને કુટુંબના બધા સભ્યો મરવા લાગ્યા. ચાર દિવસમાં મકાન આપોઆપ ખાલી થઈ ગયું. બધા મરી ગયા. ન ભાઈ રહ્યા કે ન દીકરા. કાળની આંધીએ બધી લાશોને ઉડાવી દીધી. જે માણસને પોતાના પરિવાર પર ખૂબ ગર્વ હતો તેના ઘરમાં દીપક પ્રગટાવનાર પણ શેષ ન રહ્યો.

એ માણસ અંધારામાં બેસીને રડી રહ્યો હતો. આજે એનું બધું અભિમાન એની આંખો સામે હતું. પોતાની ભૂલ પર પસ્તાતો હતો અને આંસુ વહાવતો હતો. ઘણા દિવસો બાદ એ સમજી શક્યો કે મનુષ્યના વશમાં કશું જ નથી, એ તો બધો ઈશ્વરનો ખેલ હતો.

**ખેતીનું અભિમાન :**

એક ખેડૂત પાસે ઘણી સારી જમીન હતી. સિંચાઈનાં બધાં સાધનો હતાં. સ્વસ્થ બળદ અને સ્વસ્થ બાળકો. ખેતી ઘણી સારી થતી હતી. ગામનો કોઈ પણ ખેડૂત તેના કરતાં સારું ઉત્પાદન મેળવી શકતો ન હતો. એ ખેતીમાં એણે ખૂબ જ કઠિન પરિશ્રમ કર્યો હતો. સરસ સુરક્ષા કરી હતી ત્યારે તે આટલી ઉપજાઉ બની હતી.

એકવાર એનું ઉત્પાદન દર વર્ષ કરતાં સારું થયું. ઊંચા ઊંચા છોડ અને મોટી મોટી ડાળખીઓ. અનાજના ભારથી ડાળખીઓ ઝૂકી રહી હતી. ખેડૂત તે જોઈ-જોઈને અભિમાનથી ફૂલાતો જતો હતો. એ જાતજાતની યોજનાઓ ઘડી રહ્યો હતો. અભિમાન પણ શું કામ ન કરે, એ મોટો ખેડૂત હતો.

એક દિવસ કસમયનો પવન ફૂંકાવા લાગ્યો, વાદળાં ઘેરાવા લાગ્યાં. જોતજોતામાં આકાશ કાળું થઈ ગયું. વીજળી ચમકવા લાગી અને વરસાદ શરૂ થઈ ગયો. મોટા મોટા કરા પડ્યા. આખો પાક પળવારમાં બરબાદ થઈ ગયો. કેટલોક તૂટી ગયો અને કેટલોક પાણી સાથે વહી ગયો. જે પાક બચ્યો તે સડી ગયો. ખેડૂતનું ભાગ્ય ફૂટી ગયું. હવે વાદળાં જતાં રહ્યાં. ખેડૂત તેના ખેતર પાસે ઊભો દુર્ભાગ્યને દોષ આપી રહ્યો હતો. ઉપર દૂર સુધી આકાશ ફેલાયેલું હતું, જાણે એ ખેડૂતને સંકેત કરી રહ્યું હતું, અરે ખેડૂત ! આ ધરતી અને આ જમીન બધું અમારું છે. તું તો એમનો માત્ર ભાડુઆત છે. આ ખેતર તને જીવનનિર્વાહ માટે મળ્યું હતું. એમાં તારો હક કયો ? અત્યાર સુધી કોઈ બીજાની પાસે હતું, હવે પછી કોઈ બીજાની પાસે હશે. આ ક્રમ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આ જ રીતે ચાલતો રહેશે, પરંતુ આ ખેતર તો હે ખેડૂત ! તારું નહીં પણ મારું જ રહેશે.

**વિદ્યાનું અભિમાન :**

એક મનુષ્યે વિદ્યાભ્યાસમાં નિપુણતા મેળવી હતી. કેટલીય ભાષાઓ અને વિદ્યાઓનો તે જ્ઞાતા હતો. જ્યારે કોઈ લખવા-વાંચવાનું કામ આવતું તો મહોલ્લાના લોકો તેની પાસે મદદ માટે પહોંચી જતા. વધુ લોકો આવતા હોવાથી એ વ્યક્તિને પોતાની વિદ્યાનું અભિમાન થઈ ગયું. એણે સમજી લીધું કે સંસારમાં મારાથી વધુ કોઈ વિદ્વાન નથી. હું સંપૂર્ણ સંસારનું જ્ઞાન ધરાવું છું. જે કંઈ પૂછવામાં આવે તે બધું કહી શકું છું.

ઘરમાં એક છોકરી ખૂબ વાચાળ હતી. એક દિવસ તે એક કીડો હાથમાં પકડી પિતા પાસે ગઈ અને તેનું નામ પૂછવા લાગી. પંડિતે બધાં પુસ્તકો ફેરવી જોયાં, જંતુશાસ્ત્રનાં પાનાં કેટલીય વાર પલટાવી નાખ્યાં, પરંતુ એ આકૃતિનો કોઈ કીડો ન તેની સમજમાં આવ્યો કે ન તેનું નામ. છોકરી બોલી પિતાજી ! આપ તો બધું જ જાણો છો તો પછી આ કીડાનું નામ કેમ બતાવતા નથી ? એ માણસ બોલ્યો બેટા ! એ જ મારી ભૂલ હતી કે મેં પોતાને સર્વોપરી જ્ઞાની સમજી લીધો. સત્ય તો એ છે કે સંસારમાં ફેલાયેલા વિસ્તૃત જ્ઞાનના એક અંશને પણ હું નથી જાણતો.

**અહંકાર એટલે કે મૂઢતા :**

સંસારના બધા લોકો આ પ્રકારના અહંકારથી ગ્રસ્ત છે. કોઈને પોતાના રૂપ અને સૌંદર્યનું અભિમાન છે તો કોઈને તેની સંપત્તિનું. જેઓ આ વસ્તુઓનું, સાધનોનું અને સુંદરતાનું અભિમાન કરે છે તેઓ મૂઢ છે અને મુશ્કેલીઓમાં ફસાયેલા રહે છે, પરંતુ જ્ઞાની વ્યક્તિ સંપૂર્ણ સંસારને દિવ્ય પરમાત્માથી ઓતપ્રોત જુએ છે. કોઈ વસ્તુનો મોહ કરતી નથી. ઈશ્વરની ઈચ્છા સમજી તે પોતાનાં કર્તવ્યોનું પાલન કરે છે.

● ● ●

***જ્ઞાનદાનથી વધારે બીજું કોઈ દાન નથી. જેને એ પ્રાપ્ત થાય છે તેનું જીવન કૃતાર્થ થઈ જાય છે. જ્ઞાન આપીને કોઈનો જેટલો ઉપકાર કરી શકાય છે, તેટલો ધન કે સગવડો આપીને કરી શકાતો નથી. કોઈ પાસેથી ધનની સહાયતા મેળવીને કોઈ મનુષ્ય પોતાનો વિકાસ કરી શકે છે કે ધંધો-રોજગાર વધારી શકે છે તે માની શકાય. તેમ છતાં જ્ઞાનના અભાવમાં ધન તેને માનવજીવનમાં અપેક્ષિત એવું સુખ નથી આપી શકતું. એ સુખ, એ શાશ્વત સુખ તો ફક્ત જ્ઞાનથી જ પ્રાપ્ત થઈ શકે છે, જેને પ્રાપ્ત કરી આત્મા સંતુષ્ટ થઈ જાય છે. ધનની સહાયતા કરતાં જ્ઞાનની સહાયતા વધુ શ્રેષ્ઠ છે. સંસારમાં જ્ઞાનોપકારથી વધારે બીજો કોઈ પરોપકાર છે જ નહિ.***

● ● ●

***એની જ પ્રાર્થના સાર્થક છે, જે આત્માને પરમાત્મામાં વિલીન કરી દેવા માટે વ્યાકુળ થઈ ગયો હોય, જે પોતાને પરમાત્મા જેવો મહાન બનાવવા માટે તડપતો હોય, જે જીવનના કણકણમાં પ્રભુને ભેળવવા માટે બેચેન હોય. જે એનો થઈને જ જીવવા ઈચ્છે છે એને જ ભક્ત કહેવો જોઈએ. બીજા તો વિદૂષક છે. ભક્તિમાં આત્મસમર્પણ સિવાય બીજું કશું જ હોતું નથી. ત્યાં આપવાની જ વાત સૂઝે છે, લેવાની ઈચ્છા જ ક્યાં રહે છે !***


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગીતા પ્રવચન

# શત્રુઓના નાશનું આહ્વાન

મહાભારતની બન્ને સેનાઓ વચ્ચે અર્જુનનો રથ ઊભો છે. ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને સમજાવી રહ્યા છે અને કહી રહ્યા છે કે ભગવાન ફક્ત એમનાથી જ પ્રસન્ન થાય છે જેઓ એમના દ્વારા નક્કી કરેલા આદર્શોનું પાલન કરે છે. જેઓ પૂજા-પાઠ કરે, મંજીરા વગાડે અને ભગવાનને ચોખા, ધૂપ ચઢાવે છે તેમનાથી પ્રસન્ન થતા નથી. જો આપણે જીવીએ તે પણ મહાપુરુષ જેવું જીવીએ અને મરીએ તો પણ મહાપુરુષ જેવા મરીએ. ભગવાને જીવનમાં એક મહાભારત ઊભું કરી દીધું છે કે લડો, પાપ સાથે લડો, અનીતિ સાથે લડો અને પોતાનું કર્તવ્ય પૂરું કરો. આજકાલ પોતાનાં કર્તવ્યો છોડી સાધુ બનીને ગુફાઓમાં છુપાઈને રહેનારા હજારો લોકો છે. જ્યારે પાપ અને અનીતિ સાથે લડવાનો સમય આવે ત્યારે ભાગી જતા હોય છે. અર્જુન ભગવાનનો સૌથી પ્રિય સખા છે. તેથી એમને કહે છે કે ચાલ લડ, સંઘર્ષ કર. જેઓ પાપ સાથે લડે છે તેઓ મહાપુરુષ બની જાય છે. જેઓ પાપ અને અનીતિ સાથે લડતા નથી તેઓ કાયર હોય છે. ભગવાન શ્રીકૃષ્ણ ઇચ્છતા નહોતા કે તેમનો સખા કાયર બને. તે બાળકો અને પત્નીને છોડી ભાગી જાય.

ફોજમાંથી ભાગી ગયેલા સૈનિકને કઠોર દંડ આપવામાં આવે છે. ભાગી જવાથી કામ ચાલતું નથી. મોરચા પર લડવું પડે છે. ભગવાન કહે છે - અર્જુન ! ભાગીશ નહીં, મોરચા પર લડ. અર્જુન કહે છે - કોની સાથે લડું ? આ તો બધા મારા કાકા, દાદા, મામા, ભાઈ અને ગુરુ છે, એમણે મને ખોળામાં રમાડ્યો છે. મારી સામે શત્રુઓને લાવો, એમની સાથે લડીશ, એમને મારીશ. ભગવાને કહ્યું - આ તો અલંકાર છે. હું તને જેમની સાથે લડવા કહું છું તે શત્રુઓ તો બીજા છે. તારા પોતાના મનોવિકાર જે પ્રગતિમાં બાધક બની રહ્યા છે એ જ તારા શત્રુઓ છે. એમની સાથે લડ ત્યારે જ આગળ વધીશ. અર્જુન આ શત્રુઓને ગળે ન લગાડીશ. લોભ, મોહ, કામ અને ક્રોધ અસલી દુશ્મન તો આ જ છે જે આપણને નરકમાં લઈ જાય છે. એમનો ત્યાગ કરી દેવો જોઈએ. કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે બુદ્ધિ અને વિવેકનો નાશ કરી દે છે.

એકવાર ચંદ્ર અને ઇન્દ્રે મળીને અહલ્યાનું સતીત્વ બગાડવાનું વિચાર્યું. ચંદ્રમાએ કૂકડાનું રૂપ ધારણ કરી બાંગ લગાવી અને ગૌતમ ઋષિ સવાર થઈ સમજી ઊઠી ગયા. એ વખતે અડધી રાતનો સમય હતો. મહર્ષિ ઊઠીને નદી તટે જવા નીકળ્યા. એમણે સ્નાન-ધ્યાન કરી લીધું અને પાછા વળ્યા ત્યારે ખબર પડી કે આ તો એમને ઘરથી દૂર કરવાની ચાલ હતી, જેથી ચંદ્રમા અને ઇન્દ્ર તેમની પત્ની સાથે કુકર્મ કરી શકે. ગૌતમ ઋષિ એ જ સમયે ત્યાં પહોંચી ગયા. ગૌતમ ઋષિએ ક્રોધમાં આવી ત્રણેયને શ્રાપ આપી દીધો. અહલ્યા પથ્થર બની ગઈ. ચંદ્રમાના માથા પર આજે પણ કલંકનું તિલક છે. ઇન્દ્ર જે સૌનો રાજા હતો, ઉપહાસનો વિષય બની ગયો. કામુકતાથી મનુષ્ય પોતાનું બધું ખોઈ બેસે છે. ક્રોધથી કેવા પ્રકારનું નુકસાન થઈ જાય છે. ગૌતમ ઋષિએ ક્રોધમાં આવી નિર્દોષ અહલ્યાને પણ શ્રાપ આપી દીધો હતો. ગીતા આપણને ક્રોધ અને કામ સાથે લડવાનું શીખવાડે છે. એ આપણાં દુશ્મન છે. એમની સાથે લડવું જોઈએ, એમની સાથે સંઘર્ષ કરવો જોઈએ.

ભસ્માસુરે એટલી તપસ્યા કરી હતી કે તેની તપસ્યાથી પ્રસન્ન થઈને ભગવાન શંકર પ્રસન્ન થયા અને વરદાન માગવા માટે કહ્યું. એણે વરદાન માગ્યું કે હું જેના માથે હાથ મૂકું તે બળીને ભસ્મ થઈ જાય. ભગવાન


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શંકરે કહ્યું, “તથાસ્તુ.” એણે પાર્વતીને જોઈ અને વિચાર આવ્યો કે આ કેટલી સુંદર છે. બીજા કોઈએ જોયું હોત તો એ જ કહ્યું હોત કે પાર્વતી માતા કેટલાં સુંદર છે અને કોઈના મનમાં પાર્વતીને જોઈ માતાનો વિચાર આવત, પરંતુ ભસ્માસુરને ખરાબ વિચારો આવ્યા. ભસ્માસુરે વિચાર્યું કે શંકરજીના માથે હાથ મૂકી દઉં અને પાર્વતીને પોતાની પત્ની બનાવી લઉં. ભસ્માસુરે જેવો શંકર ભગવાનના માથા તરફ હાથ આગળ કર્યો કે શંકર ભગવાન ભાગીને વિષ્ણુલોક પહોંચી ગયા, કહેવા લાગ્યા - ભગવાન ! મને બચાવો. વિષ્ણુ ભગવાને શંકરજીને કહ્યું - સમજ્યા-વિચાર્યા વિના કોઈને વરદાન ન આપવું જોઈએ. વિષ્ણુ ભગવાને મોહિની (પાર્વતી)નું રૂપ ધારણ કર્યું અને ભસ્માસુરને કહ્યું - હું તમારી સાથે લગ્ન કરીશ, પરંતુ તમારે મારી સાથે નાચવું પડશે. ભસ્માસુર રાજી થઈ ગયો. બન્ને નાચવા લાગ્યા. મોહિની જેવું કરતી તેવું જ ભસ્માસુર કરવા લાગ્યો. મોહિનીએ પોતાના માથા પર હાથ મૂક્યો તો ભસ્માસુરે પણ પોતાના માથે હાથ મૂકી દીધો, પરિણામ એ આવ્યું કે ભસ્માસુર ભસ્મ થઈ ગયો. એવા જ હાલ વાસનાગ્રસ્ત લોકોના થાય છે. વાસના સાથે સંઘર્ષ કરો. આ બૂરાઈઓ સાથે લડો એ જ ગીતા કહે છે. કૂતરું હાડકું ચાવે છે, ત્યારે તેના જ મોઢામાંથી લોહી નીકળે છે, એનો જ સ્વાદ લે છે અને કમજોર થતો જાય છે. એવી જ રીતે વાસનાનો રાક્ષસ જેના પર સવાર થાય છે તે ઘણું નુકસાન ભોગવે છે.

બમ બમ કરીને લોકો ગાંજો પીને નાચે છે. પોતાના પૈસા અને સ્વાસ્થ્ય બન્ને બરબાદ કરે છે. પાપનો હાથ, વાસનાનો હાથ, મોહનો હાથ પોતાના જ માથા પર મૂકીને પોતાનું સ્વાસ્થ્ય ખરાબ કરે છે. આ કામ અને મોહ આપણી પ્રતિભાને આપણાં સ્વાસ્થ્યને ખાઈ જાય છે. હવે અઢાર વર્ષના કિશોરોને વૃદ્ધત્વ આવે છે. કમરમાં દુઃખાવો થવા લાગે છે. તેઓ ભસ્માસુર બની ગયા છે.

શુંભ અને નિશુંભ નામના બે રાક્ષસ હતા. બન્ને જણાએ ભગવાન પાસેથી વરદાન માગ્યાં કે અમને સંસારમાં કોઈ મારી ન શકે. જો અમને કોઈ મારે તો ફક્ત અમે ભાઈઓ એકબીજાને મારી શકીએ. બન્ને ભાઈઓમાં ખૂબ જ પ્રેમ હતો. એકબીજાના દુશ્મન બની શકે એ શક્ય જ નહોતું. બન્નેનો આતંક વધવા લાગ્યો. ત્યારે શું થયું ? એક સુંદરી આવી અને નિશુંભને કહેવા લાગી - આ શુંભ મારી સાથે લગ્ન કરવા ઇચ્છે છે. આ વાત પર બન્ને ભાઈઓમાં લડાઈ થઈ અને બન્ને એકમેક સાથે લડીને મરી ગયા. કામુકતા માણસને વિષની જેમ નષ્ટ કરી દે છે. એનાથી બચવું જોઈએ.

રાજા નહુષે એક યજ્ઞ કર્યો, તેના પુણ્યફળના બદલામાં એમને ઇન્દ્રાસન મળ્યું. એમને વિચાર આવ્યો કે ઇન્દ્રની સ્ત્રી મારી સ્ત્રી બને. એમણે ઇન્દ્રાણી પાસે સંદેશો મોકલ્યો. ઇન્દ્રાણી દુઃખી થઈ, એણે એક યુક્તિ કરી. નહુષને સંદેશો મોકલ્યો કે ઋષિઓ પાસેથી પાલખી ઊંચકાવડાવીને એ પાલખીમાં બેસી મારી પાસે આવો તો પ્રસ્તાવ સ્વીકારી લઈશ. રાજા નહુષે ઋષિઓ પાસે પાલખી ઊંચકાવડાવી. પાલખીમાં બેઠેલા નહુષે એ વૃદ્ધ ઋષિઓને જલદી ચાલવા માટે કહ્યું. તપસ્યાથી ક્ષીણ થયેલા ઋષિઓ ધીરે ધીરે ચાલી રહ્યા હતા. ઇચ્છતા હોવા છતાં પણ તેઓ ઝડપથી ચાલી ન શક્યા તો નહુષે એમને લાત મારી અને કહ્યું - ઝડપથી ચાલો મૂર્ખાઓ. આ વાત પર ગુસ્સે થઈ ઋષિઓએ પાલખી પટકી દીધી અને શ્રાપ આપી દીધો, “દુષ્ટ જા તું સ્વર્ગથી પતિત થઈને પૃથ્વી પર પડી જા.” એ રાક્ષસી વૃત્તિની કામુકતા જ હતી, જેને લીધે નહુષનું પતન થયું. આજકાલ ટી.વી., સિનેમા, ગંદી નવલકથાઓ વગેરેના માધ્યમથી છોકરાઓ ગંદા કિસ્સાઓ સાંભળે છે અને વાંચે છે. એનાથી સમાજમાં બૂરાઈઓ વધે છે. ગીતા એમનાથી બચવાની પ્રેરણા આપે છે.

રાજા વિરાટના સાળા કીચકની કુદૃષ્ટિ દ્રૌપદી પર પડી. તો ભીમે તેનો વધ કરી નાખ્યો. કામુકતાના કારણે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જ એણે પોતાના પ્રાણ ગુમાવવા પડ્યા. આપણે પણ કીચકની જેમ આપણા પ્રાણ ગુમાવી રહ્યા છીએ.

દમયંતી જંગલમાં રસ્તો ભૂલી ગઈ. જંગલમાં એક શિકારીને રસ્તો પૂછી રહી હતી, શિકારીની કુદૃષ્ટિ દમયતી પર પડી. શિકારીએ દમયંતીના સતીત્વને નષ્ટ કરવાની કોશિષ કરી. દમયંતીના ક્રોધથી એ શિકારી બળીને ભસ્મ થઈ ગયો. આ કામ તો માણસનો શત્રુ છે. ક્રોધ મનુષ્યને ક્યાંથી ક્યા લઈ જાય છે.

બે સતની કહાની છે. એકવાર ક્રોધમાં આવી એકબીજાને શ્રાપ આપી દીધો. એકે કહ્યું - તું રાક્ષસ થઈ જા. બીજાએ પણ કહ્યું કે તું પણ રાક્ષસ થઈ જા. બન્ને રાક્ષસ થઈ ગયા અને એકબીજાને મારી નાખ્યા. આજે કેટલાય લોકો ક્રોધમાં પોતાનો અને બીજાઓના જાન ગુમાવતા હોય છે.

એક જંગલમાં વાઘ રહેતો હતો. ભોજનના રૂપમાં રોજ તેની પાસે એક પ્રાણીને આવવું પડતું હતું. એક દિવસ સસલાનો વારો હતો, એ મોડો પહોંચ્યો. વાઘ ખૂબ નારાજ થયો અને કહ્યું, તને ખબર નહોતી. આટલી વાર કેમ થઈ ગઈ ? સસલું બોલ્યું - મને તમારા ભોજનની ખબર હતી, પરંતુ રસ્તામાં મને એક બીજો વાઘ મળ્યો, એણે મને રોકી લીધું હતું. તેથી મને મોડું થઈ ગયું. વાઘને ક્રોધ આવી ગયો. એણે કહ્યું - ચાલ મને બતાવ, એ વાઘ ક્યાં છે ? સસલો વાઘને એક કૂવા પાસે લઈ ગયો અને ઈશારો કરતાં કહેવા લાગ્યો કે આની અંદર વાઘ બેઠો છે. વાઘે કૂવામાં જોયું તો પાણીમાં વાઘ જેવું મોઢું દેખાયું. ગુસ્સામાં આવી તેણે કૂવામા ઝંપલાવ્યું અને પ્રાણ ગુમાવ્યા. આ રીતે ક્રોધી માણસ પોતે જ પોતાનો નાશ કરાવે છે.

દ્રૌપદીએ દુર્યોધનને એક જ વાત કહી હતી, 'આંધળાના આંધળાં જ પેદા થાય છે.' દુર્યોધનને ક્રોધ આવ્યો, એ કારણથી જ મહાભારત થઈ ગયું. કેટલો વિનાશ થયો. આપણે ક્રોધ ન કરવો જોઈએ. એ આપણો શત્રુ છે. ક્રોધ આપણો દુશ્મન છે, તેની સાથે લડવાનું ગીતા આપણને શિક્ષણ આપે છે.

રાવણ પાસે કેટલું વિશાળ રાજ્ય હતું. ધન, દોલત અને ઐશ્વર્યની કમી નહોતી. કંસ અને દુર્યોધન પાસે કેટલો ઠાઠમાઠ અને રાજ્ય હતું, પરંતુ એમને લોભને કારણે શાંતિ ન મળી અને વધુ ધન, દોલત અને ઐશ્વર્ય વગેરેની ઈચ્છા હતી. આ લોભ એવું પાપ છે, અને તે જેના ઉપર સવાર થાય છે તેને ભ્રમમાં નાખી દે છે. લોભ જે કહે તે જ કરવા લાગે છે. અંતે આ લોભ વિનાશ જ કરાવે છે. લોભ પણ પાપ જ છે. એની સાથે લડવું જોઈએ. કૌરવો અને પાંડવો પર પણ જુગારના રૂપમાં લોભ સવાર થયો હતો અને તેણે બન્નેને નુકસાન પહોંચાડ્યું. સટ્ટો, જુગાર વગેરે બધું જ નાશ કરી નાખે છે, આપણે એમનાથી બચવું જોઈએ.

ત્રણ ચોર હતા, તેઓ ચોરીનો માલ લઈ આવ્યા. ત્રણેયને તે વહેંચવાનું હતું, પરંતુ એક ચોરના મનમાં થયું કે પહેલા જમી લઈએ, પછી વહેંચીશું. એક ચોર જમવાનું લાવવા માટે ગયો, એણે વિચાર કર્યો કે ખાવામા ઝેર ભેળવી દઉં તો બન્ને મરી જશે અને બધો માલ મને મળી જશે. એ ખાવાની સામગ્રીમા ઝેર ભેળવીને લઈ આવ્યો, બીજાએ પણ એ જ વિચારથી દારૂમાં ઝેર ભેળવ્યું અને જે ત્રીજો બેઠો હતો તેની પાસે એક તલવાર હતી, એણે તલવારથી બન્નેને મારી નાખવાની યોજના બનાવી. ત્રીજાએ બન્ને મિત્રોને તલવારથી મારી નાખ્યા અને પછી બેફિકર થઈને જમવા લાગ્યો. ખાવામાં ઝેર ભેળવેલું હતું. તે ખાઈને પોતે પણ મરી ગયો. ધન ત્યાં જ પડ્યું રહ્યું. લોભી માણસોના આવા જ હાલ થાય છે.

એક રાજાએ મહાત્માને કહ્યું - મને એક એવું સંતાન જોઈએ તે જે કઈ ખાય તેનુ મળમૂત્ર સોનાનું બની જાય. મહાત્માનો આશીર્વાદ ફલિત થયો. જ્યારે ચોરોને આ વાતની ખબર પડી તો ચોર એ બાળકને ઉઠાવીને લઈ ગયા. આપ વિચારી શકો છો કે એ બાળકની શું દશા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

થઈ હશે. એક રાજાએ ભગવાન પાસે વરદાન માગ્યું કે જેને સ્પર્શ કરું તે સોનું બની જાય. ભગવાને વરદાન આપી દીધું. એણે પોતાના બાળકને ખોળામાં લીધું, બાળક પણ સોનાનું બની ગયું. પાણી પીવા લાગ્યો તો પાણી પણ સોનું બની ગયું. રાજાને ભૂખે મરવું પડ્યું. લોભના વિષયમાં આથી વધારે શું કહીએ ?

એક ઝાડ પર એક યક્ષ રહેતો હતો. એ કહેતો હતો કે મારી પાસે સાત ઘડા છે, લઈ જાવ. જે પણ એ સાત ઘડા લઈ જતો તે જોતો કે છ ઘડા તો ભરેલા છે અને એક ઘડો થોડો ખાલી છે. જે લઈ જતો તેની એ જ ઇચ્છા રહેતી કે એ અધૂરા ઘડાને પૂરો ભરી લેવો જોઈએ. તેને ભરવાની આશામાં આખી જિંદગી અશાંત રહેતો અને અશાંત જ મરી જતો. એક રાજાનો મંત્રી હસીખુશીનું જીવન જીવતો હતો. એને પણ યક્ષે કહ્યું - મારી પાસે સાત ઘડા છે. મંત્રી લઈ આવ્યો અને સાતમો ઘડો પૂરો ભરવામાં લાગી ગયો. હવે એ ફાટેલાં કપડાં પહેરવા લાગ્યો અને રાજા પાસે અવારનવાર કંઈ ને કંઈ માગતો જ રહેતો. રાજાએ એનો પગાર ચાર ગણો કરી નાખ્યો છતાં મંત્રી દિવસે દિવસે દૂબળો થતો ગયો. રાજાએ કહ્યું - જ્યારે આપને ઓછો પગાર મળતો હતો ત્યારે આપ ખૂબ હસીખુશીનું જીવન જીવી રહ્યા હતા. સારાં કપડાં પહેરતા હતા. હવે પગાર વધારવા છતાં કમજોર થઈ રહ્યા છો. તમે સાત ઘડા ધન તો લઈ આવ્યા નથી ને ? મંત્રીએ આખી વાત સંભળાવી. રાજાએ કહ્યું - જાઓ, ધન પાછું આપી આવો.

આ રીતે ધનના લોભમાં દરેક મનુષ્યનું પતન થાય છે. લોભ મનુષ્ય પાસેથી કેટલું પાપ કરાવે છે. છોડો આ લોભને અને આ પાપ સાથે લડો.

એક મહાત્મા રસ્તે જઈ રહ્યા હતા, એને એક પૈસો મળ્યો. મહાત્માએ વિચાર્યું, આ પૈસો કોઈ ગરીબને આપી દઈશ. જે કોઈ એ પૈસો માગે તેને ફટકારતો રહ્યો. બધાને કહેતો કે જે સૌથી ગરીબ હશે તેને આપીશ. રસ્તામાં એક રાજા મળ્યો, જે બીજા રાજ્ય પર હુમલો કરવા અને પોતાનું રાજ્ય વધારવા માટે જઈ રહ્યો હતો. મહાત્માએ વિચાર્યું કે આ સૌથી ગરીબ છે, એને આ પૈસો આપવો જોઈએ. એણે રાજા તરફ એ પૈસો ફેંક્યો અને કહ્યું - મને સૌથી ગરીબ આપ મળ્યા. જે રસ્તે તમે જઈ રહ્યા છો એ ગરીબોનો રસ્તો છે. રાજાનું હૃદય પલટાઈ ગયું અને તેણે રાજ્ય વધારવાનો લોભ છોડી દઈ પોતાની રાજધાની તરફ જતો રહ્યો. જેની આકાંક્ષા વધી ગઈ હોય તે સંતોષ પ્રાપ્ત કરી શકતો નથી. લોભી લોકો સંપૂર્ણ જીવન બરબાદ કરતા રહે છે. કામનાઓની પૂર્તિ ક્યારેય થતી નથી. કામનાઓ વધતી જ જાય છે, તેથી કામનાઓ પર નિયંત્રણ રાખવું જોઈએ.

એક શેઠના પાડોશમાં એક મુસલમાન રહેતા હતા. તેઓ રોજ બે રૂપિયા કમાતા હતા. સાંજે બન્ને મિયાં-બીબી ખૂબ હસતા, ગીત ગાતા અને પ્રસન્ન રહેતા હતા. શેઠ સવારથી જતા અને સાંજે ઘેર આવતા હતા. સાંજે થાકીને પાછા આવતા, ચિંતામાં ડૂબેલા રહેતા, જેથી ભોજન પણ ઠીક રીતે ખાઈ શકતા નહોતા. એક દિવસ શેઠાણીએ શેઠને કહ્યું, આપણા પાડોશમાં મિયાં-બીબી રહે છે. બે રૂપિયા કમાય છે, છતાં મજામાં રહે છે. આપની પાસે કેટલી ધનદોલત છે, તેમ છતાં આપને ક્યારેય હસવું આવતું નથી. તમે ક્યારેય દાનપુણ્ય પણ નથી કરતા. શેઠે કહ્યું - એ લોકોને નવ્વાણુંનું ચક્કર ક્યાં છે ? મને નવ્વાણુંનું ચક્કર છે, જે ક્યારેય દાનપુણ્ય કરવા દેતું નથી. શેઠાણીએ કહ્યું - આ નવ્વાણુંનું ચક્કર શું હોય છે ? શેઠે કહ્યું, અત્યારે જ ખબર પડી જશે. એટલું કહીને તેણે નવ્વાણું રૂપિયાની થેલી મિયાંજીના મકાનમાં ફેંકી દીધી. સવારે મિયાંજીને નવ્વાણું રૂપિયા મળ્યા. હવે મિયાંજી પણ નવ્વાણુંના ચક્કરમાં પડી ગયા કે હવે આ કોઈ રીતે સો થઈ જવા જોઈએ. બસ એ જ વિચારમાં રહેતા, એ દિવસથી જ એમની બધી ખુશી જતી રહી. જ્યારે સો રૂપિયા થઈ ગયા તો વધુ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મેળવવાની ઇચ્છા જાગી, એમની જરૂરિયાતો વધવા લાગી. હવે આભૂષણો બનાવવાં જોઈએ, મકાન બનાવવું જોઈએ વગેરે વિચારતા રહેતા. હવે બન્ને મિયાં-બીબી મકાઈના રોટલા ખાવા લાગ્યા. સાબુ, તેલ, શાકભાજી બધામાં કંજૂસાઈ કરવા લાગ્યા. શેઠે શેઠાણીને કહ્યું - જુઓ શેઠાણી ! શું થઈ ગયું ? શેઠાણી બોલી - હવે તો એમનું હસવાનું અને આનંદમાં રહેવાનું બધું બંધ થઈ ગયું. શેઠે કહ્યું, આ નવ્વાણુંનું ચક્કર છે. જ્યારે માણસને તેનો ચસકો લાગી જાય છે તો તેની આવી જ દશા થાય છે. કામ, ક્રોધ, લોભ અને મોહ જેમના પર પણ સવાર થાય છે, તેમનો નાશ કરી દે છે. ગીતા એમનાથી બચવાનો સંદેશ આપે છે.

એક હંસ સાંજના સમયે ઊડીને તેના નિવાસસ્થાન તરફ જઈ રહ્યું હતું. એણે એક ઉંદરને ઠંડીથી થથરતો જોયો. હંસને દયા આવી ગઈ. સજ્જનોનો સ્વભાવ હંમેશાં પરોપકારી હોય છે. નીચે ઊતરી હંસે તેની પાંખો ફેલાવીને ઉંદરને ઢાંકી દીધો. એને લીધે ઉંદરના શરીરમાં ગરમી આવી અને એ પોતાને ઠીક અનુભવવા લાગ્યો. ઉંદરે તેનું કામ શરૂ કરી દીધું. હંસની મુલાયમ પાંખો કાપી નખી. સવાર થઈ ત્યારે હંસે ઊડવાની તૈયાર કરી પણ ઊડી ન શકાયું. ઉંદરની દુષ્ટતા પર તેને ખૂબ દુઃખ થયું અને જ્યાં સુધી તેની નવી પાંખો ન આવી ત્યાં સુધી એ જ સ્થળે ફરતા રહી દિવસો કાપવા લાગ્યો. દુષ્ટોને આશ્રય આપનારની આવી જ હાલત થાય છે. દુષ્ટ લોકો ઉપકારને ક્યારેય યાદ નથી રાખતા. જો સાથીની પસંદગી કરવી હોય તો એવી ન કરવી જોઈએ કે જે ઉપરથી સજ્જનતા બતાવે અને અંદરથી દુર્ભાવ રાખે તથા મોકો મળવાની તક શોધતો હોય.

એક ઝાડ પર એક કાગડો અને હંસ રહેતા હતા. હંસ તો સજ્જન સ્વભાવનો હતો, પરંતુ કાગડો મનમાં ને મનમાં હંસ પ્રત્યે દ્વેષ રાખતો હતો. એક દિવસ શિકારી આવ્યો અને ઝાડ નીચે સૂઈ ગયો. થોડીવાર પછી શિકારીના મોંઢા પર તડકો આવી ગયો. તે જોઈને હંસને ખૂબ દયા આવી. હંસે તેની પાંખો ફેલાવી તડકો રોકી રાખ્યો. કાગડાએ મોકો જોયો, નીચેની ડાળખી પર જઈને બેઠો અને શિકારીના મોઢા પર ચરકીને ઊડી ગયો. શિકારીની ઊંઘ ઊડી તો ઉપર હંસ જોયો. તેને ક્રોધ આવ્યો અને તીર ચલાવીને હંસના પ્રાણ લઈ લીધા.

દુષ્ટોથી, દુશ્મનોથી અને પાપથી હંમેશાં દૂર જ રહીએ તે સારું છે. કહેવાનું તાત્પર્ય એ છે કે કામ, ક્રોધ, લોભ અને મોહ આ શત્રુઓ છે, દુશ્મન છે. આપણે એમનાથી બચતા રહીને જ પ્રગતિ કરી શકીએ છીએ. આ ચાર રાક્ષસો છે જે આત્માની ઉન્નતિમાં બાધક છે. આ બાધાઓને હટાવવાથી જ મનુષ્ય આત્મનોન્નતિ કરી શકે છે. ચાર શત્રુઓ કામ, ક્રોધ, લોભ તથા મોહ સાથે લડીશું તો જ આત્માને ઓળખવાનું શક્ય બનશે. દીવાસળી પોતે સળગે છે તેવી જ રીતે આ ચાર પ્રવૃત્તિના લોકો પોતે જ બળે છે. લોભી જ ડાકુ બને છે. મારું ઘર, મારો દીકરો, મારું મકાન, મારી દુકાન વગેરે મોહ ધરાવતા મનુષ્યો જ આવું કરે છે. ભગવાન કૃષ્ણ કહે છે કે હે અર્જુન ! તારા અસલી દુશ્મન તો કામ, ક્રોધ, લોભ અને મોહ છે. દુર્યોધન તો માર્યો જશે. તું અસલી શત્રુઓને માર. કામ, ક્રોધ, લોભ અને મોહ આપણા જીવનની પ્રગતિને રોકનાર શત્રુઓ છે. એમની સાથે લડો, એમને મારો એ જ ગીતા શીખવાડે છે. કથા સાંભળનારાઓ ! આ વેરીઓને તમે પણ મારો, ત્યારે જ તમારો આત્મોદ્ધાર થશે, કલ્યાણ થશે, એ ગીતા શીખવાડે છે.

***હાથ વડે સવારે માતાપિતા અને વડીલોના ચરણસ્પર્શ કરીશું. વહુઓ સાસુ, નણંદ અને જેઠાણીનાં ચરણસ્પર્શ કરે. પગ વડે સત્યના માર્ગે ચાલીશું. જે રસ્તે મહાપુરુષો ચાલ્યા છે એ જ રસ્તે ચાલીશું.***



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કિશોર સ્તંભ

# પ્રેરક પ્રસંગ

**આદર્શવાદી વેચાઈ શકતો નથી**

બારણે ખટ-ખટ અવાજ થયો અને અંદર કમરામાં નીચે જમીન પર શેતરંજી પાથરી બાજઠ પર કાગળ મૂકીને લખી રહેલા ગુપ્તજીએ નાના દીકરાને બૂમ પાડી કહ્યું - "જુઓ બેટા ! કોણ આવ્યું છે ?"

નાના છોકરાએ પિતાનો અવાજ સાંભળી બારણું ખોલ્યું અને એક સજ્જન અંદર પ્રવેશ્યા. ગુપ્તજી એમને જોઈ તરત જ ઊભા થઈ ગયા, "ઘણા દિવસો પછી આવ્યા છો મિત્ર ! આજકાલ ક્યાં છો અને શું કરી રહ્યા છો ?

આગંતુક સજ્જન જે એમના જૂના મિત્ર હતા એમના પ્રશ્નોના જવાબ તો આપી જ રહ્યા હતા પણ સાથે ઘરની સ્થિતિને પણ ઝીણવટથી જોઈ રહ્યા હતા. વિચાર્યું તો એ જ હતું કે 'ભારત મિત્ર' જેવા પ્રતિષ્ઠિત વર્તમાનપત્રના સંપાદકને મળવા જઈ રહ્યો છું. ઘરમાં ઠાઠમાઠ અને રોનક નહિ હોય તો ઓછામાં ઓછું મધ્યમવર્ગના પરિવાર જેવી સ્થિતિ તો હશે જ, પરંતુ અહીં તો ચારે તરફ ગરીબાઈ જ દેખાતી હતી. 'ભારત મિત્ર' હિંદી દૈનિકના સંપાદક શ્રી બાલમુકુંદ ગુપ્તનું ખમીસ જે ખૂબ જ હલકા અને સસ્તા કાપડમાંથી બનાવેલું હતું તે પાછળની દીવાલ પર ખીંટીએ લટકાવેલું હતું. ગુપ્તજી ઘણી મોટી અણીવાળી સસ્તી કિંમતની કલમથી લખી રહ્યા હતા.

આગંતુક સજ્જન આ બધી વસ્તુઓને તથા ઘરના વાતાવરણને ખૂબ ઝીણવટભરી નજરથી જોઈ રહ્યા હતા. આમતેમ વાતો ચાલી રહી હતી. સજ્જન તેમના મનની વાત કહેવા જ જઈ રહ્યા હતા કે ગુપ્તજીનો મોટો પુત્ર કમરામાં આવ્યો અને એણે બજારમાંથી ખરીદી લાવેલાં બે ખમીસ પિતાની સામે મૂક્યાં.

ગુપ્તજીએ એને પૂછ્યું - "ખમીસ તો સારાં છે. કેટલી કિંમતનાં છે બેટા !" "ચાર રૂપિયાના." "ચાર રૂપિયાના ?" ગુપ્તજીએ ખૂબ જ વિસ્મય અને વાંધાજનક સ્વરમાં કહ્યું - "આટલા મોંઘા કેમ ખરીદ્યાં ? આટલામાં તો ઘરના બધા લોકોનાં કપડાં બની શકે છે."

આગંતુક સજ્જને કહ્યું - "છોકરાઓ જ છે ગુપ્તજી. જો તેઓ અત્યારે તેમની પસંદ મુજબ ખાઈ, પી અને પહેરી નહિ શકે તો ક્યારે ખાશે-પહેરશે ?"

"પરંતુ આ તો ખોટો ખર્ચ જ છે." અમારા કુટુંબની આર્થિક સ્થિતિ એટલી સારી નથી કે અમે આટલાં મોંઘા કપડાં પહેરી શકીએ. ગુપ્તજીએ કહ્યું - "રહી ખાવા-પીવાની ઉંમરની વાત તો એમને અત્યારે કરકસર નહીં શીખવીશું તો ક્યારે શીખવીશું."

"આર્થિક અભાવની મુશ્કેલી તો હું દૂર કરી આપું છું. હું એ માટે જ આપની પાસે આવ્યો છું. એમ કહી આગંતુક મિત્રે પાંચ હજાર રૂપિયા એમના બાજઠ પર મૂકી દીધા.

આ જોઈને ગુપ્તજી એવા ચોંક્યા, જાણે સેંકડો સાપ-વીંછીઓ એમના શરીર પર ચઢી ગયા હોય. ગુપ્તજીએ વિસ્મયથી પહોળી થયેલ આંખોથી મિત્ર તરફ જોતાં કહ્યું, "આનો શું અર્થ છે ?"

મિત્રે કહ્યું - "એ તો આપને ખબર જ છે કે અહીંની ફોજદારી અદાલતમાં બે ધનિકો વચ્ચે મુકદમો ચાલી રહ્યો છે. બન્ને પક્ષોના સનસનાટીભર્યા સમાચારો દ્વારા તમારા દૈનિક પત્રમાં સમર્થન કરો તો એમને લાભ થઈ શકે છે. એ માટે જ હું એમના તરફથી આ ભેટ આપની પાસે લઈ આવ્યો છું."

ગુપ્તજીએ ધીમા પણ ગંભીર સ્વરે કહ્યું - "મિત્ર ! તમે ખોટું સમજ્યા છો. જો અર્થોપાર્જન મારું ધ્યેય રહ્યું હોત તો અત્યારે જે ચારે તરફ ટીકીટીકીને જોઈ રહ્યા હતા અને મારી ગરીબી પર આશ્ચર્ય કરી રહ્યા હતા, એ ન હોત. ગરીબાઈ મારી શાન છે. મેં સ્વેચ્છાએ તેનું વરણ કર્યું છે, કારણ કે હું ભારતના સામાન્ય નાગરિક જેવો થઈને જીવવા માગું છું. તેના દુઃખદર્દને સમજવાની અને અનુભવ કરવાની ઇચ્છા છે. એ અનુભવ જ મારા સાહિત્યને પ્રાણ આપે છે. બીજા શબ્દોમાં કહેવામાં આવે તો ગરીબાઈ મારો પ્રાણ બની ચૂકી છે. આપ મારો



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રાણહરણ કરવા આવ્યા છો. એ પણ અન્યાયને ખાતર તો કદાપિ શક્ય નથી." ગરીબીના મહિમાનું ગાન સાંભળી મિત્ર એમના પૈસા ઉપાડી ચાલતા થયા અને ગુપ્તજી ફરી લેખનકાર્યમાં વ્યસ્ત બની ગયા.

**ચોકીદારમાંથી પત્ર-સંપાદક**

પૂનાના દૈનિક 'પ્રભાત'ના સંપાદકના રૂપમાં શ્રી માધવ ખંડકરને નિયુક્ત કરવામાં આવ્યા છે. સાડત્રીસ વર્ષની ઉંમરના શ્રી ખંડકર ત્રેવીસ વર્ષ પહેલાં આ કાર્યાલયમાં જ ચોકીદાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. આ મનુષ્યની સંકલ્પશક્તિ, મહત્ત્વાકાંક્ષા, કર્મનિષ્ઠા, ધીરજ તથા ઇમાનદારીનું પ્રશંસનીય તથા અનુકરણીય ઉદાહરણ છે.

ચૌદ વર્ષની વયના કિશોર માધવને પોતાની દુર્બળ આર્થિક સ્થિતિને કારણે સાતમું ધોરણ પાસ કરતાં જ નોકરી કરવા માટે વિવશ થવું પડ્યું. મનમાં ધ્યેય હતું કે એક પ્રખ્યાત પત્રકાર બને. તેથી એમણે બીજે નોકરી કરવા કરતાં કોઈ પત્ર કાર્યાલયમાં જ નોકરી કરવાનું મુનાસિબ સમજ્યું. તેઓ પૂનાથી પ્રકાશિત થતા સમાચારપત્ર દૈનિક 'પ્રભાત'ના સંપાદક સ્વામીશ્રી બાલચંદ્ર કોઠારી પાસે જઈ પહોંચ્યા. એમણે પહેલાં તો મનાઈ કરી દીધી - 'આટલા નાના બાળક માટે અમારી પાસે કોઈ કામ નથી."

"આપ કોઈપણ કામ આપો, પરંતુ મને રાખી લો. હું પત્ર કાર્યાલયમાં જ કામ કરવા માગું છું."

"અહીં જ કેમ ? બીજે કેમ નહીં ?"

"હું ભવિષ્યમાં આ ક્ષેત્રમાં આગળ વધવાની ઇચ્છા રાખું છું."

કોઠારીજી કિશોરની આ તથ્યપૂર્ણ વાતથી પ્રભાવિત થયા તથા તેને સમાચારપત્રના કાર્યાલયમાં ચોકીદાર તરીકે રાખી લીધો. દિવસ દરમિયાન જ્યારે તેને સમય મળતો ત્યારે ભણવા માટે સ્કૂલ જતો તથા રાત્રે કાર્યાલયમાં ચોકીદારી કરતો. ચોકીદારીનું કામ પૂરી તત્પરતા સાથે કરવાની સાથે તે પ્રેસ અને પત્રનાં બીજાં કામો શીખવાની દૃષ્ટિએ ખૂબ જિજ્ઞાસાથી જોયા કરતો. તેના માલિક તેની આ જિજ્ઞાસાવૃત્તિથી ખૂબ પ્રસન્ન થયા. તેથી તેને બીજાં કામોમાં લગાવી દીધો. ધીરે ધીરે આ કિશોર પ્રગતિ કરતો ગયો.

બાલચંદ્ર કોઠારીએ આ કિશોરની પ્રતિભા ઓળખી લીધી હતી. **પ્રતિભા હકીકતમાં કોઈ ઈશ્વરીય દેન હોતી નથી. એ તો મનુષ્યની પોતાની જિજ્ઞાસા, કર્મનિષ્ઠા, લગન અને તત્પરતાના સંયોજનનું જ એક સ્વરૂપ હોય છે, જે દિવસે દિવસે અભ્યાસ દ્વારા વિકસિત થતી જાય છે.** સૌપ્રથમ એમને કંપોઝિટર બનાવવામાં આવ્યા હતા, પછી પ્રૂફરીડર બન્યા અને તે પછી પ્રેસના પત્ર સંપાદનના દરેક વિભાગમાં એમણે જવાબદારીભર્યાં પદો પર કામ કર્યું હતું. પત્રના માલિક એમની પ્રતિભા જ નહીં, સજ્જનતા, ઇમાનદારી અને વિનમ્ર વ્યવહારને પણ માનતા હતા. નોકરી કરવાની સાથે જ એમણે બી.એ.ની ડિગ્રી પ્રાપ્ત કરી હતી. હવે તો તેઓ શ્રી કોઠારીનો જમણો હાથ બની ગયા હતા. કોઠારી ધીમે ધીમે વૃદ્ધત્વ તરફ વધી રહ્યા હતા. વૃદ્ધ જર્જરિત વૃક્ષ તેની છાયા નીચે ઊગતા નવયુવાન છોડ તરફ જે આશાભરી દૃષ્ટિથી જુએ છે એ જ દૃષ્ટિથી તેઓ પણ ખંડકરને જોઈ રહ્યા હતા. એમના કરતાં યોગ્ય, અનુભવી અને વિશ્વાસુ સંપાદક એમને ક્યાંથી મળે એ વિચારી એમણે મનમાં ને મનમાં નિશ્ચય કરી લીધો તેઓ એમને જ સંપાદક બનાવશે. આમ તો ખંડકર કેટલાંય વર્ષોથી સંપાદકનું કામ કરી જ રહ્યા હતા.

એપ્રિલ ૧૯૭૩માં શ્રી કોઠારી ૭૨ વર્ષના થઈ ગયા અને તેઓ પોતાના પદ પરથી નિવૃત્ત થઈ ગયા. પોતાના સ્થાને તેમણે માધવ ખંડકરની નિયુક્તિ કરી દીધી હતી. એમની આ પ્રગતિ એ બતાવે છે કે મનુષ્ય પોતાની દીનહીન દશા સાથે સમજૂતી ન કરે અને એક એક ડગલું પ્રગતિના પથ પર વધારતો રહે તો તેને તેનું લક્ષ્ય મળી જ જાય છે. એમનું આ ઉદાહરણ કેટલાય થાકેલા પ્રગતિપથિકોમાં નવો ઉત્સાહ ભરવા માટે પૂરતું છે. ઘણા લોકો એ ભૂલ કરે છે કે સફળતા માટે જે ધીરજ અને સતત મહેનત જોઈએ, એક એક ડગલું વધારતા રહી મંજિલ પ્રાપ્ત કરવાની જે યોજના બનાવવી જોઈએ, મનમાં અટલ વિશ્વાસ રાખવો જોઈએ તે રાખી શકતા નથી. એનું જ પરિણામ એ થાય છે કે સફળતા તેમને માટે 'ખાટી દ્રાક્ષ' બની જતી હોય છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# જ્યારે ઈચ્છા નાશ પામે છે

તે વર્ષે ધ્રુજાવી નાંખતી ઠંડી પડી હતી. તે ઠંડીની સાથેસાથે હિમવર્ષાના કારણે વન-ઉપવન, છોડ-વૃક્ષ બધું જ સુકાઈ ગયું હતું. ક્યાંય હરિયાળીનું નામનિશાન ન હતું. આવા સમયે દેવમંદિરો માટે સેવા-પૂજા માટે વળી ફૂલ ક્યાંથી લાવવાં ? બધા જ હતપ્રભ અને હતાશ હતા. કોઈનેય સમજાતું નહોતું કે તે પોતાના ગુરુ તેમજ ઈષ્ટની પૂજા-અર્ચના કઈ રીતે કરે ?

પરંતુ કોને ખબર કેવી રીતે સુદાસ માળીના સરોવરમાં એક કમળ ખીલ્યું. આવું સુંદર કમળ તો ક્યારેય શરદ ઋતુમાં પણ ખીલ્યું ન હતું. સુદાસનું હૃદય પ્રસન્નતાથી મહેંકી ઊઠ્યું. કેમકે હવે તેને તે પુષ્પની મોં માંગી કિંમત મેળવવાનો અવસર સરળ રીતે મળ્યો હતો.

સવાર થતાં જ તેણે તે કમળનું પુષ્પ ચૂંટી લીધું. તે લઈને તે રાજમહેલ તરફ ચાલવા માંડ્યો. રાજભવનમાં દ્વાર ઉપર પહોંચી તેણે રાજાને સંદેશો મોકલાવ્યો. સંદેશામાં કહેવડાવ્યું કે તે એક એવું કમળનું પુષ્પ લાવ્યો છે, જે અજોડ અને અમૂલ્ય છે.

ત્યારે જ એક આગંતુક ત્યાંથી પસાર થયો. કમળનાં ફૂલ ઉપર નજર પડતાં જ તે તેનાથી મુગ્ધ થઈ ગયો. તેણે માળીને પૂછ્યું - "શું આ વેચવા માટે છે ?" માળી બોલ્યો - "આ તો હું મહારાજને અર્પણ કરવા માટે આવ્યો છું."

"પરંતુ હું તો આને મહારાજાધિરાજને અર્પણ કરવા ઈચ્છું છું." - આગંતુકે કહ્યું.

"હું આપના કહેવાનું તાત્પર્ય ન સમજ્યો."

"વાત જાણે એમ છે કે ભગવાન તથાગત આજે આ નગરમાં પધાર્યા છે. તો તું માત્ર આ પુષ્પની કિંમત મને જણાવ."

"હું તો આને માટે એક સુવર્ણમુદ્રાની આશા લઈને આવ્યો છું."

"મને આ કિંમત સ્વીકાર્ય છે." આગંતુકના સ્વરમાં ઉત્સાહ આવી ગયો.

તે જ સમયે અચાનક મહારાજ પ્રસેનજિત ખુલ્લા પગે રાજમહેલમાંથી નીકળ્યા. તેઓ પણ ભગવાન તથાગતનાં દર્શન કરવા માટે જઈ રહ્યા હતા.

સુદાસ માળીના હાથમાં આવું સુંદર પુષ્પકમળ જોઈને તેઓ ઘણા જ ખુશ થઈ ગયા. ત્યાં જ તેમણે પૂછ્યું કે, "માળી, આ પુષ્પના દામ શું રાખ્યાં છે ?"

"રાજન્ ! પુષ્પ તો હું આમને વેચી રહ્યો છું."

"શી કિંમતે ?"

"એક સુવર્ણમુદ્રામાં."

"હું તને દસ સુવર્ણમુદ્રા આપું છું."

આગંતુક મહારાજનું અભિવાદન કરતાં બોલ્યો, "તો હું વીસ આપીશ."

કૌશલ નરેશ છક્ થઈ ગયા. તેમને ચકિત થતા જોઈને આગંતુક કહેવા લાગ્યો - "આજે આપણે બંને જણા ભગવાન બુદ્ધનાં દર્શન કરવા જઈ રહ્યા છીએ. આ સમયે આપણે બંને તેમના ભક્ત છીએ. ન રાજા, ન પ્રજા, એટલા માટે આપ મારી આ ધૃષ્ટતાને માફ કરશો."

ઉદાર મનવાળા મહારાજા પ્રસેનજિતના ચહેરા ઉપર પ્રસન્નતા છવાઈ ગઈ. તેઓ બાલ્યા - "સાચું કહો છો ભક્તરાજ, પરંતુ હું ચાલીસ સુવર્ણમુદ્રાઓ આપીશ."

"તો હું એંસી આપીશ."

કમળપુષ્પની આ રીતે કિંમત વધતી જોઈને માળી દિગ્મૂઢ હતો. તેને સમજાતું નહોતું કે અચાનક જ આ પુષ્પ આટલું બધું કીમતી કઈ રીતે થઈ ગયું. બીજી જ ક્ષણે કોણ જાણે તેના મનમાં એક ચમકારો થયો અને તેણે દૃઢ સ્વરે કહ્યું કે - "આપ બંને મને માફ કરજો. હું



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કોઈ પણ કિંમતે આને વેચીશ નહિ."

આટલું કહીને તે ચાલવા લાગ્યો. નગરની બહાર નીકળીને તે વિચારવા લાગ્યો. જે ભગવાન બુદ્ધને માટે એક સાધારણ પુષ્પની આટલી બધી કિંમત ચૂકવવાને માટે તેમના ભક્તો તૈયાર છે તો પછી શા માટે હું જ સીધો તેમને આ પુષ્પ વેચીને મોં માંગ્યા દામ ન મેળવું ?

ભગવાન બુદ્ધને શોધતો શોધતો તે તે જગ્યાએ આવી પહોંચ્યો, જ્યાં તેઓ વટવૃક્ષની નીચે પદ્માસનમાં બેઠા હતા. અહો ! શું અલૌકિક સૌંદર્ય છે ! કેવાં સુંદર નેત્ર છે તપસ્વીનાં ! આ નયનોમાંથી તો કરુણા છલકાઈ રહી છે. સુદાસ માળી વિસ્મયતાથી મુગ્ધ થઈ એકીટશે મહા તપસ્વીને જોતો જ રહ્યો. પછી ધીરેધીરે તે મૂઢતામાંથી બહાર આવતાં જ આગળ વધ્યો અને તે કમળપુષ્પને પરમ તેજસ્વી તપસ્વીનાં ચરણોમાં અર્પણ કરી દીધું.

ભગવાન બુદ્ધ પ્રસન્નતાપૂર્વક હસીને બોલ્યા - "વત્સ ! શું ઇચ્છે છે ?" ભગવાન ! હવે મારી કોઈ જ ઇચ્છા નથી." માળી ભાવવિભોર સ્વરે બોલી ઊઠ્યો, "બસ, આપ હવે મને અપનાવી લો." પ્રભુનું મંદ સ્મિત જાણે સ્વીકૃતિનો સંદેશો હતો. તે તેમનો થઈને બધું જ મેળવી ગયો. આજે તેને કમળપુષ્પનું જ નહીં, પોતાના જીવનનું સાર્થક મૂલ્ય મળી ગયું. હવે તે તથાગતની કરુણાથી સભર બન્યો હતો.

● ● ●

***દેશની વાસ્તવિક પ્રગતિ માટે નાના મોટાનો ખ્યાલ છોડીને પોતાની જવાબદારીઓની મહત્તા સમજી સંપૂર્ણપણે તેની સમયાવધિમાં તેને પૂર્ણ કરવી જોઈએ. જો આવું થાય તો ઉપદેશો આપ્યા વિના પણ દેશમાં સુધારો થઈ શકે છે અને દેશ દરેક રીતે પ્રગતિશીલ અને શક્તિશાળી બની શકે છે. મહાન પુરુષો ફક્ત આપણા માર્ગદર્શક જ બની રહે છે. દેશ માટેનાં જરૂરી કાર્યોની પૂર્તિ તેમનાથી થઈ શકતી નથી. તેના માટે તો સામાન્ય જનસમાજે જ પોતાના કર્તવ્યનું પાલન કરવું પડશે.***

***નાગરિક જીવનની સુવ્યવસ્થાનો મુખ્ય આધાર અન્ય વ્યક્તિ તરફની જવાબદારીનું પાલન કરવામાં તેમજ પોતાની નૈતિક જવાબદારીઓને નિભાવવા હંમેશાં કટિબદ્ધ રહેવા પર રહેલો છે. સામાજિક સુખશાંતિ અને પ્રગતિનો આ જ આધાર છે. જે દેશના નાગરિકો પોતાની ફરજોનું બરાબર પાલન કરે છે તે રાષ્ટ્ર બળવાન ગણાય છે. ચારિત્ર્યવાન લોકોની પ્રધાનતાવાળો સમાજ સભ્ય ગણાય છે. ફરજો અને જવાબદારીઓ પ્રત્યેની સભાનતાના આધારે કોઈ વ્યક્તિ અથવા તો સમૂહની શ્રેષ્ઠતા આંકી શકાય છે. જૂઠા, લબાડ, ચાલાક, બેઈમાન, પાખંડી, ઢોંગી, આળસુ અને નામર્દ લોકો ગમે તેટલા સાધનસંપન્ન હોવા છતાં તેમનો તથા તેમના સમાજનો સ્તર હંમેશાં નીચો રહે છે. તેમના માટે વ્યવસ્થિત ચિરકાલીન પ્રગતિ કે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવી ક્યારેય પણ શક્ય બનશે નહીં. સામાજિક મર્યાદાપાલનને માનવીયતા અને ઉદ્દંડતાને પાશવિકતા માનવામાં આવે છે. તેથી એ યોગ્ય છે કે માનવીય જવાબદારીઓનું રક્ષણ કરવા માટે પોતાનું વર્તન પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે કોઈને અડચણરૂપ ન બને તેવું રાખવું જોઈએ. વાસ્તવિક નાગરિકતા અને નૈતિકતા આધ્યાત્મિક આદર્શો પર આધાર રાખે છે. મનમાં જો બીજાઓ પ્રત્યે સાચો સ્નેહ, પ્રેમ, આદર કે સૌજન્ય ન હોય તો ખાલી દેખાડો કરવા પૂરતી ઠગો અને પાખંડીઓ જેવી બનાવટ કોઈ કામની હોતી નથી.***

● ● ●



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# આપણે સૌ રહીએ છીએ ઊર્જા-તરંગોના મહાસાગરમાં...

જે રીતે જળમાં જંતુઓ સરોવર કે સાગરમાં રહે છે, તેવી જ રીતે આપણે ઊર્જાના મહાસાગરમાં રહીએ છીએ. અહીંના પ્રત્યેક પદાર્થ ઊર્જાવાન છે. તેના કણ-કણમાંથી આ નીતરે છે અને સમસ્ત પ્રાણીઓને પ્રભાવિત કરે છે.

ઊર્જાના સંદર્ભમાં પદાર્થોની બે પ્રકારની પ્રકૃતિ હોય છે – લાભકારક અને હાનિકારક. કેટલાક પદાર્થો એવા હોય છે જેમાંથી લાભકારક ઊર્જા નીકળે છે, ફળસ્વરૂપે મનુષ્ય માટે તેનું સાંનિધ્ય ઉત્તમ ગણવામાં આવે છે, જ્યારે કેટલાય પદાર્થ પોતાની નકારાત્મક ઊર્જા તરંગોના કારણે કષ્ટદાયક હોય છે, એટલા માટે એવા પદાર્થોની ચરી પાળવી તથા તેનાથી દૂર રહેવું જરૂરી હોય છે. દૈનિક જીવનમાં મનુષ્ય જો આ તથ્યની ઉપેક્ષા કરે તો સ્વાસ્થ્ય-સંબંધી સમસ્યાઓથી તેને હેરાન થવું પડે છે.

આમ તો વસ્તુઓનો સારા-ખરાબ પ્રભાવ ઘણું ખરું મનુષ્યની સમજ ઉપર નિર્ભર છે, એટલા માટે એવું કહેવું ખોટું નથી કે સાધારણ બુદ્ધિ દ્વારા તેમાં ફેરફાર શક્ય છે. ઓરડામાં ઢગલો વસ્તુઓ પડી રહે છે-કેટલીક અવ્યવસ્થિત કેટલીક સુવ્યવસ્થિત. અરવિંદ આશ્રમના શ્રી'મા' કહેતાં કે વ્યવસ્થિત રીતે રાખવામાં આવેલી વસ્તુઓમાંથી ઉત્પન્ન થનારા તરંગો મનને સરસતા અને શાંતિ પ્રદાન કરે છે. આનાથી વિપરીત જ્યાં-ત્યાં અસ્તવ્યસ્ત પડેલી વસ્તુઓમાંથી નીકળેલા ઊર્જા-તરંગો નિષેધાત્મક પ્રકૃતિના હોય છે એટલા માટે આવા સ્થાન ઉપર નિવાસ કરનારા લોકોના મનમાં જે પ્રકારનો ઉમંગ અને ઉત્સાહ સામાન્યતઃ દેખાવો જોઈએ તેવો જોવા મળતો નથી. આ જ કારણે સજાવટ, સુવ્યવસ્થા અને સ્વચ્છતાને અધ્યાત્મનું એક અવિભાજ્ય અંગ માનવામાં આવ્યું છે અને તેને સુવિકસિત વ્યક્તિત્વને અનુરૂપ ગણવામાં આવ્યું છે.

જે રીતે વસ્તુઓની અવ્યવસ્થા નકારાત્મક તરંગો ઉત્પન્ન કરે છે, તેવી જ રીતે ઘણી વાર સ્થાન વિશેષ પણ પોતાના અપ્રિય તરંગોને માટે કુખ્યાત હોય છે. સ્મશાન, કબ્રસ્તાન વગેરે આવાં સ્થાનો છે. તેની આજુબાજુ રહેવાથી અથવા તો તેની બાજુમાંથી પસાર થવાથી પણ મનમાં ભય, રોમાંચ, શંકા, નિરાશા જેવી મનઃસ્થિતિ ઉત્પન્ન થાય છે જે તે વિસ્તારમાંથી બહાર નીકળતાં જ આપમેળે શાંત થઈ જાય છે. આવી જ રીતે મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા જેવાં ઉપાસનાનાં સ્થાનોમાં નિવાસ કરવાથી મન પ્રફુલ્લતાથી ઓતપ્રોત રહે છે. ચેતના સંબંધી શોધખોળ કરનારાઓનો આ અંગે મત છે કે દીર્ઘકાળની માનવીય ગતિવિધિઓ સ્થાનિક તરંગોની પ્રકૃતિને પોતાના સ્વભાવને અનુરૂપ પ્રભાવિત-પરાવર્તિત કરે છે અથવા તો એમ કહો કે તેની ઉપર છવાઈ જાય છે, તેમાં અત્યુક્તિ નથી. આ જ રીતે કોઈ સ્થાન ઉપર લાંબા સમય સુધી ચાલનારા જપ, તપ, ધ્યાન, વ્રત, અનુષ્ઠાન ત્યાંનાં તરંગોને પોતાની સાથે એકરૂપ કરી લે છે. આનાથી ઊંધું જ્યાં દરેક પ્રકારની પ્રપંચલીલાઓ રચવામાં આવતી હોય અથવા હત્યા, વ્યભિચાર, અત્યાચાર, પરપીડા જેવાં પાપ કરવામાં આવે અથવા તેને લગતી યોજનાઓ બનાવવામાં આવે છે, ત્યાંના અવાંછનીય તરંગો વ્યક્તિના મન-મસ્તિષ્ક ઉપર સવાર થઈને તેને તે પ્રમાણે દૂષિત કરવા માટે પ્રેરિત-પ્રોત્સાહિત કરે છે.

પૃથ્વીમાંથી નીકળનારા ઊર્જા-તરંગો અથવા વિકિરણ સમાન પ્રકૃતિવાળા સ્થાનીય તરંગો સાથે મળીને વધુ પ્રભાવશાળી થઈ જાય છે અને ત્યાંના નિવાસ કરનારા મનુષ્યોને જ નહીં, પ્રાણીઓ તેમજ વનસ્પતિ સુધ્ધાંને પ્રભાવિત કરે છે. સન ૧૯૮૦માં જર્મન


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ભૌતિકશાસ્ત્રી અર્ન્સ્ટ હાર્ટમેન દ્વારા ધરતીમાંથી નીકળનારા તે ઊર્જા ગ્રિડને માપવા માટે એક યંત્ર બનાવવામાં આવ્યું. આનું નામ 'લોબ એન્ટીના' રાખવામાં આવ્યું. આ ઉપકરણના માધ્યમ દ્વારા થોડા સમય પહેલાં એ જાણી શકાયું કે જૈવવિદ્યુત ચુંબકીય ઊર્જા ગ્રિડસ્ વીસ પ્રકારનાં હોય છે, જેમાંથી ચાર મનુષ્યને માટે અત્યધિક ઉપયોગી અને મહત્ત્વપૂર્ણ છે. પૃથ્વીના પેટાળમાંથી સંવાહિત થનારી ઊર્જાને 'ટેલુરિક ઊર્જા' કહે છે. ચુંબકીય દૃષ્ટિએ આ ઊર્જા તરંગો ઉત્તર-દક્ષિણ તથા પૂર્વ-પશ્ચિમ દિશામાં સંકેંદ્રિત હોય છે. વાસ્તુશાસ્ત્ર વાસ્તવમાં આવા જ ઊર્જા-તરંગોનો નિચોડ તથા સ્વાસ્થ્ય-સંવર્ધન, સફળતા, શાંતિ તેમજ ઉન્નતિની દિશામાં તેના ઉપયોગનું નામ છે. પ્રાચીન સમયમાં એટલા માટે ભવનનિર્માણ વખતે ઉપર્યુક્ત તથ્યનું ધ્યાન બરાબર રાખવામાં આવતું હતું. જેથી નકારાત્મક ઊર્જા-તરંગો સામે સુરક્ષા અને સકારાત્મક તરંગો વડે લાભાન્વિત થઈ શકાય. લાંબા અભ્યાસ પછી એ જાણવા મળ્યું કે સમયના પ્રહર વિશેષ સાથે આ ઊર્જા-પ્રવાહને ગાઢ સંબંધ છે અને તે દરમિયાન તેની તીવ્રતા અત્યંત ઉચ્ચ તથા સકારાત્મક હોય છે. કદાચિત્ આ જ કારણે શાસ્ત્રોમાં બ્રાહ્મમુહૂર્તમાં ઊઠવા ઉપર આટલો બધો ભાર મૂકવામાં આવ્યો છે અને તે દરમિયાન પૂજા-ઉપાસનાને આટલું બધું વધારે મહત્ત્વ આપવામાં આવ્યું છે, જેથી તે પ્રવાહનો અધિકાધિક ઉપયોગ સ્વાસ્થ્ય-સંવર્ધન અને આત્મિક ઉન્નતિની દિશામાં કરી શકાય. માનવેતર પ્રાણી આ ઊર્જા ગ્રિડસ પ્રત્યે અત્યધિક સંવેદનશીલ હોય છે. સંશોધનો દ્વારા જાણવા મળ્યું છે કે કીડી, ઉધઈ, સાપ જેવા જીવધારીઓ હંમેશાં નકારાત્મક ઊર્જાક્ષેત્રમાં રહે છે, જ્યારે કૂતરાં, ઘોડા, ગાય, બકરી જેવાં પાલતુ જીવ હંમેશાં સકારાત્મક ઊર્જાક્ષેત્રને પસંદ કરે છે અને તેમાં સુખનો અનુભવ કરે છે. અભ્યાસ દ્વારા એ પણ જાણવા મળ્યું છે કે ભૂકંપ આવવાનો હોય તેના લગભગ ૧૨ કલાક પહેલાં ટેલુરિક ગ્રિડસ્ પૃથ્વીની અંદરની ભૂકંપીય હલચલને ગ્રહણ કરી લે છે, જેના કારણે તેમાં સ્પષ્ટરૂપે પરિવર્તન જણાય છે. આ જ કારણે ભૂકંપ આવતા પહેલાં તેનામાં એક અજીબ બેચેની નજરે પડે છે.

માનવીય શરીર પણ એક રેડિયો રીસિવર જેવું છે. અન્ય જીવધારીઓની જેમ તે પદાર્થ અને પ્રકૃતિમાં સંવ્યાપ્ત ઊર્જા-તરંગોને અનુભવી તો નથી શકતો, પરંતુ તેની દરેક કોશિકા તે સાંનિધ્યથી પ્રભાવિત થાય છે, એટલા માટે ભવનનિર્માણ વખતે આ બાબત ઉપર વિશેષ રૂપે વિચાર કરવામાં આવે છે. સાથે સાથે એ પણ સુનિશ્ચિત કરવામાં આવે છે કે તેમાં કોઈ એવી સામગ્રી અથવા પદાર્થ લાગી ન જાય, જે નકારાત્મક ઊર્જા-સ્રોત હોય. વિશેષજ્ઞો જણાવે છે કે ગ્રેનાઈટ, ક્વાર્ટ્ઝ તેમજ કેટલાંક વિશેષ પ્રકારનાં રત્નો દ્વારા એવા તરંગો ઉદ્ભવે છે જે શરીર ઉપર અપ્રિય પ્રભાવ પાડે છે અને લોહીના પરિભ્રમણથી માંડીને મસ્તિષ્કીય ગતિવિધિઓ સુધ્ધાંમાં અવરોધ ઉત્પન્ન કરે છે, પરંતુ દુઃખની વાત તો એ છે કે આ જ પદાર્થો આજે મોટાઈનાં પ્રતીક બની બેઠા છે અને મનુષ્ય બધું જ જાણતો-સમજતો હોવા છતાં પણ આને મકાન, દુકાન તથા ઘરેણાંઓમાં લગાવીને ગૌરવાન્વિત અનુભવે છે. આ યોગ્ય નથી. આનાથી વિપરીત એવા પણ કેટલાક પદાર્થો છે, જે એવા ઊર્જાક્ષેત્રનું નિર્માણ કરે છે, જેને લાભકારી કહેવામાં આવે છે. રેતી, પથ્થર, આરસપહાણ વગેરે આવી જ વસ્તુઓ છે. તે નજીક હોય એ પણ સ્વાસ્થ્ય માટે ગુણકારી ગણાય છે. આ જ કારણે સાધના-ઉપાસના, ધ્યાન જેવા આત્મોત્થાનકારી ઉપચાર નદીઓ, પહાડો ઉપર કરવાનું આપ્તવચન છે. આજકાલ આની ઉપેક્ષા થઈ રહી છે એટલા માટે લાભથી વંચિત રહેવું પડે છે.

સૂર્યકિરણો પ્રાકૃતિક ઊર્જાનાં અજસ્ર સ્રોત છે. આવી જ રીતે અગ્નિ અને દીપક પણ સકારાત્મક ઊર્જાનાં ઉત્તમ ઉદ્ગમ છે. એ અસીમ ઊર્જા સંવહન કરે છે,


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એટલા માટે ભારતીય સંસ્કૃતિમાં પૂજા-આરતી તેમજ અન્ય ધાર્મિક કર્મકાંડો વખતે દીપ પ્રજ્જવલિત કરવાનું તેમજ યજ્ઞ-હવન કરવાનું પ્રાવધાન છે. મોટી સંખ્યામાં દીપ પ્રજ્વલન દ્વારા ઊર્જસ્વી વાતાવરણનું નિર્માણ થાય છે — આ તથ્યની જાણકારી જ વાસ્તવમાં તે પ્રચલનના મૂળમાં રહેલી છે, જેમાં પ્રત્યેક ધાર્મિક ક્રિયા-કૃત્યમાં મોટી સંખ્યામાં દીપ પ્રગટાવવાનું જણાવાયું છે. જ્યોતની સંખ્યા સરખી થવાથી ઊર્જાસંવહન નિષ્ક્રિય બની જાય છે. આ વાતનું જ્ઞાન પણ આપણા પૂર્વજોને ઘણી સારી રીતે હતું. અખંડદીપ, અખંડઅગ્નિ જેવી વિધિઓની પાછળ પણ આ જ ગૂઢાર્થ છે કે તેમાંથી નીકળતા સૂક્ષ્મ ઊર્જા-તરંગો દ્વારા લાભ મેળવી શકાય. જ્યાં આ પ્રકારની વ્યવસ્થાઓ છે, ત્યાંના વાતાવરણમાં દરેક કંઈક અસાધારણ અનુભવી શકે છે. આ માત્ર કહેવાની નહીં, અનુભવવાની વાત છે.

ફૂલ, ધૂપસળી, અગરબત્તી જેવાં તત્ત્વો પણ ઊર્જાના સારા અને ઊંચા સંવાહક છે. એવા વાતાવરણમાં રહેનારાઓના જૈવ વિદ્યુત ચુંબકીય ઊર્જામાં અદ્ભુત વૃદ્ધિ જોવા મળી છે. કિરલિયન ફોટોગ્રાફી દ્વારા કરવામાં આવેલ અધ્યયનો દ્વારા જાણવા મળ્યું છે કે રંગ-બેરંગી અને સુગંધિત પુષ્પોવાળા ઉદ્યાનમાં થોડોક સમય પસાર કરીને પાછા આવતા લોકોનું પ્રભામંડળ અસામાન્ય રૂપે વધી જાય છે અને શરીરની ચારે તરફ તેનો વિસ્તાર વધુ વ્યાપક થઈ જાય છે. આવી જ વાત અગરબત્તી, ધૂપસળી જેવાં સુગંધિત ધૂપબત્તી-અગરબત્તીના સંપર્કમાં થોડા સમય સુધી રહેવાથી પણ આભામંડળમાં આશ્ચર્યજનક વૃદ્ધિ થાય છે, જે એ વાતનું પ્રતીક છે કે તેના જૈવવિદ્યુત ચુંબકીય ઊર્જાક્ષેત્રમાં અભિવૃદ્ધિ થઈ છે. કદાચ એટલા માટે સુગંધિત પુષ્પોથી યુક્ત પ્રાકૃતિક વાતાવરણ સ્વાસ્થ્ય માટે લાભકારી હોય છે. એટલું જ નહીં, જપ-ધ્યાનના ઓરડામાં આને રાખવા માટે સંભવતઃ આથી જ ભાર મૂકવામાં આવે છે, જેથી એમાંથી નીકળનારા ઊર્જા-તરંગોને લીધે જપ-ધ્યાન દ્વારા અદ્ભુત ઊર્જાને વધારવામાં અતિરિક્ત સહાયતા મળે અને સાધક થોડાક પ્રયત્નથી અધિક ઊર્જાવાન બની શકે.

હવે આસપાસના વાતાવરણમાં ઊર્જાક્ષેત્રનાં વિભિન્ન સ્તરોને માપવાનું સંભવ બની ગયું છે. આને માટે લેસર એન્ટિના તેમજ બાયોમિટર નામનાં બે પ્રકારનાં યંત્રોનો ઉપયોગ કરવામાં આવે છે. બંનેમાં બાયોમિટર વધુ પ્રચલિત તેમજ પ્રસિદ્ધ છે. અંતાયેન બોવિસ તથા આંદ્રે સિમાંટન નામના ફ્રાંસના બે વિજ્ઞાનીઓએ આ વિકસાવ્યું હતું, એટલા માટે ઊર્જાનું માપ 'બોવિસ' પ્રચલિત થઈ ગયું. ઉપર્યુક્ત ઉપકરણ દ્વારા કોઈપણ સ્થાન, વસ્તુ અથવા વ્યક્તિ સંબંધિત ઊર્જા આસાનીથી માપી શકાય છે. આ સ્કેલમાં એક સ્વસ્થ માનવીના શરીરની ઊર્જા ૬૪૦૦ બોવિસ માપવામાં આવી છે. આનાથી વધુ ઊર્જા તેના યોગાભ્યાસી હોવાની સૂચક છે અને ઓછી એ વાત પ્રત્યે ધ્યાન દોરે છે કે તે બીમાર છે. ઉપર્યુક્ત યંત્ર દ્વારા જ્યારે ષટ્ચક્રોના ઊર્જાસ્તરને માપવામાં આવ્યા, ત્યારે તેમાં ૬૬૦૦ બોવિસથી માંડીને ૧૫,૦૦૦ બોવિસ સુધીની ઊર્જા જોવામાં આવી. વિભિન્ન ધર્મોનાં ઉપાસના-સ્થળોનું જ્યારે તુલનાત્મક અધ્યયન કરવામાં આવ્યું ત્યારે એ જોઈને આશ્ચર્યચકિત રહી જવું પડ્યું કે તેમાંથી દરેકમાં સકારાત્મક ઊર્જાપુંજ વિદ્યમાન હતો અને તેનો સ્તર સામાન્ય સ્થાનોની તુલનામાં ઘણો જ ઉચ્ચ હતો. ઉદાહરણરૂપે ચર્ચમાં, ક્રોસની આજુબાજુ લગભગ ૧૦,૦૦૦ બોવિસ ઊર્જા હોવાનું જાણવા મળ્યું. ચર્ચના ઘંટમાંથી પણ લગભગ એટલી જ ઊર્જા જોવા મળી. આ ઊર્જાસ્તર માનવશરીરમાં હૃદયની આસપાસ 'અનાહત-ચક્ર'ની નજીક જોવામાં આવ્યું. મસ્જિદોમાં આનો સ્તર ૧૧,૦૦૦ બોવિસ રેકોર્ડ કરવામાં આવ્યો, જે ગળામાં રહેલ 'વિશુદ્ધ ચક્ર'ની ઊર્જા જેટલું છે. તિબેટનાં મંદિરોનાં ગર્ભગૃહમાં આ માપ લગભગ ૧૪,૦૦૦ બોવિસની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આસપાસ હોય છે. આ ભ્રૂકુટિની વચ્ચે રહેલ 'આજ્ઞાચક્ર'નો ઊર્જાસ્તર છે. તિબેટની પરંપરા અનુરૂપ પ્રાર્થનાચક્ર મંત્રની સ્થિતિ ઊર્જાની દૃષ્ટિએ ઘણીખરી ઊંચી માનવામાં આવી છે. શોધ-અધ્યયનો દરમિયાન આ ૧૨,૦૦૦-૧૫,૦૦૦ બોવિસ ઊર્જા ઉત્સર્જિત કરતા જોવામાં આવ્યા. શિવમંદિરોમાં શિવલિંગની નજીક ઊર્જાસ્રોત સર્વોચ્ચ હોય છે. સંશોધનોમાં આ ૧૬,૦૦૦ બોવિસ અને તેનાથી અધિક જોવામાં આવ્યું. આ સ્તર 'શૂન્ય ચક્ર' અથવા તો 'સહસ્રાર ચક્ર'નું છે.

આવી જ રીતે ધાર્મિક પ્રતીકો, ચિહ્નોનું જ્યારે અધ્યયન કરવામાં આવ્યું ત્યારે તેમાં રહેલી ઊર્જાની પ્રકૃતિ ફક્ત સકારાત્મક જ ન હતી, પરંતુ તેનો સ્તર પણ ઊંચો હતો. સ્વસ્તિકના ચિહ્નમાં આ ઊર્જા દસ લાખ બોવિસ જેટલી જોવામાં આવી, જ્યારે ઊંધા સ્વસ્તિકમાં ઊર્જાનું પ્રમાણ તો તેટલું જ હતું પરંતુ નકારાત્મક પ્રભાવ હતો. આનાથી ઊંધું હિટલર દ્વારા ઉપયોગમાં લેવાયેલ સ્વસ્તિકમાં ઊર્જાસ્તર અપેક્ષાકૃત ઓછું હતું અને તે એક હજાર બોવિસ જેટલું હતું. આનાથી સ્પષ્ટ છે - શા માટે ભારતીય સંસ્કૃતિમાં આ ચિહ્નનું મહત્ત્વ આટલું બધું છે અને શા માટે આને ધાર્મિક કર્મકાંડોમાં, પર્વ-તહેવારોમાં, મુંડન અથવા જનોઈ સમયે નાનાં બાળકોનાં મુંડન કરેલા મસ્તિષ્ક ઉપર, ગૃહપ્રવેશ સમયે દરવાજા ઉપર અને નવાં વાહનોની પૂજા સમયે વાહન ઉપર આને પવિત્ર પ્રતીકના રૂપમાં અંકિત કરવામાં આવે છે.

આટલું સ્પષ્ટ થઈ જવા છતાં હવે એવી ગડમથલમાં પડવાની જરા પણ જરૂર નથી કે શા માટે કોઈ મકાન, સ્થાન, દુકાન, પદાર્થ અને પ્રતીકોના સંપર્કમાં આવીને વ્યક્તિની મનઃસ્થિતિ ડગમગે છે. જ્યારે કોઈ અન્ય વસ્તુઓ, વ્યક્તિઓ, તીર્થો અને ભવનોના સાંનિધ્યમાં રહીને તેનું મન ઉલ્લાસથી ભરાઈ જાય છે કારણ એક જ છે — તેના દ્વારા વિકીર્ણ થનારા ઉત્કૃષ્ટ અથવા નિકૃષ્ટ સ્તરનાં ઊર્જા-તરંગો.

---

***પરમાત્માનો પ્રકાશ માનવી અંતઃકરણમાં કરુણા, દયા, સહૃદયતા અને સદ્‌ભાવના રૂપમાં જ થયો છે. પ્રકાશથી આપણને વસ્તુના યથાર્થ અને અયથાર્થના અંતરની ખબર પડે છે. જ્યાં કરુણા, દયા, પ્રેમ, સદ્‌ભાવ અને સદ્‌ભાવનાનાં દૃશ્યો દેખાશે ત્યાં ઈશ્વરીય નિયમની ન્યાયપૂર્ણ વ્યવસ્થા અનુસાર તેનાં સત્પરિણામો પણ મળે છે. ચેતન જગતના ક્ષેત્રમાં જે કંઈ સુંદર અને સુસજ્જિત છે તે પરમાત્માની દેન છે.***

***ઈશ્વર રિસાયેલો નથી કે તેને મનાવવા માટે વિનંતી કરવી પડે. રિસાયેલાં તો આપણા સ્વભાવ અને કર્મ છે, એને જ મનાવવાં જોઈએ. પોતાના મનને જ પ્રાર્થના કરો કે કુચાલ છોડે. મનને મનાવી લીધું, આત્માનો વિકાસ કરી લીધો તો સમજવું જોઈએ કે ઈશ્વરની પ્રાર્થના સફળ થઈ ગઈ અને તેનું વરદાન પ્રાપ્ત થઈ ગયું.***



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## મોટા કાર્યના મોહમાં નાનાની અવહેલના ન કરો...

તે અત્યંત વૃદ્ધ હતી. છતાં પણ આ વૃદ્ધાવસ્થામાં પણ તેને વજન ઊંચકવાનું કામ કરવું પડતું હતું. પેટને સંતોષવા માટે કદાચ તેની પાસે બીજો કોઈ રસ્તો પણ ન હતો. આ સમયે તે રસ્તા ઉપર એ આશાએ ઊભી હતી કે કોઈ તેનો વજનદાર ભાર ઊંચકવામાં મદદ કરે. ત્યારે એક વ્યક્તિ તે જ સડક ઉપરથી તેની પાસેથી પસાર થઈ. વૃદ્ધાએ તેની પાસે સહાયતાની માંગણી કરી. તે વ્યક્તિના ચહેરા ઉપર કંઈક વિચિત્ર એવા ભાવ ઊભરાઈ આવ્યા અને નાક-મોંના વિચિત્ર હાવભાવ સાથે કહ્યું - "અત્યારે મારી પાસે સમય નથી, મારે ઘણું જ મોટું કાર્ય કરવાનું છે. મોટા બનવાનું છે." અને તે આગળ વધી ગયો.

થોડે દૂર આગળ જતાં એક વૃદ્ધ ગાડીવાને તેના હૃષ્ટ-પુષ્ટ શરીરને જોતાં કીચડમાં ફસાયેલી પોતાની ગાડીનું પૈડું બહાર કઢાવવા માટે તેને વિનંતી કરી. તે ખીજાઈને બોલ્યો - "વાહ રે વાહ ! ઘણા જ બેવકૂફ છો તમે ! હું ભલા મારાં જ કપડાં શા માટે ખરાબ કરું ? મારે મોટું કાર્ય કરવાનું છે, મોટા માણસ બનવાનું છે."

થોડે આગળ જતાં એક આંધળી વૃદ્ધા દેખાઈ. તેનો પગરવ સાંભળી તેણે તે વ્યક્તિને ઘણા જ આર્દ્ર સ્વરે કહ્યું - "અરે ભાઈ ! શું તમે મને ડાબી બાજુની ઝૂંપડી સુધી પહોંચવામાં મદદ કરશો ? તમારો ઘણો મોટો ઉપકાર થશે." તે વ્યક્તિ ગુસ્સે ભરાઈ ગઈ અને અપમાનજનક શબ્દો સાથે બોલી -"તારું મગજ ખરાબ થઈ ગયું છે કે શું ? તને ખબર નથી મારે મોટું કામ કરવા જવાનું છે, મોટા માણસ બનવાનું છે. મારે ઉતાવળ છે."

આ રીતે ચાલતાં ચાલતાં તે મહર્ષિ રમણના આશ્રમમાં પહોંચ્યો. મહર્ષિ પોતાની ધ્યાનાવસ્થામાં નિમગ્ન થવા થઈ જ રહ્યા હતા કે તે ઝડપથી તેમની સામે જઈ પહોંચ્યો. તેમનું અભિવાદન કરી તે ત્યાં જ તેમની પાસે બેસી ગયો અને બોલ્યો — "મહર્ષિ, હું આવી ગયો છું, આપ જણાવો, મારે લાયક શું સેવા છે ? હું આપને માટે શું કરી શકું ?" તેના આ સ્વરોમાં તેનો અહં સ્પષ્ટ સંભળાતો હતો.

મહર્ષિએ તેની સામે જોયું અને હળવું હાસ્ય કર્યું. મહર્ષિના આ હાસ્યમાં તેમના રહસ્યમય અંતર્જ્ઞાનની ઝલક હતી. આ મંદ હાસ્ય સાથે જ તેમણે પૂછ્યું - "હાં ! તો તમે જ તે વ્યક્તિ છો જેણે ગઈકાલના સત્સંગમાં મોટું કાર્ય કરવાના મારા આહ્વાન ઉપર પોતાની સ્વીકૃતિ પ્રગટ કરી હતી."

"જી હા ભગવન્ !" તેણે કહ્યું.

"સારી વાત છે, થોડી વાર બેસો. મને હજુ એક વ્યક્તિની પ્રતીક્ષા છે. તેણે પણ સત્સંગના વિસર્જન પછી મને આવું જ કહ્યું હતું. પરંતુ અત્યાર સુધીમાં તો તેણે આવી જવું જોઈતું હતું ! તેણે આ જ તો સમય જણાવ્યો હતો !" મહર્ષિના ચહેરા ઉપર પ્રતીક્ષાનો ભાવ જણાયો.

તે વ્યક્તિ જોરથી હસી પડી - "જે વ્યક્તિ સમયનું ધ્યાન પણ રાખી ન શકે, તેની પાસેથી ભલા કઈ અપેક્ષા રાખી શકાય ?"

મહર્ષિ રમણ તેમના વાતોમાં છુપાયેલી વ્યંગની તીક્ષ્ણતા સમજીને બોલ્યા - "છતાં પણ થોડો સમય આપણે તેની રાહ જોવી જ રહી."

એટલામાં તો તે આવી ગયો. તે હાંફી રહ્યો હતો. તેનાં વસ્ત્રો કીચડથી ખરડાયેલાં હતાં. તે મહર્ષિને સાષ્ટાંગ પ્રણામ કરી એક બાજુ વિનમ્ર ભાવ સાથે ઊભો રહી ગયો. જ્યારે મહર્ષિએ તેને બેસવા માટે ઈશારો કર્યો ત્યારે તે બેસી ગયો.

પહેલાં મહર્ષિ જ બોલ્યા, "કહો વત્સ, કદાચ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આવવામાં તારે થોડું મોડું થયું. આમ શાથી થયું ?"

બીજી આવનાર વ્યક્તિના સ્વરમાં વિનયભાવ પ્રગટ્યો - "ભગવન્ ! આમ તો હું સમયસર પહોંચી જ જાત, પરંતુ રસ્તામાં એક વજન ઊંચકનારી વૃદ્ધ મહિલાને મદદ કરવામાં, એક વૃદ્ધ ગાડીવાનની ગાડીનું પૈડું કીચડમાંથી બહાર કઢાવવામાં અને એક આંધળી વૃદ્ધાને તેની ઝૂંપડી સુધી પહોંચાડવાને કારણે મોડું થયું. છતાં પણ મેં સમયસર પહોંચવાનો પ્રયત્ન કર્યો, મોડા પહોંચવા માટે હું આપની ક્ષમા માંગું છું."

હવે મહર્ષિએ હસીને પહેલી આવેલ વ્યક્તિ તરફ જોયું અને નિર્ણયાત્મક સ્વરમાં બોલ્યા - "વત્સ ! નિશ્ચિત તારો રસ્તો પણ એ જ હતો. જે રસ્તે આ આવ્યો. તને સેવાના અવસર મળ્યા, પરંતુ તેં તેની અવહેલના કરી. મોટા કાર્યના મોહમાં તું એ જાણી ન શક્યો કે નાનાં-નાનાં કાર્યોનો સમાયોગ જ તો મોટું કાર્ય છે. મોટા બનવાને માટે ક્યારેય નાનાનો તિરસ્કાર કરવો જોઈએ નહીં. જે અન્યનો ભાર હળવો કરવામાં સહાયક બને, જે કોઈને મુશ્કેલીમાંથી બહાર નીકળવામાં મદદ કરે અને જે કોઈને લક્ષ સુધી પહોંચવામાં સહયોગ કરે, તે જ મોટો માણસ છે. તમે સ્વયં તમારો નિર્ણય જણાવો વત્સ, શું સેવાકાર્યમાં તમે મારા સહાયક બની શકશો ?"

ખાસિયાણી પડેલી પહેલી વ્યક્તિ મૌન હતી. તે નિરુત્તર હતી, તેની પાસે કોઈ જવાબ ન હતો.

*સંગઠિત સમાજમાં રહેનારી દરેક વ્યક્તિએ પોતાની જવાબદારીને સમજીને એ રીતનું વર્તન કરવું જોઈએ કે જેથી કોઈને સીધી કે આડકતરી રીતે નુકસાન પહોંચે નહીં. બેજવાબદારીપૂર્ણ વર્તન કરનાર કોઈપણ સમાજ કાયમ રહી શકતો નથી. કોઈ એક સ્ક્રુના ઢીલા પડવાથી જેમ આખું મશીન ખોટકાઈ જાય છે તેમ કોઈ એક બેજવાબદાર વ્યક્તિના કારણે આખા સમાજમાં તરખાટ મચી શકે છે. જો દરેક મનુષ્યને બીજા મનુષ્ય પર વિશ્વાસ હોય કે તે પોતાનું કામ વ્યવસ્થિત રીતે કરશે તો સમાજમાં કોઈ ગરબડ ઊભી થવાની શક્યતા રહેતી જ નથી અને આવું હોય ત્યાં સમાજ ખૂબ યોગ્ય અને વ્યવસ્થિત રીતે ચાલતો રહે છે. પરંતુ જ્યાં બેજવાબદારીભર્યું વર્તન થાય છે અને એકબીજા પરથી વિશ્વાસ ઊઠી જાય છે ત્યારે સામાજિક માળખું તૂટવા લાગે છે. જો આપણે સંગઠિત સમાજમાં રહેવું હોય તો આપણે આપણી જવાબદારીઓ પ્રત્યે સભાન રહેવું પડશે અને તે મુજબનું આચરણ કરવું પડશે.*

*જવાબદારી શબ્દનું વિવેચન કરવાથી બે ત્રણ વાતો સ્પષ્ટ થાય છે કે જે પુરુષને પોતાની જવાબદારીનું સંપૂર્ણપણે ભાન છે તે પોતાના કામને બહુ સારી રીતે જાણે છે (પોતાની જવાબદારીને સમજે છે). સમાજનું એક ઉપયોગી અંગ બનવા માટે દરેક મનુષ્યે સંસારમાં કોઈ ને કોઈ કામની જવાબદારી ઉપાડવી જ પડે છે. જ્યાં સુધી કોઈપણ મનુષ્ય પોતાના કામને બરાબર જાણતો નથી ત્યાં સુધી તે પોતાની જવાબદારી સંભાળી શકતો નથી. દરેક મનુષ્યે પોતાના કામની વિગત સંપૂર્ણપણે જાણ્યા પછી જ તે કામની જવાબદારી લેવી જોઈએ. ધારો કે કોઈને પોતાના કામનું જ્ઞાન જ ન હોય તો તે કાર્યને તે કેવી રીતે પૂર્ણ કરી શકે ?*

*જવાબદાર વ્યક્તિ માટે બીજી અગત્યની વાત એ છે કે તે જે પણ નાનું મોટું વચન આપે છે તેને તે પૂરું કરે છે અર્થાત્ સમાજને તે પોતાના પર ભરોસો મૂકવાનો વિશ્વાસ આપી શકે છે. તે હંમેશાં પોતાના વચનનું પાલન કરે છે. સમાજનાં જુદાં જુદાં અંગો વચ્ચે જો આ પ્રકારનો વિશ્વાસ ન રહે તો સમાજ છિન્નભિન્ન થઈ જાય. સમાજનાં જુદાં જુદાં અંગો પરના વિશ્વાસ પર જ સમાજના સંગઠનનો આધાર રહેલો છે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# વિધિ-વ્યવસ્થાનું એક અંગ છે સર્જનહારનું વિનાશકારી રૂપ

સૃષ્ટિની સંરચના તેમજ તેની ગતિવિધિઓ એટલી અનોખી અને અચરજભરી છે કે તેના સર્જનહારના મહિમાનો માથું નમાવીને સ્વીકાર કરવો જ રહ્યો. સંપૂર્ણ બ્રહ્માંડ મહાશૂન્યમાં સ્થિત છે. આમાં જ આપણું સૌરમંડળ છે, જેમાં ધરતીમાતા પણ એક નાની શી સદસ્ય છે. આ અનંત બ્રહ્માંડમાં અસંખ્ય આકાશ-ગંગાઓ, નક્ષત્ર, તારા, ગ્રહ-ઉપગ્રહ, નિહારિકાઓ તેમજ આકાશીય પિંડ સતત ફરતા રહે છે. દરેક જણ પોતપોતાની સ્થિર કક્ષામાં સ્થાપિત છે. આ જ છે એ મહાન જાદુગરનો જાદુ. પરંતુ આ સૌની વચ્ચે જરા સરખો પણ વ્યક્તિક્રમ આવી જવાથી પ્રલયંકારી દૃશ્ય ઉદ્ભવે છે. આકાશમાં એવા અનેક આકાશીય પિંડ છે, જે પોતાની મસ્તીમાં આવારાગર્દી કરતા રહે છે. આ જ ઘણું-ખરું વિનાશ અથવા તો વિધ્વંસનું કારણ બને છે. આના સિવાય ધરતી તેમજ જીવનનું સુનિયોજિત ચક્ર ચાલતું રહેવું એ કોઈ મહાચમત્કારથી ઓછું તો નથી જ.

આપણું સૌરમંડળ શૂન્ય સાગરમાં તરી રહ્યું છે. સૂર્ય પછીનો સૌથી નજીકનો તારો ચાર પ્રકાશવર્ષ જેટલો દૂર છે. ચાર પ્રકાશવર્ષ એટલે ૨૦૦ ખર્વ માઈલનું અંતર. આપણો સૂર્ય પણ એક ખાસ પ્રકારનો તારો છે, જે આકાશગંગાના વિશિષ્ટ ભાગમાં રહે છે. આ આકાશગંગામાં લગભગ ૧૦૦ અરબ તારા છે, જેમાંથી કેટલાક તો સૂર્ય કરતાં પણ સેંકડોગણા મોટા છે. આ ક્ષેત્રમાં વાયુમિશ્રિત વાદળાં, ધૂળ, ધૂમકેતુ, ગ્રહ, ઉપગ્રહ તથા બ્લેકહોલ પણ છે. આકાશગંગા આવા અંતરીક્ષીય પદાર્થોથી ભરેલી રહે છે. આના દૃશ્ય ભાગની આકૃતિ પ્લેટ જેવી હોય છે. વચ્ચે વચ્ચેથી તે ઉપસેલી જણાય છે. આનાં ઘણાં સર્પિલ અંગ છે, જે ગેસ અને તારાનાં બનેલાં હોય છે. આપણો સૂર્ય પણ એના એક એવા જ સર્પિલ અંગ ઉપર અવસ્થિત છે. આકાશગંગાના કેન્દ્રથી આનું અંતર ત્રીસહજાર પ્રકાશવર્ષ છે. આપણા સૌરમંડળથી આકાશગંગાના દૃશ્યભાગનું અંતર દસલાખ પ્રકાશવર્ષ છે.

આ વિરાટ બ્રહ્માંડમાં લાખો આકાશગંગાઓ હોવાનું અનુમાન કરવામાં આવ્યું છે, જેની આકૃતિ સર્પાકાર, દીર્ઘ વૃત્તાકાર તથા અન્ય વિભિન્ન પ્રકારની હોવાનું અનુમાન છે. આનો વિસ્તાર બ્રહ્માંડના વિશાળ ક્ષેત્રમાં છે. પરંતુ અંતર એટલું છે કે એનો પ્રકાશ આપણી ધરતી સુધી આવવામાં કરોડો પ્રકાશવર્ષ લાગી જાય છે. હા, આને વિશિષ્ટ વૈજ્ઞાનિક ઉપકરણો વડે જરૂર જોઈ-જાણી શકીએ છીએ. આપણી સૌથી નજીકની આકાશગંગાનું નામ 'એંડ્રોમેટા' છે. આનું અંતર ૨૦ લાખ પ્રકાશવર્ષ છે. આ એંડ્રોમેટા તારામંડળની દિશામાં રહેલી છે. આનો ઝાંખો પ્રકાશ આંખો વડે પણ જોઈ શકાય છે એમ ૧૦૦ આકાશગંગા પૃથ્વીથી ૫૦૦ લાખ પ્રકાશવર્ષના અંતરે છે. ૨૬ નવેમ્બર, ૧૯૯૩ના રોજ આ વિષયમાં વિસ્તૃત જાણકારી મળી હતી. આકાશગંગા જ્યારે પોતાની બાળઅવસ્થામાં હોય છે, ત્યારે અહીં સુપરનોવાની ઘટનાઓ ઝડપથી બને છે. આ પ્રક્રિયા દસ લાખ વર્ષમાં ૨૦,૦૦૦ વાર થાય છે. આપણી આકાશગંગામાં અત્યાર સુધીમાં કરોડો સુપરનોવા દૃશ્ય ઉપસ્થિત થઈ ચૂક્યાં છે. આ સંખ્યા સાડા ચાર અરબ વર્ષ પૂર્વે જ્યારે સૂર્યની ઉત્પત્તિ થઈ હતી તે સમયને દર્શાવે છે. આવા વિસ્ફોટ ખાસ કરીને આકાશગંગાનાં સર્પિલ અંગો ઉપર વધુ હોય છે.

આ આકાશગંગાઓ પણ સ્થાયી ન હોતાં પરિવર્તનશીલ છે. આના તારા નાભિકની પરિધિમાં આવે છે અને તે ફરવા લાગે છે. સૂર્ય પોતાના સૌરમંડળના ગ્રહોની સાથે આકાશગંગાનું એક ચક્કર પૂરું કરવામાં ૨૦ કરોડ વર્ષનો સમય લઈ લે છે. આ પરિભ્રમણ ઘણું જ અદ્ભુત હોય છે. માર્ગમાં આવનારા તારા ધૂમકેતુઓનાં વાદળાંઓને સાફ કરી નાંખે છે અને કેટલાકને સૂર્યની તરફ છૂટાં કરીને મૂકી દે છે. ધૂમકેતુ સૌરમંડળની અંદરથી નીકળે છે. આ કારણે સૂર્ય તેની અંદર રહેલા બાષ્પશીલ પદાર્થોને વરાળમાં રૂપાંતરિત કરી નાંખે છે એટલું જ નહીં સૌરપવન તેની લાંબી પૂંછડીનો કેટલોક ભાગ ઉડાવી દે છે. તારા અને ધૂમકેતુમાં અંદરોઅંદર અથડાવાની ભાવનાઓ ઘણી ઓછી રહે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે, પરંતુ આની નજીકથી નીકળનારા તારાઓની સાથે થાય છે. બૃહસ્પતિનો વિશાળ પિંડ ઉપગ્રહો તેમજ આકાશીય પિંડોના પરિઘમાં વિઘ્ન ઉત્પન્ન કરે છે. આ કોઈ એકને સૂર્ય તરફ ધકેલી નાંખે છે, જેના લીધે પૃથ્વી ઉપર ભયાનક સંકટ આવવાની સંભાવનાઓ ઉત્પન્ન થાય છે.

આકાશગંગાના રસ્તામાં અન્ય પિંડ પણ મળી જાય છે. જ્યાં ગેસનાં વિશાળ વાદળ પણ ઊડતાં રહેતાં હોય છે. આ વાદળાં સૌરપવનની દિશા બદલાવવા માટે પણ સમર્થ હોય છે. એટલું જ નહીં આ સૂર્યમાંથી આવનારી ઉષ્માના પ્રવાહને પણ પ્રભાવિત કરે છે. અંતરીક્ષના વિસ્તારમાં ન્યૂટ્રોન તારા, આકાશીય પિંડ, બ્લેકહોલ વગેરે સમાયેલા રહે છે. આ અચાનક જ સૌરમંડળમાં પ્રવેશ કરીને સંકટ ઉત્પન્ન કરી નાંખે છે. 'ડેથસ્ટાર'ના નામે ઓળખાતો આકાશીય પિંડ તો પોતાની પ્રબળ ગુરુત્વાકર્ષણ શક્તિ દ્વારા ધૂમકેતુઓને પણ ખંડિત કરી નાંખે છે. આ ભયાનક દુર્ઘટના સંપૂર્ણ અંતરિક્ષને માટે ઘાતક પરિણામ ઊભાં કરી નાંખે છે. ભૂ-વૈજ્ઞાનિકોના મત અનુસાર પ્રત્યેક ૩૦ કરોડ વર્ષ પછી ભયંકર અંતર્ગ્રહીય પરિવર્તન થતું હોય છે, જે પર્યાવરણ વિનાશનું કારણ બને છે. આ વિજ્ઞાનવેત્તાઓના મતાનુસાર આ સમય સન્ ૨૦૦૦ની આસપાસનો હોવાની શક્યતા છે. આજથી ચાર અરબ વર્ષ પહેલાં જ્યારે જીવનની ઉત્પત્તિ થઈ હતી, તે સમયે આવાં જ પરિવર્તન વડે ધરતી ઉપર પ્રલયની સ્થિતિ ઉત્પન્ન થઈ ગઈ હતી.

૩૬૫ દિવસોમાં સૂર્યની એક પરિક્રમા કરનારી પૃથ્વીને સૌથી વધુ સંકટ તોફાનમસ્તી કરનારા આકાશીય પિંડો દ્વારા થતું હોય છે. આ ઉલ્કાપિંડ ગમે ત્યારે પૃથ્વી સાથે અથડાઈ શકે છે. સન ૧૯૦૮માં સાઈબેરિયાના તાંગુસ્કા ક્ષેત્રમાં પાંચ માઈલનો એક વિશાળ ધૂમકેતુ પડ્યો હતો. આની વિસ્ફોટક-ક્ષમતા ૨૦ મેગાટન હતી. આના લીધે ૭૦૦ ચોરસ માઈલના સંપૂર્ણ જંગલનો વિનાશ થઈ ગયો હતો. નાસાના એક નવીનતમ સર્વેક્ષણ અનુસાર એક હજારથી ચાર હજાર પિંડ પૃથ્વીની આસપાસ ઘૂમી રહ્યા છે. આનું ક્ષેત્રફળ અડધા માઈલ કરતાં પણ ઓછું છે. એમાંથી માત્ર ૧૫૦ પિંડોની જ ઓળખાણ થઈ શકી છે. નાસાના જ એક અન્ય વૈજ્ઞાનિક દળના મતાનુસાર પૃથ્વીના પરિઘમાં લગભગ ૩ લાખ પિંડોમાંથી ત્રણસો એવા છે, જે તાંગુસ્કા જેવી ભીષણ તબાહી મચાવી શકે છે. એટલું જ નહીં લગભગ ૯૦ ટકા ઉલ્કા પિંડ પૃથ્વી માટે ઘાતક અને વિનાશકારી હોઈ શકે છે. એક કિલોમીટર વ્યાસના એક પિંડમાં લાખો મેગાટનની ઊર્જા હોય છે. આની અથડામણ પૃથ્વીના પર્યાવરણ ક્ષેત્રનો વિનાશ કરવામાં સમર્થ છે.

આ ઉત્પાતી પિંડની શોધ કરવા માટે એરિઝોના વિશ્વવિદ્યાલયના અંતરિક્ષ વિભાગના ટોમ ગહેરલ્સે એક વિશેષ ટેલિસ્કોપનું નિર્માણ કર્યું છે. આના માધ્યમ દ્વારા તે અનેક આકાશીય પિંડોનું અધ્યયન કરી ચૂક્યા છે. ગહેરલ્સનું સર્વેક્ષણ અત્યંત ભયપ્રેરક છે. તેમના મતાનુસાર સન ૨૦૨૫ સુધી આ તેજ ગતિએ પૃથ્વી તરફ આવશે. ગહેરલ્સનું માનવું છે કે ૧૦૦ મીટર વ્યાસના ૩ લાખ તથા ૨૦ મીટર વ્યાસના ૧૦ કરોડ પિંડ છે. જો આ ધરતીની સાથે અથડાશે, તો આ અથડામણના કારણે ઘણાં બધાં પરિવર્તનની શક્યતા રહેલી છે. જે કાંઈ પણ હોય, આ પિંડ શાંત તેમજ સમુન્નત ધરતીને હંમેશાં ડરાવતા રહે છે. એરિઝોનાના યૂજીન શૂમેકરે પોતાની પત્ની કેરોલીનના સહકારથી લગભગ ત્રણસો ઉલ્કાઓની શોધ કરી છે. તેમણે આ બધાંનાં નામ પોતાના પરિવારના સદસ્યોનાં નામ ઉપરથી રાખ્યાં છે. સન ૧૯૭૩માં શૂમેકરે ભૂગર્ભશાસ્ત્રી ઈલિનર હેલીનની સાથે વિશ્વના સુનિયોજિત વેગ ધરાવનાર પ્રથમ પિંડની શોધ કરી હતી.

૧૬ થી ૨૨ જુલાઈ ૧૯૯૪ના દિવસે, અંતરિક્ષીય ઘટનાઓના ઇતિહાસમાં પોતાની ઉપસ્થિતિની નોંધ કરાવતા ગયા. આ દરમિયાન પોતાના વિરાટ સૌરમંડળના સૌથી વિરાટ ગ્રહ બૃહસ્પતિ સાથે ૨૧ પર્વતાકાર પિંડ સતત ૬ દિવસ સુધી અથડાતા રહ્યા. આની ક્ષમતા લાખો મેગાટન જેટલી હતી. આ પિંડ ૬૦ કિ.મી. પ્રતિ સેકંડના વેગથી અથડાયો અને ત્યાં ૨૪ કિ.મી.નો ઊંડો ખાડો બનાવી ગયો. આના કારણે ૪૦૦ કિ.મી.ની ગેસપટ્ટી સમાપ્ત થઈ ગઈ. આ ૨૧ વિસ્ફોટોની સંયુક્ત ઊર્જા ૨૦૦ લાખ મેગાટન જેટલી હતી. શૂમેકર નામનો આ પિંડ ૭ જુલાઈ, ૧૯૯૨ના રોજ બૃહસ્પતિથી ૨૫૦૦૦ કિ.મી.ના અંતરે હતો. પછી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બૃહસ્પતિના વાયુમંડળ સાથે અથડાઈને તે ૨૧ ખંડોમાં વહેંચાઈ ગયો. તેની અથડાવાની પ્રક્રિયા એટલી ભયાનક હતી કે આ ઘટના બૃહસ્પતિને બદલે પૃથ્વી સાથે થઈ હોત તો પૃથ્વીનો વિનાશ થઈ ગયો હોત.

સન ૧૯૯૨માં મેક્સિકોનો યૂકેટેન પ્રાયદ્વીપના ૧૭૫ કિ.મી.નું ક્ષેત્ર આવા જ અંતર્ગ્રહીય પરિવર્તનને કારણે અચાનક પ્રભાવિત થઈ ગયું હતું. સંભવતઃ ૬૫૦ લાખ વર્ષ પહેલાં આવા જ ઉલ્કાપાતને લીધે થયેલ પરિવર્તનના કારણે ડાયનાસોરનું અસ્તિત્વ વિલીન થયું હતું. નાસા અનુસાર ૧૯૯૩માં ૬.૪ કિ.મી.ની એક ઉલ્કા ધરતીથી ૩૫૦ લાખ કિ.મી.ના અંતરે હતી. અચાનક તેની દિશા પૃથ્વી તરફ ફંટાઈ તેનાથી એક ભીષણ દુર્ઘટના થાત, પરંતુ ત્યારે જ તેની દિશામાં ફરી પરિવર્તન આવ્યું અને તે ધરતીની નજીકથી પસાર થઈ ગઈ. સન ૧૯૯૭માં આવા જ એક અન્ય પિંડની શોધ કરવામાં આવી હતી, જે પૃથ્વી તરફ કલાકના ૫૬,૦૦૦ માઈલથી આવી રહ્યો હતો. પરંતુ અચાનક જ તેની દિશામાં પરિવર્તન આવ્યું અને તે ક્યાંક ખોવાઈ ગયો. સન ૧૯૩૨માં સૂર્ય અને પૃથ્વીની વચ્ચેની કક્ષામાં ફરનારા એક પિંડની ઓળખ થઈ. આની ઝડપ કલાકના ૪૫,૦૦૦ માઈલની હતી. તેમાં પાંચ લાખ મેગાટન શક્તિ હોવાની સંભાવના છે. જ્યારે હિરોશિમામાં ફેંકવામાં આવેલ બોમ્બની ક્ષમતા ૦.૧૫ મેગાટન હતી. જો આ ધરતી ઉપર આવી પડત તો વાયુમંડળમાં પાંચ માઈલનું વર્તુળાકાર કાણું પડી જાત. આની હદમાં આવનાર પથ્થર, વૃક્ષ, વનસ્પતિ, પ્રાણી બધા જ ગેસ બનીને ઊડી જાત.

ડિસેમ્બર, ૧૯૯૭માં અંતરિક્ષના જાણકાર એવા ઈલિનર હેલીને સ્વચ્છ આકાશમાં એક પિંડને ધરતી તરફ અગ્રેસર થતો જોયો. એનું નામ XF11 રાખવામાં આવ્યું. આ એકલો જ ૧૦૮ પિંડોની વિધ્વંસક ક્ષમતા ધરાવે છે. ઇલિનરનું માનવું છે કે XF11 'મીસ ડિસેંટસ ઓફ ઝીરો'ના થર પૃથ્વી સાથે અથડાય તો પૃથ્વીના પર્યાવરણમાં તીવ્ર પરિવર્તન થઈ શકે છે. સંભવ છે કે પૃથ્વી ફરીથી આદિમ સભ્યતા તરફ વળી જાય. એરિઝોના યુનિવર્સિટીના જીન સ્કાટીના મતાનુસાર XF11 દર ૨૧ મહિને સૂર્યની ઘણી જ નજીકથી પસાર થાય છે. આ સન ૨૦૨૮માં પૃથ્વીથી પાંચ લાખ માઈલ દૂર હશે અને ૨૬ ઑક્ટોબર ૨૦૨૮ના દિવસે ૧:૩૦ કલાકે ૨૬,૦૦૦ માઈલ સુધી આવી જશે. આ અંતરમાં તેના આપણી પૃથ્વી સાથે અથડાઈને વિસ્ફોટ કરી શકવાની શક્યતા છે. વૈજ્ઞાનિકોનું અનુમાન છે કે સન ૨૧૨૬માં ૧૦ કિ.મી. પહોળો ધૂમકેતુ 'સ્વીફટ ટટલ' ધરતી સાથે અથડાઈ શકે છે. જો આમ થશે તો પૃથ્વીનો ૧૦,૦૦૦થી ૧,૦૦,૦૦૦ ચો. માઈલ ભાગ સાફ થઈ જશે. લાસ આલ્મોસ નેશનલ લેબોરેટરીના જેકહિલ્સના મત અનુસાર જો XF11 એટલાંટિકમાં જઈ પડશે તો હજારો માઈલનું તટીય ક્ષેત્ર ૮થી ૧૦ કિલોમીટર દૂર ધસી જશે અને ત્યાં ફક્ત કાદવ જ કાદવ નજરે પડશે.

કેલિફોર્નિયા સ્થિત લોરેન્સ લિવરમોર લેબોરેટરીએ વૈજ્ઞાનિકોના 'કોસ્મિક બંબાર્મેન્ટ' નામના એક શોધપત્રમાં ઉલ્લેખ કર્યો છે કે આ ઉલ્કાપાતો તેમજ આકાશીય પિંડો વડે ધરતીનો વિનાશ ગમે ત્યારે થઈ શકે છે. પરંતુ આટલાં ભયાનક સંકટોથી ઘેરાયેલી હોવા છતાં પણ પૃથ્વી ઉપર જીવનનું અસ્તિત્વ છે. આ તથ્ય આશ્ચર્યજનક પરંતુ સત્ય છે, જે સૃષ્ટિકર્તાની નિયામક શક્તિ તેમજ વિધિવ્યવસ્થાનું પ્રમાણ પ્રગટ કરે છે. બ્રહ્માંડીય સંરચનાઓ એક બાજુ ચકિત તો કરે છે, પરંતુ બીજી બાજુ અહીંયાં થનારી વિલક્ષણ-વિનાશકારી ઘટનાઓ ડરાવી-ગભરાવી પણ જાય છે. વસ્તુતઃ વિનાશ તો સૃષ્ટિકર્તાનો કાલદંડ છે જે પોતાના ઈશારાથી આપણને સન્માર્ગ ઉપર ચાલવા માટે વિવશ અને પ્રેરિત કરે છે. આ સન્માર્ગ ઉપર ચાલવાનું સુ-ફળ એ જ ઉજ્જ્વળ ભવિષ્ય છે, જેની આપણે સૌ ધરતીવાસીઓ એકવીસમી સદીના આગમનની સાથે જ પ્રતીક્ષા કરી રહ્યા છીએ. આ પ્રતીક્ષા ત્યારે જ સાર્થક તેમજ સફળ થશે, જ્યારે આપણે એ સમજી શકીશું કે આ અનંત અને વિરાટ બ્રહ્માંડના નાના સરખા ગ્રહમાં નિવાસ કરનાર મનુષ્યને એ સમર્થ સર્જનહારના મહિમાને ઓળખવો જ પડશે. જેથી તેનો અહંભાવ નાશ પામે અને તે પરમેશ્વર પ્રત્યે કૃતજ્ઞ બની રહે. આ કૃતજ્ઞતા આપણા ઉજ્જ્વળ જીવનનો આધાર તેમજ પર્યાય છે.

• • • • •



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ક્ષુદ્રકાયામાં છુપાયેલી અપરિમિત ગુણોની સંપદા

કદમાં નાનું હોવાથી કોઈનો ઉપહાસ કરવો એ મોટી ભૂલ છે, બીજું કાંઈ નહિ કારણ કે ખબર નથી તેના નાના હોવામાં કેટલા મોટા ગુણોનો સમાવેશ થયેલો છે. જોવા જાવ તો કીડીને જ જુઓ, જોવામાં ધરતીનો નાનો સરખો અકિંચન જીવ, પરંતુ અનેક વિશેષતાઓએ તેને વિશ્વનો સૌથી વિલક્ષણ જીવ બનાવી દીધો છે. કર્મઠતા, બુદ્ધિમત્તા તેમજ સામૂહિક જીવનપદ્ધતિ જેવા સદ્‌ગુણોની સાથે અન્ય અનેક વિચિત્રતાઓથી ભરેલી તેની દુનિયાને જોઈને હતપ્રભ થવું પડે છે.

વિશ્વરભરમાં કીડીઓની લગભગ સાડા ત્રણ હજાર પ્રજાતિઓ જોવા મળે છે. બધી જ કીડીઓ આકારને બાદ કરતાં લગભગ એકસરખી જ હોય છે. આકારમાં આ ન્યૂનતમ એક મિલીમિટરથી ચાર સેન્ટિમીટર સુધીની હોઈ શકે છે. આપણે જેનાથી સૌથી વધુ પરિચિત છીએ, તે છે કાળી કીડી, મકોડા, ઝાડ ઉપર રહેનારી ચટકો ભરવા માટે પ્રખ્યાત લાલ કીડી અને નાની કાળી કીડી જે ગોળ જેવી મીઠી ગળી વસ્તુઓ પ્રત્યે અદ્‌ભુત આકર્ષણ ધરાવે છે. ઘણું જ નાનું હોવા છતાં પણ જો આને વિશ્વનું સૌથી તાકાતવાળું પ્રાણી કહીએ તો અતિશયોક્તિ નથી જ, કારણ કે તેનામાં પોતાના શરીરના ભાર કરતાં પચાસ ગણો વધુ ભાર ઉપાડવાની ક્ષમતા હોય છે. મનુષ્ય તો પોતાના ભાર કરતાં બમણો ભાર ઉપાડી લે તો તે પણ ઘણું છે.

કીડીઓની સૌથી મોટી ખાસિયત એનું સામાજિક જીવન છે. એટલા માટે તેને સામાજિક પ્રાણી પણ કહેવામાં આવે છે. તેના સમુદાયમાં પાંચ લાખ કીડીઓની સંખ્યા પાંચ લાખ સુધીની હોય છે. આનું સામૂહિક ઘર ઘણા જ પ્રકારનું હોય છે અને તે ગમે ત્યાં બનાવી શકાય છે. મકાનોના પાયામાં, દીવાલોમાં, વૃક્ષની છાલની પાછળ, જમીન-પથ્થર અને વૃક્ષોની તૂટેલી ડાળીઓની નીચે. સુપરિચિત લાલ કીડીઓ પોતાનું ઘર લગભગ કોઈ ઊંચા ઝાડ ઉપર બનાવે છે. કીડીઓની લાળમાંથી બનાવવામાં આવતા રેશમ જેવા દોરાઓની મદદથી કીડીઓ પાંદડાંને નજીક નજીક ચોંટાડી દે છે. આફ્રિકન દરજી કીડી ભારતીય લાલ કીડીનો જ એક વર્ગ છે, પરંતુ તેમના દ્વારા બનાવવામાં આવેલ ઘર વૃક્ષોની શાખાઓને જોડે છે.

વૃક્ષો ઉપર રહેનારી કાળી કીડીઓ ડાળીઓ ઉપર પગોડા જેવા મોટા મોટા માળા બનાવે છે. જેની ઊંચાઈ દસ મીટર સુધીની હોય છે. દૂરથી જોવા જાવ તો તે રેતીના બનેલા લાગે છે, પરંતુ વાસ્તવમાં આ પાંદડાંઓમાંથી બનાવવામાં આવેલ હોય છે. આ કીડીઓ પાંદડાં ઉપર પોતાના શરીરમાંથી એક તરલ પદાર્થનો સ્રાવ કરે છે, જે તેમને જલરોધક બનાવી દે છે. લક્કડખોદની એક જાતિ કીડીઓના દરમાં જ પોતાનું ઘર બનાવે છે. તેમનાં ઈંડાં-બચ્ચાંઓને આ ખૂંખાર કીડીઓ કોઈ નુકસાન પહોંચાડતી નથી. એવું પણ નથી હોતું કે આ પક્ષીઓને કારણે કીડીઓને કોઈ લાભ થતો હોય છતાં પણ આ શા માટે આ પક્ષીઓને પોતાના ઘરમાં રહેવા દે છે, એ એક કોયડો જ છે.

વૈજ્ઞાનિકોના મતાનુસાર કીડીઓ લગભગ ૧૦ કરોડ કરતાં પણ વધારે વર્ષોથી દુનિયામાં છે. સામાન્ય રીતે કીડીઓ ભૂમિગત દરોમાં રહેતી હોય છે અને એક લાંબા દરમાં ત્રણ પ્રકારની કીડીઓ રહે છે, જેની પોતપોતાની અલગ અલગ જવાબદારીઓ હોય છે. સૌથી મોટી કીડીને રાણી કહેવામાં આવે છે. રાણી કીડીનું મુખ્ય કામ હજારોની સંખ્યામાં ઈંડાં આપવાનું હોય છે. મૂકવામાં આવેલ ઈંડાં ફૂટે નહીં ત્યાં સુધી રાણી કીડી કશું જ ખાતી નથી. તેના શરીરમાં રહેલ ચરબી અને તેની પેશીઓ ઓગળવાથી તેને જરૂરી માત્રામાં ઊર્જા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મળે છે. તેનો અધિકાંશ સમય ઈંડાં આપવામાં જ જાય છે, જેમાં નવી રાણી કીડીઓ, માદા શ્રમિક કીડીઓ તેમજ નર કીડીઓ ઉત્પન્ન થાય છે.

કીડીઓની દુનિયામાં નરની ભૂમિકા પ્રજનન સુધીની જ સીમિત રહેલી છે. તેમનો જીવનકાળ પણ અલ્પ જ હોય છે. લગભગ માદા સાથેના સમાગમ પછી તેમનું મૃત્યુ થતું હોય છે. રાણી કીડી દર વર્ષે હજારો ઈંડાં આપે છે. જો આવી જ ઝડપથી ઈંડાં આપે અને તેમાં પણ માદા ઉત્પન્ન થાય, તો આ વિશ્વમાં કદાચિત કીડીઓ જ કીડીઓ નજરે પડે. પરંતુ એવું થતું નથી કેમ કે રાણી કીડી અન્ય માદા કીડીઓને વાંઝણી બનાવી દે છે. રાણી કીડીના શરીરમાંથી એક ગાઢ સ્રાવ નીકળે છે, જે ખાવાથી માદા કીડીઓ વાંઝણી બની જાય છે. આ પ્રકૃતિની વ્યવસ્થા છે.

કીડીઓના સમાજમાં લાલન-પાલનથી માંડીને સુરક્ષા-વ્યવસ્થા તેમજ શ્રમવ્યવસ્થાનો બધો જ આધાર માદા શ્રમિક કીડીઓ ઉપર રહેલો છે. આમાંથી કેટલીક તો આની જ સંભાળમાં લાગેલી રહે છે, તો કેટલીક રહેઠાણની મરામતની જવાબદારી પોતાની ઉપર લઈ લે છે. જ્યારે રાણી કીડી આહાર ગ્રહણ કરવાનું શરૂ કરે છે , ત્યારે શ્રમિક કીડીઓ એકત્ર કરવામાં આવેલ ભોજ્ય પદાર્થોમાંથી સૌથી સ્વાદિષ્ટ ટુકડો રાણીને ખવડાવે છે. શ્રમિક કીડીઓનું મુખ્ય કાર્ય પણ ખોરાકની શોધ કરવાનું હોય છે અને તે નાની કીડીઓની સારસંભાળ પણ લે છે. શ્રમિક કીડીઓમાં કેટલીક મોટાં માથાં તેમજ મજબૂત જડબાંવાળી સૈનિક કીડીઓ પણ હોય છે, જે પોતાના ઘરનું રક્ષણ કરતી હોય છે. તે શ્રમિક કીડીઓની મદદ પણ કરતી હોય છે, જેમ કે ભોજન માટેના મોટા ટુકડાઓને તોડીને નાના કરવામાં.

કીડીઓના દરમાં અલગ અલગ ખંડ હોય છે. ખાસ ખંડ (રોયલ ચેમ્બર)માં રાણી ઈંડાં મૂકે છે. શ્રમિક કીડી આ ઈંડાંઓને પાલનના ખંડમાં લઈ જાય છે, જ્યાં લાર્વા નીકળે છે. લાર્વા મોટા થઈને પ્યૂપા બને છે ત્યારે શ્રમિક કીડી તેને અલગ ખંડમાં લઈ જાય છે. દરના અન્ય ખંડોમાં ભોજનસંગ્રહ અને કચરો ભરવાના કામમાં આવે છે.

અલગ અલગ ક્ષેત્રોમાં જોવા મળતી કીડીઓમાં પોતપોતાની રીતની વિશેષતાઓ જોવામાં આવે છે. યૂરોપમાં જોવા મળતી કીડીઓનો સ્વભાવ નિરાળો હોય છે. આક્રમક સ્વભાવવાળી આ લાલ કીડીઓ આસ-પાસની કાળી કીડીઓના દર ઉપર હુમલો કરીને તેમને બંધક બનાવી લે છે. આના સિવાય આ કીડીઓની માદાઓ દ્વારા મૂકવામાં આવેલ ઈંડાં ઉપર પણ કબજો જમાવીને તેમાંથી બચ્ચાં બહાર આવવાની રાહ જુએ છે. ખરેખર તો લાલ કીડીઓએ આ બધું મજબૂરીથી પોતાની જરૂરિયાતને અનુરૂપ જ કરવું પડે છે કારણ કે આમાં શ્રમિક વર્ગ મોટેભાગે સૈનિક હોય છે જે ભોજનનો સંગ્રહ કરી શકતી નથી કે નાના નાનાઓનું પાલન-પોષણ પણ કરતી શકતી નથી.

ઓસ્ટ્રેલિયામાં જોવા મળતી કીડી 'મેલોશોક્સ' ફૂલોના રસની શોખીન હોય છે. તેની બુદ્ધિમત્તા જોવા જેવી હોય છે. તે ભૂખ લાગે ત્યારે રસનું સેવન તો તરત જ કરી લે છે અને વિપરીત સમય માટે ફ્રિજ અથવા કોલ્ડ સ્ટોરેજનો આવિષ્કાર પણ કરી લે છે. આ રસને આ કીડી એક વિશેષ કીડાને પીવડાવે છે અને ખૂબ પીવડાવતી જ રહે છે. આને તે એટલો બધો રસ પીવડાવી દે છે કે એનું પેટ વટાણાના દાણા જેવું થઈ જાય છે. પારદર્શી રસ ભરેલા આ કીડાને આ કીડીઓ ઊંધો લટકાવી દે છે અને ભવિષ્યમાં તે રસનો ઉપયોગ પોતાની ક્ષુધાતૃપ્તિ માટે કરે છે.

કીડીઓ ગાય પાળે છે અને બાગ પણ બનાવે છે. આ વાતો સાંભળવામાં વિચિત્ર જરૂર લાગે છે, પરંતુ કેટલીક કીડીઓ આ વિલક્ષણ કાર્યોને પોતાના આગવા રૂપે ચરિતાર્થ કરે છે. કીડીઓની એક પ્રજાતિ 'એપિડસ'


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નામની માખીઓને પાળે છે અને તેના શરીરમાંથી નીકળતા હનીડ્યુ નામના મીઠા રસને ખૂબ શોખથી પીવે છે. કીડીઓ 'એફિડસ'ને એવી જ રીત દોહે છે જેવી રીતે ખેડૂત ગાયને દોહે છે.

બાગ બનાવીને પોતાના ભોજનની વ્યવસ્થા કરનારી કીડીઓ અનિટ્સ દશઈબ અટ્ટીશી નામની જાતિની હોય છે, જે ઘણું કરીને પશ્ચિમી ગોળાર્ધના ગરમ દેશોમાં જોવામાં આવે છે. તેમના બાગ ફૂગના હોય છે, જે તેમનું ભોજન હોય છે. શ્રમિક કીડીઓ બાગમાં વિશેષરૂપે સેવા કરે છે અને પૂરી લગન સાથે તેના ઉપર ધ્યાન આપે છે. પોતાના બાગને માટે તે ફૂલોના પરાગકણ, સડેલી બગડેલી ફૂલ-પત્તીઓના ટુકડા વગેરે ભેગું કરે છે અને તેના નાના ઝીણા ટુકડાઓ કરીને બાગમાં નાખે છે. આના કારણે ઊગનારી ફૂગનો ઉપયોગ તે લાંબા સમય સુધી પોતાના ભોજન રૂપે કરે છે.

આ નાના સરખા પ્રાણીની સૂઝબૂઝ બુદ્ધિમાન કહેવાતા મનુષ્યને પણ દાંત નીચે આંગળી દબાવવાને માટે મજબૂર કરે છે. તે પોતાની વાતો એકબીજાને પહોંચાડવા માટે પણ સમર્થ હોય છે. દીવાલની પાછલી તરફથી પોતાના પાછલા ભાગ વડે ખાસ અંદાજ વડે થપકી આપે છે, જેના લીધે બાકીની કીડીઓ સતર્ક થઈ જાય છે. કેટલીક કીડીઓ પોતાના પાછળના ભાગેથી એક વિશેષ પ્રકારની ગંધ છોડે છે, જે અનાજ મળ્યાનો સંકેત હોય છે. દુશ્મનોથી સતર્ક રહેવા માટે પણ કંઈક ખાસ સંકેત ઉપયોગમાં લેવામાં આવે છે. જ્યારે કીડીઓ એકબીજાને મળે છે, ત્યારે તે માથાના મુખ્ય ભાગ એન્ટિના વડે સૂંઘીને ઓળખી લે છે.

કીડીઓની આ રોચક દુનિયાનો ઉલ્લેખ ખતરનાક કીડીઓની ચર્ચા કર્યા વગર અધૂરો જ ગણાશે. એસિટાન અને ડારિલસ પ્રજાતિની આ કીડીઓ અન્ય કીડીઓની માફક નથી ઘર બનાવતી કે નથી દરમાં રહેતી. તે આજીવન ભોજનની શોધમાં ફરતી રહે છે. દક્ષિણ અમેરિકા તથા આફ્રિકામાં જોવામાં મળતી આ કીડીઓને અમેરિકામાં 'સોલ્જર આન્ટ્સ' અને આફ્રિકામાં 'ડ્રાઈવર આન્ટ્સ' નામ આપવામાં આવ્યું છે. કરોડોની સંખ્યામાં કાફલો લઈને ચાલનારી આ કીડીઓ ચાલતી વખતે વરસાદ પડતો હોય તેવો અવાજ કરતી ચાલે છે અને રસ્તામાં મળનારી દરેક વસ્તુ તેમજ પ્રાણીને ચટ કરી જાય છે.

આ કીડીઓના કાફલાનું માર્ગદર્શન કરનારી કીડીઓ દ્વારા કોઈ શિકાર શોધતાં જ પૂરો કાફલો તેના ઉપર તૂટી પડે છે એ થોડી જ વારમાં તે જીવનું નામોનિશાન મટી જાય છે. હજારો-લાખોની સંખ્યામાં કીડીઓના કાફલાને આવતો જોઈને મોટામાં મોટું જાનવર પણ ભાગવા લાગે છે. જો જીવ ભાગવામાં અસફળ રહ્યો, તો આ કીડીઓ મચ્છરથી માંડીને મગરમચ્છ અથવા તો પછી સ્વયં ઘાયલ સિંહ પણ કેમ ન હોય, તેનેય સફાચટ કરી જાય છે. આફ્રિકાના ગામડાઓની નજીકથી જ્યારે આ કાફલો પસાર થાય છે, ત્યારે ગ્રામજનો ગભરાટમાં ઘરબાર છોડીને ગામથી દૂર કોઈ સુરક્ષિત સ્થાન તરફ ભાગે છે. જ્યારે આ કીડીઓનો કાફલો ચાલ્યો જાય છે, ત્યારે ગ્રામજનો ઘેર પાછાં ફરતા જુએ છે કે ઘરની બધી જ ખાવાની ચીજોની સાથે ગરોળી વગેરે પણ છે નહીં, દુર્ભાગ્યવશ ભાગવાની ઉતાવળમાં કોઈ નવજાત બાળક અથવા અસહાય વ્યક્તિ રહી જાય તો તેને પણ કીડીઓ પોતાનું ભોજન બનાવી લે છે. કેટલાક ગ્રામવાસીઓ તો વરસાદ જેવો અવાજ સાંભળતાં જ વસ્તીની આજુબાજુ આગ લગાડી દે છે, જેના કારણે આ કીડીઓ વસ્તીની અંદર ઘૂસી શકતી નથી.

અમેરિકાના ઉપમહાદ્વીપમાં જોવા મળતી કીડીઓની સેના ફક્ત નાની વસ્તુઓનું ભોજન કરે છે. આને લીજનરી કીડીઓ પણ કહે છે. આ મધ્ય અને દક્ષિણ અમેરિકા તથા દક્ષિણી સંયુક્ત રાજ્ય અમેરિકામાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જોવા મળે છે. જ્યારે આ હજારોની સંખ્યામાં લાઈન કરીને ચાલે છે, ત્યારે લોકો તેના આગમનની સૂચના મળતાં જ ઘર છોડીને ચાલી નીકળે છે. આ કીડીઓ પછી ઘરમાં બચેલા ઉંદરો, ગરોળીઓ તેમજ અન્ય જીવજંતુઓને ચટ કરી જાય છે.

અન્ય કીડીઓની જેમ જ આની રાણી કીડી પણ એકવારમાં લાખો ઈંડાં આપે છે, જેમાંથી લાખો બચ્ચાં નીકળે છે, જે જલદીથી કાફલામાં જોડાઈ જાય છે. આ વંશને ચલાવનારી રાણી કીડીનાં ઈંડાં મૂકવાના સમયે એ એક ભવ્ય જીવંત ઘરનું નિર્માણ કરે છે. લાખોની સંખ્યામાં આ કીડીઓ એકબીજા સાથે જોડાઈને કોઈ ઝૂકેલા પથ્થરના આધારે એક મોટા દડાની માફક લટકી જાય છે. આ જીવંત ઘરની અંદર ગલીઓ પણ બનેલી હોય છે. જેમાં રાણી કીડી વટથી ફરતી હોય છે. મધપૂડાની જેમ ઊંધું લટકેલું આ ઘર ઈંડાંમાંથી બાળકોના બહાર આવતાં જ વેરાન થઈ જાય છે. પોતાના કાફલામાં લાખોની વૃદ્ધિ કરી આ કીડીઓ ફરીથી પોતાના શિકારની શોધમાં નીકળી પડે છે. જો તેમના માર્ગમાં કોઈ નદી આવી જાય તો આ કીડીઓ એકબીજા સાથે ચોંટીને મોટા મોટા દડાઓનો આકાર ધારણ કરી લે છે અને પાણીના વહેણની સાથે સાથે વહીને કિનારા ઉપર આવી જાય છે.

કીડીઓના દુશ્મનો પણ ઓછા તો નથી જ કરોળિયા, દેડકા, ગરોળી, ચકલી વગેરે તો તેના કટ્ટર દુશ્મન છે, પરંતુ કીડીઓને પોતાના સ્તરે દુશ્મન સામે લડવાનું પણ આવડે છે. પોતાના બચાવ માટે તે કરડે છે અથવા તો એક ખાસ પ્રકારનો એસિડ છોડે છે. કેટલીક કીડીઓ દર્દનાક ઝેર છોડવાની ક્ષમતા પણ ધરાવે છે.

સૌથી વધુ મહત્ત્વપૂર્ણ છે - કીડીઓની કાર્યક્ષમતા, લગન અને હળીમળીને કામ કરવાની પ્રવૃત્તિ, જે પોતાને બુદ્ધિશાળી ગણાવતા મનુષ્યને માટે પણ અનુકરણીય છે. એકબીજાના સહયોગની આ પ્રવૃત્તિ કીડીઓમાં જેટલી વધારે છે, તેટલી ભાગ્યે જ ક્યાંક બીજે હશે. એક ભૂખી કીડી જ્યારે બીજી તૃપ્ત થયેલી કીડીની પાસે જઈને માથાથી ઈશારો કરીને કશુંક ખાવાનું માંગે છે, ત્યારે બીજી પોતાના શરીરમાંથી તરલ પદાર્થનું એક ટીપું આપીને તેને તૃપ્ત કરી દે છે.

આ રીતે નગણ્ય સમજવામાં આવતો આ નાનો-સરખો જીવ મનુષ્યને સભ્ય તેમજ સુવ્યવસ્થિત સામાજિક જીવનના કોને ખબર કેટલા બધા પાઠ વગર બોલે પોતાનાં આચરણ વડે ભણાવે છે. આના અદ્ભુત રંગ-રૂપ અને કાર્યો પણ એ જ બતાવે છે કે મનુષ્ય ગમે તેટલો દંભ કેમ ન કરે, પરંતુ પરમેશ્વરને તેઓ ઓછા પ્યારા તો નથી જ, જેને એણે ક્ષુદ્ર સમજી રાખ્યો છે. ત્યારે જ તો આ ક્ષુદ્રતામાં તેણે કોને ખબર કેટલી ક્ષમતાઓ સંઘરી રાખી છે. સાચું તો એ છે કે શીખવાની પહેલી શરત વિનમ્રતાને જો આપણે અપનાવી લઈએ તો કીડીઓ પાસેથી પણ ઘણું બધું શીખી શકાય છે.

● ● ●

***પડતાને ઉઠાવવા, પાછળ રહી ગયેલાને આગળ વધારવા, ભટકી ગયેલાને રસ્તો બતાવવો અને જે અશાંત થઈ રહ્યા હોય તેને શાંતિદાયક સ્થળે પહોંચાડી દેવા એ વાસ્તવમાં ઈશ્વરની સેવા છે. જ્યારે આપણે દુઃખ અને દરિદ્રતા જોઈને વ્યથિત થઈએ છીએ અને મલીનતાને સ્વચ્છતામાં બદલવા માટે આગળ વધીએ છીએ ત્યારે સમજવું જોઈએ કે આ કાર્યો ઈશ્વર માટે અને તેમની પ્રસન્નતા માટે કરવામાં આવી રહ્યાં છે. બીજાની સેવા-સહાયતા પોતાની જ સેવા સહાયતા છે.***


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સ્વસ્થ રહેવું હોય તો મનને સાધો

અધ્યાત્મશાસ્ત્રોમાં મનને જ બંધન અને મોક્ષનું કારણ બતાવવામાં આવ્યું છે. મનોવૈજ્ઞાનિકો પણ આ તથ્યથી પરિચિત છે કે મનમાં અભૂતપૂર્વ ગતિ, દિવ્યશક્તિ, તેજસ્વિતા તેમજ નિયંત્રણશક્તિ છે. તેની સહાયથી જ બધાં કાર્યો થાય છે. મન વગર કોઈ કાર્ય થઈ શકતું નથી. ભૂત, ભવિષ્ય અને વર્તમાન બધા જ મનમાં રહે છે. જ્ઞાન, ચિંતન, મનન, ધૈર્ય વગેરે આના જ કારણે શક્ય છે. પરિષ્કૃત મન જ્યાં અનેક દિવ્યક્ષમતાઓનો ભંડાર છે, ત્યાં વિકૃત મનઃસ્થિતિ રોગ, શોક તેમજ આધિ-વ્યાધિઓનું કારણ બને છે. આધ્યાત્મિક સાધનાઓ યોગ-તપ વગેરે મનને સાધવાના તેમજ પરિષ્કૃત કરવાના વિવિધ ઉપાય-ઉપચાર છે.

મહર્ષિ પતંજલિએ યોગદર્શનમાં ચિત્તવૃત્તિઓના નિરોધને યોગ કહ્યો છે. અનિયંત્રિત, અસ્તવ્યસ્ત અને ભ્રાંતિઓમાં ભટકનારી મનઃસ્થિતિને માનવીય ક્ષમતાઓના અપવ્યય તેમજ ભક્ષણને માટે જવાબદાર ગણાવી છે અને આને દિશાવિશેષમાં નિયોજિત રાખવાનો પરામર્શ પણ આપ્યો છે. ગીતાકારે પણ મનને જ મનુષ્યનો મિત્ર તેમજ શત્રુ ગણ્યું છે અને તેને ભટકતું અટકાવીને પોતાનું ભવિષ્ય બનાવવા માટેની સલાહ આપી છે. આ સંદર્ભમાં મહર્ષિ વશિષ્ઠનું કહેવું છે કે જેણે મનને જીતી લીધું તેને ત્રણે લોકનો વિજેતા કહેવો જોઈએ. આ પ્રતિપાદનો વડે એક જ સંકેત મળે છે કે મનોદશાની ગરિમા શારીરિક સ્વસ્થતા કરતાં પણ વધારે માનવી જોઈએ અને સમજવું જોઈએ કે અનેકાનેક સમસ્યાઓનો ઉદ્ભવ તેમજ સમાધાનનો આધાર આ જ ક્ષેત્રની સુવ્યવસ્થા ઉપર નિર્ભર છે.

આ સંદર્ભમાં સુપ્રસિદ્ધ મનોવિજ્ઞાની હેક ડ્યૂકે પોતાના શોધપૂર્ણ પુસ્તક - 'માઇન્ડ એન્ડ હેલ્થ'માં શરીર ઉપર પડનારા માનસિક પ્રભાવનું સુવિસ્તૃત નિરીક્ષણ રજૂ કર્યું છે. તેઓનો નિષ્કર્ષ છે કે શરીર ઉપર આહારના વ્યતિક્રમનો પ્રભાવ તો પડે જ છે, અભાવ તથા પોષક તત્ત્વોની ઊણપ પણ પોતાની પ્રતિક્રિયા છોડે છે. કાયા ઉપર સર્વાધિક પ્રભાવ વ્યક્તિની પોતાની મનઃસ્થિતિનો પડે છે. આ પ્રભાવ-પ્રતિક્રિયા નાડીમંડળ ઉપર ૩૬ ટકા અંતઃસ્રાવ, હોર્મોન ગ્રંથિઓ ઉપર ૫૬ ટકા તેમજ માંસપેશીઓ ઉપર ૮ ટકા જોવા મળ્યો છે. સંશોધનકર્તા ચિકિત્સાવિજ્ઞાનીઓએ અનેક રોગીઓનું નિરીક્ષણ કર્યા બાદ તારણ કાઢ્યું છે કે કોઈ એવાં સ્થૂળ કારણ શોધી શકાયાં નથી, જેના કારણે તેમને ગંભીર રોગોના શિકાર બનવું પડે. છતાં પણ તે અનિદ્રા, અપચો, હાઈબ્લડ-પ્રેશર, હિસ્ટીરિયા, કેન્સર, કોલાઈટીસ, હૃદયરોગ જેવી ઘાતક બીમારીઓથી ઘેરાયેલા જોવા મળ્યા. સૌથી મોટી વાત જોવા એ મળી કે કોઈ પણ ઔષધ-ઉપચાર વડે તેમને કોઈ રાહત મળી નહીં. જોવા મળ્યું કે મનોવૈજ્ઞાનિક પદ્ધતિથી તેમનો ચિંતનપ્રવાહ વાળવામાં આવ્યો તો સકારાત્મક પરિણામ સામે આવ્યાં. ઔષધ-ઉપચાર વગર જ તેમાંના ઘણા ખરા સ્વસ્થ થઈ ગયા.

આજની પ્રચલિત તમામ ઉપચારવિધિઓ-પથીઓ તેમજ નવીનતમ ઔષધિઓ હોવા છતાં જુદા જુદા પ્રકારના રોગોનું જાણે કે પૂર આવ્યું છે. શ્રી હેકના મતાનુસાર આવી પરિસ્થિતિઓમાં રોગનિવારણનું સૌથી સસ્તું, સુનિશ્ચિત અને હાનિરહિત નિર્ધારણ કરવું પડશે. આને માટે રોગોત્પત્તિનું મૂળ કારણ મનઃસ્થિતિની ઊંડી તપાસ કરીને તેને અનુરૂપ ઉપાય-ઉપચાર અપનાવવાથી જ બીમારી ઉપર વિજય મેળવી શકાય છે. હવે સમય આવી ગયો છે, જ્યારે 'હોપ' એટલે કે આશા, 'ફેથ' એટલે કે શ્રદ્ધા 'કોન્ફીડન્સ' એટલે કે આત્મવિશ્વાસ, 'વિલ' એટલે કે ઇચ્છાશક્તિ તેમજ 'સજેશન' એટલે કે સ્વસંકેત જેવા પ્રયાસોનો સ્વાસ્થ્ય-સંવર્ધનના ક્ષેત્રમાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઉપયોગ કરવો જોઈએ. મનના અતળ ઊંડાણમાં પ્રવેશ કરીને દૂષિત તત્ત્વોની શોધખોળ કરી, તેને બહાર કાઢીને ફેંકવામાં આ જ તત્ત્વો સમર્થ થઈ શકે છે. અન્ય કોઈ નહીં.

શારીરિક આધિઓ અને માનસિક વ્યાધિઓથી છુટકારો મેળવવા તેમજ અવાંછનીય આદતોના કારણે ઉત્પન્ન થતી રહેતી વિષમ પરિસ્થિતિઓ સામે ઝઝૂમવા માટે પરિષ્કૃત મનોભૂમિ હોવી જરૂરી છે. મહામાનવો-માંથી પ્રત્યેકને અંતઃચેતનાની ઉત્કૃષ્ટતાને કોઈને કોઈ રીતે અર્જિત કરવી પડી છે. બલિષ્ઠતા માટે વ્યાયામ, વિદ્વત્તા માટે અધ્યયન, ઉપાર્જન માટે પુરુષાર્થની જે રીતે જરૂરિયાત પડે છે, તેવી જ રીતે મનસ્વી બનવા માટે યોગાભ્યાસ સાથેની તપસાધનાનો વિચાર પરિષ્કારનો અભ્યાસ જરૂરી છે.

આજના વિજ્ઞજનોએ શરીર પછી બુદ્ધિને વધારે મહત્ત્વ આપ્યું છે. બુદ્ધિ મનુષ્યની પ્રતિભા-પ્રખરતાને નિખારવા, યોગ્યતા વધારવામાં કામ આવે છે. પ્રત્યેક ક્ષેત્રમાં આની જ બોલબાલા અથવા વર્ચસ્વ છે. અત્યાર સુધીની માનવી વ્યક્તિત્વના આ બંને સ્થૂળ સ્તર શરીર અને બુદ્ધિને જ સર્વત્ર મહત્ત્વ મળતું રહ્યું છે. મન આ બંને કરતાં અધિક સૂક્ષ્મ છે. પ્રત્યક્ષ રૂપે તેની ભૂમિકા જોઈ ન શકવાને લીધે ઘણા ખરા લોકો તેને મહત્ત્વ આપતા નથી. જ્યારે બુદ્ધિ અને શરીર કેવળ મનના ઈશારા ઉપર ચાલે છે એટલું જ નહિ, પરંતુ તેની સારી-ખરાબ સ્થિતિથી અસામાન્યપણે પ્રભાવિત પણ થાય છે. આ તથ્યની પુષ્ટિ હવે સંશોધક મનોવૈજ્ઞાનિકોએ પણ કરી છે કે બીમારીઓની જડ શરીરમાં નહીં, મનમાં છુપાયેલી હોય છે. તેના વિકાસ તેમજ પરિષ્કાર વડે જ સ્વસ્થતા તથા મનસ્વિતા પ્રાપ્ત કરી શકાય છે.

પોષણ અથવા આહાર-વિહારના સંતુલનના અભાવે શરીર બીમાર પડે છે અને પોતાનું સામર્થ્ય ગુમાવી બેસે છે. આવી જ રીતે વૈચારિક ખોરાક ન મળે, તો બુદ્ધિની પ્રખરતા નાશ પામે છે. વધુમાં વધુ તે જીવનશકટને ગમે તેમ ખેંચવા જેટલો સહયોગ માત્ર આપી શકે છે. ઉપેક્ષાનું કષ્ટ મનને સૌથી વધારે મળ્યું છે. પરિણામે તેની અસીમ સંભાવનાઓથી પણ મનુષ્યજાતિને વંચિત રહેવું પડે છે. નિરુદ્દેશ્ય ભટકતી તેમજ ઊછળતી ઇચ્છાઓ-આકાંક્ષાઓનું એક નગણ્ય સ્વરૂપ જ મનની ક્ષમતાના રૂપમાં સામે આવી શક્યું છે. મનોબળ, સંકલ્પબળ, ઇચ્છાશક્તિનું પ્રચંડ સામર્થ્ય તો યત્કિંચિત્ વ્યક્તિઓમાં જોવા મળે છે. અધિકાંશ વ્યક્તિઓ મનની પ્રચંડ ક્ષમતાનો લાભ ઉઠાવતા નથી અને તેમને બહાર લાવતા નથી. મનને સશક્ત બનાવવું, તેમાં સંનિહિત ક્ષમતાઓને સુવિકસિત કરવી તો ઠીક તેને સ્વસ્થ તેમજ સંતુલિત રાખવામાં પણ મુશ્કેલી પડે છે. ફલતઃ બીમારીની સ્થિતિમાં તે વિકૃત આકાંક્ષાઓ-ઇચ્છાઓને જ જન્મ આપે છે.

ઇચ્છાઓ-આકાંક્ષાઓ માનવીય વ્યક્તિની, સ્વાસ્થ્ય સંતુલન તેમજ વિકાસની પ્રેરણાસ્રોત હોય છે. તેમનો સ્તર નિકૃષ્ટ હોવાથી મનુષ્યના ચિંતન ચરિત્ર અને વ્યવહારમાં શ્રેષ્ઠતાની આશા કઈ રીતે રાખી શકાય ? બીમાર માનસ બીમાર સમાજને જ જન્મ આપશે. મન રોગી હશે, તો શરીર પણ પોતાનું સ્વાસ્થ્ય વધારે દિવસો સુધી સ્વસ્થ રાખી શકશે નહીં. વૈજ્ઞાનિક ક્ષેત્રનાં નવાં સંશોધનોએ કેટલાય સિદ્ધાંતોનું ખંડન કર્યું છે. કેટલીય નવી પ્રતિસ્થાપનાઓ થઈ છે તથા કેટલાય સિદ્ધાંતોમાં ફેરબદલી કરવા માટે વિવશ થવું પડ્યું છે. હવે ધીરે-ધીરે સ્થૂળ ઉપરથી વિશ્વાસ તૂટતો જાય છે, પદાર્થ જ નહીં, શારીરિક સ્વાસ્થ્યના સંબંધમાં પણ પ્રચલિત ધારણાઓમાં ક્રાંતિકારી પરિવર્તન થવાની સંભાવના નજરે પડે છે. તન કરતાં મનને સજાવવાને અને તેને ઉત્કૃષ્ટ બનાવવાની બાબતને મહત્ત્વ આપવામાં આવે તે દિવસ દૂર નથી.

સંશોધક મૂર્ધન્ય મનોવિજ્ઞાનિકોએ મનના રહસ્યમય સ્તરનું વિશ્લેષણ કરતાં, એ રહસ્યોદ્‌ઘાટન કર્યું છે કે મનઃસંસ્થાનમાં જ કેટલા બધા શારીરિક રોગોનાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મૂળ વિદ્યમાન છે. મનનો ઉપચાર જો યોગ્ય રીતે કરવામાં આવે, જેને અસાધ્ય તેમજ શારીરિક મૂળનો ક્યારેય સારું ન થાય તેવા રોગ માનવામાં આવે છે એ રોગોમાંથી, પણ મુક્તિ મળી શકે છે. ભારતીય ઋષિમુનિઓ આ તથ્યથી પ્રાચીનકાળથી જ પરિચિત રહ્યા છે. હવે પાશ્ચાત્યવિજ્ઞાની પણ તેની પુષ્ટિ કરવા લાગ્યા છે. આ સંદર્ભમાં રોયલ મેડિકલ સોસાયટીના નિષ્ણાત ચિકિત્સા-વિજ્ઞાની ડૉક્ટર ગ્લૌસ્ટનનું કહેવું છે કે શારીરિક રોગોની ઊપજ વધવાથી માંડીને સારા થવા અથવા કષ્ટસાધ્ય બનવામાં માનસિક સ્થિતિની ભૂમિકા ઘણી જ મોટી હોય છે. મનને સશક્ત તેમજ વિધેયાત્મક બનાવીને મુશ્કેલમાં મુશ્કેલ રોગો ઉપર વિજય મેળવી શકાય છે અને દીર્ઘજીવનનો આનંદ મેળવી શકાય છે. વિકૃત મનઃસ્થિતિ મનુષ્યને રાક્ષસ અથવા તો જીવતી લાશ બનાવીને છોડે છે. આ બધું જ આપણી ઇચ્છા-આકાંક્ષા તેમજ વિચારણા ઉપર નિર્ભર રહે છે કે આપણે સ્વસ્થ-સમુન્નત બનીએ અથવા તો બીમાર કે હીન.

રોગોત્પત્તિ અથવા રોગોના ચઢાવ-ઉતારમાં જેટલો ગાઢ સંબંધ શારીરિક કારણો અથવા પરિસ્થિતિઓનો માનવામાં આવે છે તેનાથી કેટલોય વધુ ગાઢ વધુ પ્રભાવ મનોદશાનો પડે છે. જો વ્યક્તિ માનસિક દૃષ્ટિએ સુદૃઢ હોય, તો પછી રોગોની સંભાવનાઓ ઘણી જ ઓછી રહે છે. આક્રમણ કરવા છતાં પણ રોગ લાંબો સમય ટકી શકતા નથી. એટલા માટે ચિકિત્સકીય ઔષધ-ઉપચાર ઉપર જેટલું ધ્યાન આપવામાં આવે છે તેનાથી ઘણું વધારે જો મનઃસ્થિતિને યોગ્ય બનાવવાનો માનસિક પરિષ્કાર કરવાનો ચિંતન-ચરિત્ર-વ્યવહારને ઉચ્ચસ્તરીય બનાવવાનો પ્રયત્ન કરી શકાય તો નીરોગી કાયાની સાથે સાથે વ્યક્તિત્વ-પરિષ્કારનો બેવડો લાભ મેળવી શકાય છે. મન જ પ્રગતિ અને અવગતિનું, બીમારી અથવા તંદુરસ્તીનું મૂળ છે. આ તથ્યને જેટલું વહેલું સમજી શકીએ એટલું સારું છે.

---

*સારી બાબત કરતાં ખોટી બાબતો બહુ જલદી ગ્રહણ કરી લેવાય છે. મોટાભાગે કુટુંબમાં સભ્યો તથા બાળકો વડીલોનું અનુકરણ જ કરતા હોય છે. કુટુંબમાં ખરાબ ગુણોવાળા સભ્યો એક મહારોગની માફક હંમેશાં પીડતા રહે છે. તેમનામાં સુધારો લાવવાની જરૂર રોગીને નીરોગી બનાવવા જેટલી જ અગત્યતા ધરાવે છે. તેની અવગણના કરવામાં આવે તો કુટુંબના સભ્યમાં ઘૂસેલા દુર્ગુણ આખા કુટુંબની સુખશાંતિનો નાશ કરી ઘરને તદ્દન નર્ક જેવું બનાવી દે છે. દુર્ગુણોને તો ઊગતા જ ડામી દેવા જોઈએ. જો એકવાર દુર્ગુણો ઘર કરી ગયા તો તેમાં સુધારો થવાની શક્યતા બહુ જ નહિવત્ રહે છે.*

*કોઈ પણ વ્યક્તિ જો સુખની ચાહના રાખતી હોય તો તેણે પોતાના કુટુંબને પણ સુસંસ્કારી બનાવવું જોઈએ. આવું વિચારતી વખતે આપણે હંમેશાં ખ્યાલ રાખવો જોઈએ કે કુટુંબના સભ્યોને ફક્ત ઉપદેશ આપવાથી કામ ચાલી શકશે નહીં. જો ખાલી ઉપદેશ આપવાથી જ કામ ચાલી જતું હોય તો કુટુંબમાં કોઈ ને કોઈ તો સમજુ હોય છે, જે ઉપદેશ આપી શકે. તેની સમજાવટથી જ ઘરના બધા સભ્યો સદ્ગુણી હોત અને ઘરનું વાતાવરણ સ્વર્ગ જેવું બનત, પછી ઘરમાં અશાંતિ હોત જ નહીં અને જો આવું જ હોય તો બાળકો પણ ઉચ્છૃંખલ અને અવગુણી ન હોત.*

*કુટુંબને સુધારવાની ઈચ્છા રાખનારે સૌ પ્રથમ સુધારો પોતાનામાં કરવો જોઈએ. બાળકને જન્મ આપવાથી માતાપિતાનું કર્તવ્ય પૂરું થઈ જતું નથી, પરંતુ તેમની ખરી જવાબદારી તો બાળકોને સંસ્કારી બનાવવાની છે. બાળકોની ખરાબ ટેવો માટે મોટાભાગે તેમનાં માતાપિતા કે વાલીઓને દોષિત ગણવામાં આવે છે. માતાપિતા પોતે જ જો દુર્ગુણોથી ભરેલાં હોય તો તેમનાં બાળકોમાં મોટેભાગે તેવા પ્રકારના જ સંસ્કારો જોવા મળે છે.*


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

(યુગગીતા-૧૦)

# શાંતિના મહાસાગરમાં વિચરણ કરે છે સ્થિતપ્રજ્ઞ

**(ગીતાના દ્વિતીય અધ્યાયના સ્થિતપ્રજ્ઞના વિવેચન સાથેનો સમાપન અધ્યાય)**

*સ્થિતપ્રજ્ઞની વ્યાખ્યા કરતા ભગવાન શ્રીકૃષ્ણ પોતાના શિષ્ય અર્જુનને દ્વિતીય અધ્યાયમાં જણાવે છે કે તેની જીવન પ્રત્યેની દૃષ્ટિ તેમજ સામાન્ય વ્યક્તિના ચિંતનમાં ઘણું મોટું અંતર હોવું જોઈએ. ભોગવિલાસના સમુદ્રમાં ડૂબેલા એક સામાન્યજનની જીવનદૃષ્ટિ ઊલટી હોય છે. અર્થાત્ માનવીએ જે પોતાની ગરિમાને અનુરૂપ કરવું જોઈએ તેનાથી તે ઊલટું કરે છે, એક તુચ્છ કીડા-નરપશુ જેવી જિંદગી જીવે છે. આ ક્રમને ઉલટાવીને જ યોગી બની શકાય છે. આ તથ્યને શ્લોક ક્રમાંક ૬૯માં "या निशा सर्वभूतानां..." ના માધ્યમ દ્વારા યોગેશ્વરે સ્પષ્ટ કર્યું છે. પરમપૂજ્ય ગુરુદેવ કહે છે - 'અધ્યાત્મ જિંદગીનું શીર્ષાસન છે.' અર્થાત્ ઊલટાને ઉલટાવીને સીધું કરી સાચી દૃષ્ટિએ જોવું - પોતાની જોવાની દૃષ્ટિ બદલીને દેવમાનવોની રીતિનીતિ અપનાવવી એ જ આધ્યાત્મિક જીવન છે. — યોગીઓની, સ્થિતપ્રજ્ઞની જીવનશૈલી છે. ભોગ પ્રત્યે સૂતેલી તેમજ કર્તવ્ય પ્રત્યેની જાગૃત વ્યક્તિ જ સાચા અર્થમાં સંયમી-સ્થિતપ્રજ્ઞ બની શકે છે.*

*પાછલા અંકમાં સત્તરમા શ્લોકની વ્યાખ્યામાં જણાવ્યું હતું કે એક ઘણા સુંદર ઉદાહરણના માધ્યમ દ્વારા ગીતાકારે દર્શાવ્યું છે કે સમુદ્ર અચલ પ્રતિષ્ઠાવાળો હોય છે, અશાંત તીવ્ર પ્રવાહવાળી નદીઓ પ્રતિક્ષણ પોતાના જલનિધિ સહિત તેમાં સમાતી રહે છે. છતાં પણ ગંભીર-અથાગ ઊંડાઈવાળો મહાસાગર ક્યારેય વિચલિત થતો નથી. આવી જ રીતે સ્થિતપ્રજ્ઞ વ્યક્તિ ધીર-ગંભીર હોય છે — વિકારો દ્વારા, ઈન્દ્રિયભોગ વડે પ્રભાવિત થતો નથી. અલગ અલગ પ્રકારના સાંસારિક જીવન સાથે જોડાયેલા ઈન્દ્રિયભોગ પણ તેને મળતાં જ તેનામાં સમાઈ જાય છે. તે કોઈ પણ પ્રકારની વિકૃતિ તેની અંદર ઉત્પન્ન કરી શકતા નથી.*

*'**न कामकामी**' ના અવતરણથી ભગવાન કૃષ્ણ કહે છે કે સ્થિતપ્રજ્ઞ પુરુષ જ શાંતિને પ્રાપ્ત કરી શકે છે, નહિ કે ભોગને ચાહનારો. આ જ વ્યાખ્યાને થોડો વધુ વિસ્તાર આપીને અંતિમ બે શ્લોકોની સમીક્ષા સાથે સ્થિતપ્રજ્ઞની સમાપનકારક વિવેચના, આ અંકમાં.*

અહીં ભગવાન કહી રહ્યા છે કે સ્થિતપ્રજ્ઞ એક સમુદ્રના જેવો ધીર-ગંભીર વ્યક્તિત્વવાળો હોય છે. જે રીતે ચારે બાજુથી આવનારા જળને તે પોતાની અંદર સમાવી લે છે, છતાં પણ સીમાનું ઉલ્લંઘન નથી કરતો, તેવી જ રીતે અનેક કામનાઓની-કામભાવોની અંદર પ્રવિષ્ટ હોવા છતાં પણ સ્થિતપ્રજ્ઞ વિચલિત થતો નથી-હંમેશાં શાંત રહે છે. જે કામવાસનાઓની પાછળ દોડે છે, તેને શાંતિ પ્રાપ્ત થતી નથી. તે સદૈવ સંક્ષુબ્ધ-વિક્ષુબ્ધ (બનેલો) રહે છે. અહીં જે 'કામ' શબ્દનો પ્રયોગ ભગવાન શ્રીકૃષ્ણએ કર્યો છે, તે સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોની સાથે અહીં બહુવચનમાં ઉપયોગમાં લેવામાં આવ્યો છે. **'कामा यं प्रविशन्ति'** નો અર્થ છે — ઉપભોગ્ય પદાર્થ — વિષયભોગ - બાહ્યસુખના વિષયોનો ઉપભોગ. એવો જ 'કામ'નો અર્થ ઋષિએ ઉપનિષદમાં પણ કર્યો છે, જ્યારે તે કહે છે - **'ये ये कामा दुर्लभा मृत्युलोके'** એટલે કે "હે નચિકેતા ! જે જે વિષયભોગ આ જગતમાં દુર્લભ છે, એ બધા હું યમ તને આપું છું." આ રીતે કામ શબ્દના ત્રણ અર્થ થયા - એક મૂળ વિકાર કામ, બીજો મનોગત કામના અને ત્રીજો બાહ્ય વિષયોનો ઉપભોગ, એક અર્થ પરમપૂજ્ય ગુરુદેવ આપતા રહેતા હતા - 'કામ' અર્થાત્ અંતઃની ઉલ્લાસની વૃત્તિ જેનું ઊર્ધ્વગમન કરવાથી તે રચનાત્મક જ્ઞાનની શક્તિ બની જાય છે. 'આધ્યાત્મિક કામવિજ્ઞાન' પુસ્તકમાં આ વિષયમાં વિસ્તારપૂર્વક સમજાવવામાં આવ્યું છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બાહ્ય વિષયોને 'કામના'ના આધારભૂત કહેવાનું કારણ એ છે કે તેનો આશ્રય લેવાથી મનમાં કામના જાગૃત થાય છે. આ વિષય જ કામનાઓના નિમિત્ત બને છે. અનેક જન્મોના પૂર્વ કર્મ-અનેક નવા અને જૂના અનુભવ તેમજ તેનાથી જન્મતા સંસ્કાર આ જ આપણા મનની કામનાઓનાં મૂળ કારણ છે. આ જ કારણોને લીધે બાહ્ય પદાર્થોને વિષયભોગ ઉત્પન્ન કરનાર એવું કહેવામાં આવે છે.

મન ઉપર વિષયોની - બાહ્ય પદાર્થોની અસર સહજ રીતે થતી રહે છે. તે ઇન્દ્રિયો દ્વારા મનમાં પ્રવેશ કરે છે, છતાં પણ સ્થિતપ્રજ્ઞના ચિત્ત ઉપર તેનો કોઈ પ્રભાવ પડતો નથી. આ સ્થિતપ્રજ્ઞ પુરુષનો વૈભવ છે. તે હૃદયમાં રહેલી કામનાઓનો ભોગ કરવાની ઇચ્છાઓને મિટાવી દે છે. તેણે કોઈ પણ વિષયથી ડરવાની-દૂર રહેવાની જરૂર હોતી નથી. વિષયોના બજારમાં - માયાવી સંસારમાં પણ જો તેને લાવીને ઊભો કરી દેવામાં આવે, તો પણ તે પોતાની સ્થિતિમાંથી ડગતો નથી. અહીં શ્રીકૃષ્ણના રૂપમાં યોગેશ્વર પાસે વેદવ્યાસે કાવ્યના માધ્યમ દ્વારા જ્ઞાની પુરુષના ગૌરવની ગાથાનું ગાન કરાવ્યું છે.

સ્વાદ હોય કે અસ્વાદ, સ્થિતપ્રજ્ઞનું મન આહાર ભોગને લીધે ક્યારેય વિચલિત થતું નથી. રસગુલ્લાં ખાતી વખતે મનમાં થાય છે, આપણે વધારે ખાઈએ. આપણે તો સ્થિતપ્રજ્ઞ છીએ — આપણને ભોગ વ્યાપી શકતા નથી અને રસગુલ્લાં ખાવાનું મન થાય છે. સ્વામી વિવેકાનંદ આ ઉદાહરણ આપીને કહેતા હતા કે એવો મનષ્ય જીભ ઉપર ચાંદાં પડી જાય, તો બૂમો પાડતો રહે છે — ચીસ પાડતો રહે છે, ત્યારે સ્થિતપ્રજ્ઞ બનતો નથી. મન અસ્થિર ન થાય, તો એક વ્યક્તિ બધું જ ગ્રહણ કરવા છતાં પણ ક્યારેય વિકારયુક્ત થતો નથી. રામકૃષ્ણ પરમહંસની પાસે સ્વામી વિવેકાનંદ ઘણું બધું અભક્ષ્ય ખાઈને આવ્યા અને કહેવા લાગ્યા કે આપે તો કાંદા-લસણની પણ મનાઈ ફરમાવી છે, હું તો આટલું બધું ખાઈને આવ્યો છું. ત્યારે ઠાકર કહેતા હતા કે તું આ બધાથી પર છે. તું સૌની સમક્ષ ખોટું ઉદાહરણ ન રાખ. આ તારી નકલ કરતા રહેશે વગર સમજે કે તું કેટલી ઉચ્ચ સ્થિતિએ પહોંચેલો સ્થિતપ્રજ્ઞ છું, જ્યાં તને વિકાર જરા પણ વ્યાપતા નથી.

આવું એક ઉદાહરણ પરમપૂજ્ય ગુરુદેવના જીવનનું પણ છે. તેઓ પ્રવાસમાં હતા. ભાવસભર પરિજનોએ ભૂલથી દૂધમાં ખાંડની જગ્યાએ મીઠું નાખી દીધું. સારી રીતે હલાવ્યું ન હતું એટલે ચમચી લાવીને હલાવીને પૂજ્યવરને આપ્યું, ત્યાં સુધીમાં તે એક ઘૂંટડો ચાખી ચૂક્યા હતા. તેઓ તે ભક્તની સામે જ બધું દૂધ પી ગયા - ચહેરા ઉપર જરા પણ ભાવ આવવા ન દીધો કે દૂધમાં મીઠું છે. સાથે પ્રવાસ કરતા શ્રદ્ધેય પંડિતજી તથા એક અન્ય પરિજનના ચહેરા ઉપર જ્યારે તેમણે ભાવ જોયા તો મૂક સ્થિતિમાં જ ગુસ્સો કર્યો અને પી જવાનો ઈશારો કર્યો. પછીથી જ્યારે બીજા પાસેથી ખબર પડી, ત્યારે તે બહેન ઘણું જ રડી કે હું આ શું કરી બેઠી ! પરંતુ સ્થિતપ્રજ્ઞની સ્થિતિમાં પહોંચેલી અમારી એ ગુરુસત્તાએ પોતાના તરફથી જરાસરખો પણ આભાસ એ ત્રુટિ બાબતે થવા ન દીધો. આવા ભોગ, આવા મહામાનવોમાં જઈને લય થઈ જાય છે.

રામકૃષ્ણ પરમહંસની પાસે ગિરીશબાબુ તથા નરેન્દ્રનાથની ચર્ચા ચાલી રહી હતી કે સ્થિતપ્રજ્ઞ કેવો હોય છે - તેને ક્યાં કઈ રીતે જોઈએ. ગિરીશબાબુને ઠાકુરે ચર્ચા માટે રોકી લીધા તથા નરેન્દ્રનાથ (સ્વામી વિવેકાનંદ)ને કહ્યું કે પંચવટીમાં જઈને ધ્યાન કરો. ચારે બાજુથી મચ્છરોએ સ્વામીજીને ઢાંકી દીધા, જાણે કાળી ચાદર હોય, છતાં પણ તેમનું મન એકચિત્ત જ રહ્યું - જરા પણ વિચલિત થયું નહીં. ગિરીશબાબુને રામકૃષ્ણ પરમહંસે નરેન્દ્રની બાજુમાં બેસીને ધ્યાન કરવાનું કહ્યું, તો તેઓ ઘણા સમય સુધી મચ્છરોના આક્રમણથી વિચલિત રહ્યા. પછી અંદરથી એક ધાબળો લઈ આવ્યા, જેથી ધ્યાનમાં એકાગ્ર રહી શકાય. છતાં પણ ધાબળામાં ક્યાંકથી મચ્છર ઘૂસી ગયાં, ત્યારે તેઓ ફરી પાછા અસ્થિર થઈ ગયા. મચ્છરોના સતત આક્રમણ પછી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પણ વિવેકાનંદ સતત આઠ કલાક ધ્યાનસ્થ રહ્યા. ગિરીશબાબુ મચ્છર ઉડાડતા રહ્યા - આશ્ચર્યથી જોતા રહ્યા કે આમનું ધ્યાન કઈ રીતે લાગેલું રહ્યું છે. વિવેકાનંદ ઊઠ્યા - પોતાનો હાથ હલાવ્યો બધાં જ મચ્છર ઊડી ગયાં. તેમણે ગિરીશબાબુને જોયા અને કહ્યું કે જીસી (ગિરીશબાબુનું નામ) તમે શું કરો છો ? તેઓ બોલ્યા- અમે તો ધ્યાન કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ, પરંતુ કરી શકતા નથી. તમે કઈ રીતે ધ્યાન કરી લીધું ? આટલાં બધાં મચ્છર હોવા છતાં ? સ્વામીજી બોલ્યા કે ધ્યાન તો આત્મા વડે કરવામાં આવે છે. મચ્છર તો શરીરને કરડતાં હતાં. આત્માને થોડું કષ્ટ આપતા હતા ? તમે જરા શરીરમાં અંદર ડૂબકી મારીને ધ્યાન તો કરી જુવો. જ્યારે આવી સ્થિતિ આવી જાય છે, આત્મારૂપી સમુદ્ર નિશ્ચલ થઈને રહે છે, તો કેટલાંય કષ્ટ આવે - કેટલાય વિષયોનાં આક્રમણ થાય - ચિત્ત જરા પણ વિચલિત થતું નથી. આવી સ્થિતિમાં કરવામાં આવેલ જપ બ્રાહ્મી સ્થિતિને પ્રાપ્ત કરાવી દે છે. આ ઉદાહરણથી સ્થિતપ્રજ્ઞના વિષયમાં આપવામાં આવેલી 'સમુદ્ર'વાળી સંજ્ઞાને સારી રીતે સમજી શકાય છે.

સ્થિતપ્રજ્ઞની સ્થિતિનું ગીતાના દ્વિતીય અધ્યાયના આ સત્તરમા શ્લોકના પરિપ્રેક્ષ્યમાં વિવેચન કરતાં વિનોબાએ 'સ્થિતપ્રજ્ઞ દર્શન'માં લખ્યું છે કે સ્થિતપ્રજ્ઞ અવિચલ મનઃસ્થિતિ તથા અંતઃકરણના હોય છે. એક બાજુ તેમાં અત્યંત પરિશુદ્ધ કર્મ પણ અસંભવ છે, તો બીજી બાજુ નિષિદ્ધ કર્મ પણ સંભવ છે. એક બાજુ શુભાશુભ કર્મોનો સંન્યાસ કરવામાં આવી રહ્યો છે, તો બીજી બાજુ બધાં જ શુભાશુભ કર્મોનો યોગ છે. બધી જ સ્થિતપ્રજ્ઞ સ્થિતિની વ્યક્તિઓનું આંતરિક લક્ષણ હંમેશાં એક જ હોય છે. તેમનું અંતર્જગત હંમેશાં શાંત રહેતું હોય છે. આત્મસ્થિતિનો ક્યારેય ભંગ થતો નથી. હંમેશાં અવિચલિત બની રહે છે. જાગૃત વિવેકશક્તિના માધ્યમ વડે — સત્ અને અસત્નું નિરંતર ભાન કરતા રહીને, તે સમુદ્રની જેમ વિરાટ-ધીર-ગંભીર હૃદયવાળો હોય છે. આમાં સ્થિતપ્રજ્ઞની પરિભાષાને સમજવી જોઈએ. નહીં તો આપણે સૌ એમ માની બેસીશું કે આચાર-વ્યવહારની કોઈ રોકટોક તેને નથી હોતી. તે ઇચ્છે તે કરે છે - કરતો રહે છે, પરંતુ નિર્લિપ્ત ભાવ વડે કરી રહ્યો છે, અતઃક્ષમ્ય છે, આવું થવાથી તો કોઈ પણ આ પરિભાષાના ગઢમાં પ્રવેશ કરી શકે છે. વસ્તુતઃ સ્થિતપ્રજ્ઞ પોતે પોતાને એ રીતે વિકસિત કરી લે છે કે તેની દૃષ્ટિએ સંસારમાં શુભ સિવાય બીજું કશું જ નથી. આ વ્યાપ્ત થઈ જાય છે. આ જ કારણે તે સદૈવ શાંતિને પ્રાપ્ત છે. શાંતિ મેળવવા માટેનું આ એકમેવ સૂત્ર પણ છે. આગલો શ્લોક છે -

**વિહાય કામાન્યઃ સર્વાન્પુમાંશ્ચરતિ નિઃસ્પૃહઃ ।**
**નિર્મમો નિરહંકારઃ સ શાંતિમધિગચ્છતિ ॥ (૭૧/૨)**

એટલે કે "જે પુરુષ સંપૂર્ણ કામનાઓનો ત્યાગ કરીને મમતારહિત, અહંકારરહિત અને સ્પૃહારહિત થયેલો વિચરણ કરે છે, તે જ શાંતિ પ્રાપ્ત કરી શકે છે, એટલે કે તે શાંતિરૂપ થઈ જાય છે.

સ્થિતપ્રજ્ઞ પ્રકરણના આ ઉપસંહારપરક વિવેચનમાં ઘણી જ મહત્ત્વપૂર્ણ વાતો કહેવામાં આવી રહી છે, જેમાંથી કેટલીક ફરીથી કહેવામાં આવી રહી છે. લક્ષણોની શરૂઆત યોગીરાજ શ્રીકૃષ્ણએ કામનાત્યાગથી કરી હતી. અહીં ઉપસંહારમાં પણ કામનાત્યાગની વાત ફરીથી કહેવામાં આવી છે. મમતા, અહંકાર અને સ્પૃહા (વાસના અથવા કામના) આ ત્રણેને જે છોડી દે, તે શાંતિરૂપ થઈ જાય છે. આ જ પ્રકારાંતરથી તૃષ્ણા, અહંકાર અને વાસનાના રૂપમાં, વિત્તેષણા, લોકેષણા, પુત્રેષણાના રૂપમાં સમજાવવામાં આવી રહી છે. અહીં 'નિસ્પૃહ' શબ્દને સમજવો જરૂરી છે. જ્યારે બધી જ કામનાઓ છોડી દીધી, તો પછી સ્પૃહા (વાસના-કામના) ન છોડી, આ વાત આ શ્લોકમાં સમજાતી નથી. 'બધી જ કામનાઓ છૂટી ગઈ તો જીવનવિષયક કામના છૂટી કે નહીં' એ આશય અહીં **'વિહાય કામાન્ય'** પછી નિઃસ્પૃહનો છે. જીવવાની અભિલાષા મૃત્યુ સુધી શૂળની માફક ખૂંચતી રહે છે. પરંતુ જે જીવવાની વાસના છોડી દે છે. તે જીવતો રહેવા છતાં પણ જીવનમુક્ત પરમહંસ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

થઈ જાય છે. અર્જુનની મનઃસ્થિતિને જોતાં ભગવાન દ્વારા એ અહીં સ્પષ્ટ કરવું ઘણું જ અનિવાર્ય પણ હતું તેમજ યુગશિક્ષણ માટે પણ આને એકસૂત્ર બનવાનું હતું.

અહીં 'ચરિત' શબ્દ આવ્યો છે - આનો ભાવાર્થ છે કે આવી વ્યક્તિ રમે છે - કૂદે છે - વિચરણ કરે છે. તેના જીવનમાં દુઃખ નથી રહેતું. બાહ્ય વાસનાઓ-જીવવાની અભિલાષા મટતાં જ અંદરનો વિશુદ્ધ આનંદ બાકી રહી જાય છે. આ રીતે તે નાનાં બાળકોની જેમ નિર્મળ ચિત્ત મનવાળો થઈને વ્યવહાર કરતો વિચરણ કરે છે. 'ગીતા રહસ્ય' અનુસાર તિલકે કહ્યું છે કે 'ચરિત'નો અર્થ છે - સંયમપૂર્વક ઇન્દ્રિયોનો સદુપયોગ કરતા રહીને જીવવું તથા પરમપૂજ્ય ગુરુદેવ કહે છે કે આ શબ્દનો અર્થ છે - દેવમાનવની જેમ હંમેશાં હસતા-હસાવતા જિંદગી જીવવી, અન્યને સુખ મળે તે રીતે ઇન્દ્રિયોનો ઉપભોગ કરવો. પ્રકારાંતરે બધી જ વ્યાખ્યાઓ એક જ નિષ્કર્ષ ઉપર લઈ જાય છે કે સાધકની સ્થિતિમાં જીવવાથી અહંકાર-મમતા ચાલ્યાં જાય છે. શુભાશુભ કામના જતી રહે છે, જીવનસ્પૃહા જતી રહે છે અને પછી શાંતિ જ શાંતિ રહી જાય છે.

સાંખ્યયોગનો અંતિમ શ્લોક સ્થિતપ્રજ્ઞની સમાપનપૂરક વ્યાખ્યા કરે છે -

**એષા બ્રાહ્મી સ્થિતિઃ પાર્થ નૈનાં પ્રાપ્ય વિમુહ્યતિ ।**
**સ્થિત્વાસ્યામંતકાલેડપિ બ્રહ્મનિર્વાણમૃચ્છતિ ॥ (૭૨/૨)**

અર્થાત્ - "હે અર્જુન ! આ બ્રહ્મને પ્રાપ્ત કરેલ પુરુષની સ્થિતિ છે. આને પ્રાપ્ત કરીને યોગી ક્યારેય મોહિત થતો નથી અને અંતકાળે પણ આ બ્રાહ્મી સ્થિતિમાં સ્થિત થઈને બ્રહ્માનંદને પ્રાપ્ત થઈ જાય છે."

સિદ્ધપુરુષ જેમાં નિવાસ કરે છે, ચેતનાની આ અવસ્થાને બ્રાહ્મી સ્થિતિ કહેવામાં આવે છે. આ ઉચ્ચ ચેતનાના જાગરણની-ભગવત્ ચેતનાના અતિચેતનના અવતરણની પ્રક્રિયાનું નામ છે. આ એક પ્રકારથી પરિવર્તિત જીવનદૃષ્ટિનું નામ છે. આ નિત્ય તેમજ સ્થાયી વ્યવસ્થા છે. એમાં પહોંચી ચૂકેલી વ્યક્તિ ક્યારેય પાછી ફરતી નથી - લૌકિક ધરાતલ ઉપર. મનની આ એક પ્રકારની એક ક્રાંતિકારી છલાંગ છે. 'બ્રાહ્મી સ્થિતિ' શબ્દ જ્યાં આવ્યો છે, ત્યાં યોગેશ્વર શ્રીકૃષ્ણ સ્થિતપ્રજ્ઞની મૂળ ધરી ઉપર કેન્દ્રિત થઈને રહ્યા છે. આ સ્થિતિ 'સ્થિતપ્રજ્ઞ'ની હંમેશાં ટકનારી સહજાવસ્થા છે. આમાં વ્યક્તિ ઉપર જ્ઞાનનું ભારણ હોતું નથી. અંતસમય સુધી ટકી રહેનારી આ સ્થિતિ સહજ હળવાશભરી હોય છે, જે નિરંતર રહે છે. આપદ્કાળમાં પણ ટકેલી રહે છે. બ્રહ્મનિર્વાણ અર્થ છે — બ્રહ્મમાં મળવું-ઓગળી જવું, એકાકાર થઈ જવું. વ્યાપકતમ સ્થિતિ છે બ્રહ્મનિર્વાણ. અહીં દેહનો પડદો દૂર થઈ જાય છે. બધી જ ઉપાધિઓને છોડી, દેહભાવ છોડી વ્યક્તિ અનંતમાં-બ્રહ્મમાં લીન થઈ જાય છે. તેનો લોકસંગ્રહ થતો નજરે પડે છે. કીર્તિ અખંડ બની જાય છે. આપણી વૈદિક સંસ્કૃતિમાં 'બ્રહ્મનિર્વાણ' શબ્દ મોટી વ્યાપકતાનો દ્યોતક છે. આપણે નાશ પામ્યા-આપણે શૂન્ય થઈ ગયા ને બદલે આપણે વ્યાપક થઈ ગયા - આપણે અનંત થઈ ગયા. આ અર્થ ઉપર્યુક્ત શબ્દનો થાય છે. પરમપૂજ્ય ગુરુદેવે સ્વયંને સૂક્ષ્મમાં વિલીન કરી અનંત વિરાટ રૂપ લઈ લીધું, એ આપણે સૌએ જોયું અને દરરોજ જોતા રહીએ છીએ. 'સ્થિતપ્રજ્ઞ'નું સમગ્ર દર્શન જો સમજવું હોય તો પરમપૂજ્ય ગુરુદેવના જીવનદર્શનમાં આપણે તેની ઝાંખી જોઈએ છીએ. તે પણ વિસ્તારથી અને ક્યારેક. હવે આપણે આ દ્વિતીય અધ્યાયના — ત્રણ મહત્ત્વપૂર્ણ પ્રસંગોથી ભરેલા સાંખ્યયોગનું સમાપન કરીએ છીએ. હવે પછીના અંકમાં 'કર્મયોગ' નામના તૃતીય અધ્યાયથી શરૂઆત કરીશું યુગગીતા — આપણા અગિયારમા ઉપખંડના માધ્યમ દ્વારા.

ॐ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી

# જીવનસાધના આવશ્યક જ નહીં અનિવાર્ય પણ

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે બોલો,

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।**

દેવીઓ ! ભાઈઓ !

ઉપાસનાનું મહત્ત્વ અપરંપાર છે. આપ ભગવાનની નજીક બેસો, ઉપાસના કરો, તો જોશો કે તેમના બધા જ ગુણ તમારામાં ઊતરી રહ્યા છે. વીજળીના પ્રવાહને જો કોઈ અડકે છે, તો તેની અંદર કરંટ આવશે. ભગવાનને જે અડશે, તેમનામાં ભગવાનનો કરંટ આવી જશે. બે તળાવને એકબીજા સાથે જોડી દઈએ, તો નીચા તળાવનું લેવલ વધતું જાય છે અને બંનેનો સ્તર એક થઈ જાય છે. ભગવાન અને ભક્ત એક થઈ જાય છે. સાચું તો એ છે કે ભક્ત ભગવાન કરતાં પણ મોટો થઈ જાય છે, કેમ કે ભગવાન ભક્તનો ઉત્સાહ વધારવા ઇચ્છે છે અને બીજાં કાર્યોમાં ઉપયોગ કરવા ઇચ્છે છે. શબરીનાં એંઠાં બોર ભગવાને ખાધાં હતાં ને ! ગોપીઓને ત્યાં ભગવાન છાશ માંગવા ગયા હતા ને ! બલિરાજાને ત્યાં ભગવાન વામન થઈને ગયા હતા ને ! કર્ણના દરવાજે કુંડળ માગવા માટે સાધુ ભિખારીનું રૂપ લીધું હતું ને ! આ મોટપ છે ! ભક્તની મોટપ !! ભૃગુએ ભગવાનની છાતીમાં લાત મારી હતી, ક્યાં કેવા ભગવાન છે ! જે પોતાનાં કર્તવ્યનું ધ્યાન નથી રાખતા અને ભગવાને મહર્ષિ ભૃગુની લાતના નિશાનને પોતાની છાતી ઉપર આજ દિન સુધી સુરક્ષિત રાખ્યું છે. વિષ્ણુની મૂર્તિઓમાં મહર્ષિ ભૃગુની લાતનું નિશાન હંમેશાં હોય છે. મહર્ષિ ભૃગુ મોટા હતા, ભગવાન કરતાં. ભક્ત મોટો હોય છે ભગવાન કરતાં, પણ તે સાચો ભક્ત હોવો જોઈએ. સાચા ભક્તની ઓળખાણ અમે આપને આપી ચૂક્યા છીએ અને એ જણાવી ચૂક્યા છીએ કે ભક્તને ભગવાનના અનુશાસન ઉપર નિર્ભર રહેવું જોઈએ, ભગવાનને પોતાની મરજી ઉપર ચલાવવાની વાત વિચારવી જોઈએ નહીં, પોતાની મનોકામનાની બાબત ધ્યાનમાં ન રાખવી જોઈએ કે અમારી મનોકામના ખતમ કરી દેવામાં આવી. ભક્ત પોતાની મનોકામના ખતમ કરી નાંખે છે અને ભગવાનની મનોકામનાને પોતાના ધ્યાનમાં રાખે છે.

નારદ એક વાર મનોકામના માંગવા માટે ભગવાનની પાસે ગયા અને કહેવા લાગ્યા - એક યુવતીનો સ્વયંવર થવાનો છે. તમે મને રાજકુમાર બનાવી દો. સુંદર બનાવી દો. જેથી સારી છોકરી સાથે મારું લગ્ન પણ થઈ જાય અને હું સંપન્ન પણ થઈ જાઉં. જે દહેજ મળશે, તેનાથી માલદાર થઈ જઈશ. માલદાર બનાવાની અને સંપન્ન બનવાની બે જ તો ઇચ્છાઓ છે. બીજી ક્યાં કોઈ ઇચ્છા છે ? એક લોભની ઇચ્છા છે, એક મોહની ઇચ્છા છે બંને સિવાય ત્રીજી કોઈ મનોકામના દુનિયામાં છે જ નહીં. આ બંને ઇચ્છાઓને લઈને જ્યારે નારદ ભગવાનને ત્યાં ગયા, તો ભગવાનના આશ્ચર્યનો પાર જ ન રહ્યો. ભક્ત કેવો ? જેની ઇચ્છાઓ હોય. મનોકામના હશે તે ભક્ત નહીં હોય અને ભક્ત હશે તો ઇચ્છાઓ નહીં હોય. બંનેનો નિર્વાહ એક સાથે થતો નથી. જ્યાં અંધારું હશે ત્યાં પ્રકાશ નહીં હોય. જ્યાં પ્રકાશ હશે ત્યાં અંધારું નહીં હોય. બંનેનો એક સાથે મેળાપ થશે કઈ રીતે ? એટલા માટે ભગવાન પણ માથા ઉપર હાથ મૂકી બેસી ગયા. અરે ! નારદ ! તું શું કહે છે ? પરંતુ નારદે તો પોતાનો આગ્રહ ચાલુ જ રાખ્યો. નહીં, મારી મનોકામના પૂરી જ કરો. મને માલદાર બનાવો, મારી વિષયવાસના પૂરી કરો. ભગવાન ચૂપ થઈ ગયા. નારદે વિચાર્યું - ભગવાન કંઈ બોલતા નથી, કદાચ મારી વાતને માની વાતને માની લીધી હશે. તેમનો ખ્યાલ એવો હતો કે ભગવાને ભક્તની વાત માનવી જોઈએ. તેઓ તો સ્વયંવરમાં ચાલ્યા ગયા. સ્વયંવરમાં જઈને બેઠા.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રાજકુમારીએ જોયું - કોણ બેઠું છે ? નારદજીનું રૂપ વધારે ખરાબ કરવામાં આવ્યું - વાંદરા જેવું. રાજકુમારી જોઈને હસવા લાગી, મશ્કરી કરવા લાગી. આ વાંદરા જેવું આવીને કોણ બેઠું છે ? બસ, તેમને માળા ન પહેરાવતાં બીજા રાજકુમારને માળા પહેરાવી દીધી. નારદજી દુઃખી થયા, પછી ભગવાન વિષ્ણુની પાસે ગયા, ગમે તેવા શબ્દો બોલવા લાગ્યા. વિષ્ણુએ કહ્યું - અરે નારદ ! એક વાત તો સાંભળ ! અમે આજ સુધી કોઈ ભક્તની મનોકામના પૂરી કરી છે ! ભક્તોનો ઇતિહાસ તો જો ! જ્યારથી સૃષ્ટિની રચના થઈ છે અને જ્યારથી ભક્તિની રચના થઈ છે ત્યારથી ભગવાને એક પણ ભક્તની મનોકામના પૂરી કરી નથી. દરેક ભક્તે મનોકામનાનો ત્યાગ કરવો પડે છે અને ભગવાનની મનોકામનાને પોતાની મનોકામના બનાવવી પડે છે. બસ, કાલે અમે એ જણાવી રહ્યા હતા કે જો તમે કદાચ ઉપાસના કરી શકતા હો, તો ભગવાન પણ તમારી બરોબરના થઈ શકે છે. તેનાથી વધારે પણ થઈ શકે છે. ભગવાનના ગુણ અને તમારા ગુણ એક બની શકે છે, આપ મહાપુરુષ થઈ શકો છો. મહામાનવ થઈ શકો છો, ઋષિ થઈ શકો છો, દેવાત્મા થઈ શકો છો અને અવતાર થઈ શકો છો. જો આપ ઉપાસનાનો આધાર યોગ્ય રીતે લો તો. ગઈકાલનો વિષય આ હતો.

આજે આપને બીજી વાત જણાવીએ છીએ. પોતાની પાત્રતાનો વિકાસ કરવો પડશે. એના માટે પાત્ર બનવું પડશે. પાત્ર જો નહીં થાવ તો ? કોઈ છોકરી કોઈ સારા છોકરા સાથે લગ્ન કરવા ઇચ્છે અને પોતે ઘરડી હોય તો ? બોબડી, બહેરી, આંધળી હોય તો ? તો લગ્ન કોણ કરશે ? એટલા માટે પાત્રતા ઘણી જ જરૂરી છે. ગઈકાલે અમે કહ્યું હતું ને - તે દિવસે આપને કહ્યું હતું, ખાડો હોવો જરૂરી છે, વાદળાંની કૃપા મેળવવા માટે. વાદળાં તો વરસતાં જ રહે છે. તેની કૃપા તો દરેકના ઉપર હોય જ છે. જ્યાં ખાડો હશે ત્યાં જ પાણીનો સંગ્રહ થશે ને ! જો ખાડો જ નહીં હોય તો ! સૂરજની કૃપા તો દરેક ઉપર છે, પરંતુ જેની આંખો ખરાબ થઈ ગઈ હોય, તેને માટે સૂરજ શું કરી શકે છે ! દુનિયામાં એક એકથી ચઢિયાતાં સુંદર દશ્યો નજરે પડે છે, પરંતુ આ એક એકથી સુંદર દશ્યો જોઈ કોણ શકશે ? જેની આંખોની દૃષ્ટિ સાબૂત હશે, તે જ તો જોશે ને ! જેની આંખોની દૃષ્ટિ સાબૂત નથી તે કઈ રીતે જોશે ? જરા તમે જ બતાવો. જેના કાનોના પડદા ખરાબ થઈ ગયા છે, દુનિયામાં એકથી એક સુંદર અવાજ અને સંગીત સાંભળવા માટે છે, પણ કાનના પડદા ખરાબ હોય, ત્યારે દુનિયાનું સંગીત સાંભળવા માટે મનુષ્યને કોઈ જ સહાયતા-સેવા કરી શકતું નથી. મનુષ્યનું મગજ ખરાબ થઈ જાય તો, ત્યારે એકથી એક સારી સલાહ આપનારી એકથી એક સહાયતા કરનારા શું કરી શકે છે ? કોઈ જ સહાયતા કરી શકતું નથી. કોની ? જેનું મગજ ખરાબ થઈ ગયું છે. શું કરશે ? જેનું મગજ ઠેકાણે હોય, પોતાનાં પડદા સારા હોય, પોતાની આંખોની દૃષ્ટિ સારી હોય. આ યોગ્ય હશે, તો પછી સૂરજ સહાયતા કરશે, વાયુ પણ સહાયતા કરશે. દુનિયામાં પાંચ તત્ત્વ છે. જેમાં હવા પણ છે, પ્રકાશ પણ છે, સૂરજ પણ છે — આ બધા જ મનુષ્યને મદદ કરે છે. આમની જ સહાયતા વડે તો મનુષ્ય જીવતો છે, પરંતુ મનુષ્ય જીવતો હોવો પણ જોઈએ ! મરી ગયો હશે તો, શ્વાસ શું કરશે ? ઘણી જ સુંદર પ્રાતઃકાળની હવા છે, હવા ફેફસાંને મળવી જોઈએ, પરંતુ જીવતો હશે તો લેશે ને ! જીવતો જ નહીં હોય, તો હવા શું કરશે ? એકથી એક સુંદર આહાર છે અને ભોજન છે, પરંતુ આહાર અને ભોજનના હોવા છતાં કોઈ માનવીનું પેટ ખરાબ થઈ જાય તો ? તેમને ખવડાવીને શું કરશો ? ઊલટાનું પેટમાં દર્દ થઈ જશે તમે પૌષ્ટિક પદાર્થ આપો, મલાઈ-મીઠાઈ આપો. જો પેટ ખરાબ હશે, પચતું નહિ હોય તો મલાઈ-મીઠાઈ શું કરશે ? વધુ ઝેર ઉત્પન્ન કરશે. મારું કહેવાનું પાત્રતા અંગે છે.

આપ ધ્યાન આપો અને ધ્યાનથી સાંભળો પાત્રતાનો વિકાસ કર્યા વગર સંસારમાં કોઈ માર્ગ નથી અને પાત્રતાનો વિકાસ કર્યા વગર આધ્યાત્મિક ક્ષેત્રમાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કોઈ રસ્તો નથી. તમારે અફસર બનવું છે ? પબ્લિક સર્વિસ કમિશનની સામે જાવ અને તમારી પાત્રતા સાબિત કરો. સારા માર્કસ લાવો અને સારો નંબર મેળવો. તમને સારું સ્થાન મળી શકે છે. ના સાહેબ ! અમે તો પરીક્ષાથી દૂર રહીશું. અમે તો ભગવાનની આરતી ગાઈશું. અમે તો પબ્લિક સર્વિસ કમિશનની આરતી ગાઈશું, અમને અફસર બનાવી દો. ના-ના એવું થઈ શકે નહીં. પાત્રતા વિકસિત કરવી ઘણી જ જરૂરી છે. પાત્રતાનો આની સાથે શો મતલબ છે ? પાત્રતાનો અર્થ છે — જીવનને પરિષ્કૃત કરવું. જીવનને પરિષ્કૃત કરવા માટે સાધના કરવી પડે છે. ભગવાનને પ્રાપ્ત કરવા માટે ઉપાસના અને પોતાની જાતને પાત્ર બનાવવા માટે સાધના. કોની સાધના ? પોતાની. પોતાની-થી શો મતલબ ? પોતાનાથી મતલબ એ કે જે આપણી અંદર જન્મ-જન્માંતરોના કુસંસ્કાર જામી પડ્યા છે, તેનું પરિશોધન કરવું પડશે. બાળકપણું દૂર કરવું પડશે. બાળકોને તો કોઈ કહી નથી શકતું. બાળક ગમે ત્યાં પેશાબ કરી નાંખે છે, ગમે ત્યાં ઊભું રહી જાય છે, કંઈ પણ કરવા લાગે છે, ગમે તે વસ્તુ ઢોળી નાંખે છે, પરંતુ મોટો માણસ તો પોતે જ સંભાળીને રહે છે એમ નહિ, પરંતુ અન્યની ચીજને પણ સંભાળીને રાખે છે. આ મોટાપણાની નિશાનીઓ છે. પાત્રતાથી મારો મતલબ આ જ છે. ચિંતનની દૃષ્ટિએ સુસંસ્કૃત અને વ્યવહારની દૃષ્ટિએ સજ્જન અને સભ્ય - આ બે વિશેષતાઓને પોતાની અંદર મનુષ્ય ઉત્પન્ન કરે, તો એ માની શકાશે કે તેણે પાત્રતાનો વિકાસ કરી લીધો. પાત્રતાનો વિકાસ જો કરી લીધો છે, તો સંસારમાં પણ ઈજ્જત અને ભગવાનને ત્યાં પણ ઈજ્જત. પાત્રતાનો વિકાસ જો તમે નથી કર્યો, તો સંસારમાં પણ ઉપહાસ અને તિરસ્કાર અને ભગવાનને ત્યાં પણ નારાજગી. તમે ક્યાંય પણ, કશું પણ મેળવી શકતા નથી. પાત્રતા પ્રત્યે ધ્યાન એકાગ્ર કરો. પાત્રતા તમારા હાથની વાત છે. ઉપાસના ભગવાનનો અનુગ્રહ, ભગવાનના હાથની વાત છે; પરંતુ સાધના તો તમારા હાથની વાત છે. પોતે પોતાને સુસંસ્કારી બનાવવા માટે જે પણ કાંઈ શક્ય હોય, આપ પૂરી તાકાતથી અને પૂરી ઈમાનદારીથી મહેનત કરો. તમારે અણઘડમાંથી સુઘડ બનવાનું છે. અમારું જીવન અણગડ છે, ચોર્યાસી લાખ યોનિઓ ફર્યા પછી કોને ખબર કેટલા કુસંસ્કાર અમારી પાસે જમા છે અને તે કુસંસ્કાર જો આવી જ રીતે જમા રહ્યા, તો દીવાલની માફક ઊભા રહેશે અને પછી અમને આગળ વધવા નહીં દે અને આ હાથકડીઓ અને બેડીઓ બનીને રસ્તો રોકી લેશે, અમને ઉપર આવવા દેશે નહિ કે આગળ વધવા દેશે નહિં એટલા માટે કુસંસ્કારો વિરુદ્ધ આંદોલન ઉઠાવવું એ અમારું કામ છે. સાધના આનું જ નામ છે. સાધના કરવાથી તમે જોયું છે ને, કેટકેટલી નિમ્નસ્તરની વસ્તુઓ, મામૂલી વસ્તુઓ, શુંમાંથી શું બની જાય છે. મનુષ્ય ઝાડને કાપે છે, વ્યવસ્થિત કરે છે, કલમ લગાવે છે. જંગલી વૃક્ષ અને બગીચામાં માળીએ લગાવેલ વૃક્ષ, તે બંનેને શું તમે નથી જોયાં ? કેવાં સુંદર-સુંદર ગુલાબનાં ફૂલ થાય છે ! રંગબેરંગી ફૂલ આવે છે ! આ માળીના હાથની કરામત છે. કેમ ? તેવાં જ ગુલાબ કે જે જંગલમાં ઊગે છે, ખૂશબુ પણ નથી આવતી, ઘણાં જ નાનાં નાનાં ફૂલ હોય છે, તે જ ગુલાબોને એવાં બનાવી દે છે. આનું નામ શું છે ? આનું નામ કલમ લગાવવાનું કહીએ, સુસંસ્કારિતા કહીએ અથવા માળીની સાધના છોડ સાથેની અને આપ જીવાત્માની સાધના તમારા જીવ સાથેની. જીવનનને જો તમે પરિષ્કૃત કરી લો, વ્યક્તિત્વને જો તમે ઊંચું ઉઠાવી લો, તો પછી મજા આવી જશે. પછી જુવો તમારી હેસિયત કેટલી મોટી થઈ જાય છે અને આપની જેટલી હેસિયત છે, એ જ હિસાબે આપને કિંમત મળવાની શરૂ થઈ જશે. આપ એમ.એ. સુધી ભણેલા છો, તો વધુ પૈસા મળશે - મેટ્રિક સુધી ભણ્યા છો, તો ઓછા પૈસા મળશે. પાત્રતા વધારો ને પોતાની કિંમત વધારો ને ! અને જે ઇચ્છો છો મેળવો. તમે કિંમત વધારવા નથી ઇચ્છતા, માંગીને લેવા ઇચ્છો છો. પ્રાર્થના કરશો - માંગીશું ! માંગીશું !! માંગીશું !!! અરે બાબા !



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

માંગવાથી તો પાંચ પૈસા પણ મળતા નથી, તેને માટે પણ પાત્રતાની જરૂર હોય છે. આંધળો, કોઢી હશે તો સાંજ સુધીમાં તેને ભીખમાં બે રૂપિયા મળી જશે, શરીરથી મજબૂત હશે તો કોઈ નહીં આપે, ગાળો આપશે સંભળાવશે - તને શરમ નથી આવતી બેશરમ ! ભીખ માંગવા નીકળી પડ્યો છે. કામ, મહેનત, મજૂરી કેમ નથી કરતો ? પાત્રતા તો ભિખારીને પણ જોઈએ, તો પછી સામાન્ય લોકોનું તો પાત્રતા વગર દુનિયામાં કશું જ નથી ચાલતું. એટલા માટે પાત્રતાને માટે પોતાના ગુણ, પોતાનાં કર્મ, પોતાનો સ્વભાવ આ ત્રણે ચીજોને પરિષ્કૃત કરવી દરેક મનુષ્ય માટે ઘણું જ જરૂરી છે.

આધ્યાત્મિકતાના રસ્તા ઉપર, જ્યાં ભગવાનનો પાલવ પકડવો પડે છે, ત્યાં બીજું પગલું એ ઉઠાવવું પડે છે કે આપણી જીવનની સાધના ક્રમબદ્ધ છે કે નહીં, આપણે આપણને પોતાને સાધ્યા છે કે નહીં. સાધી લેવાથી મનુષ્યનું મૂલ્ય વધી જાય છે. આપ જાણો છો ને ! સાપને મદારી લોકો પાળે છે અને શીખવી દે છે. જે સામાન્ય સ્તરે દરેક માનવીને કરડતો હોય છે. એ જ સાપ મદારીના બાલ-બચ્ચાંઓના ગુજરાનનું માધ્યમ બની જાય છે. વાંદરા વિશે તમે જાણો છો ને ! વાંદરો કેટલો વાહિયાત ! કોઈનાં કપડાં ઉઠાવીને ભાગી જાય છે, કોઈને કરડી ખાય છે, પરંતુ એ જ વાંદરાને પાળવામાં આવે છે, શીખવવામાં આવે, સાધી લેવામાં આવે, તો મદારીનાં બાળ-બચ્ચાંને ગુજરાન ચલાવવા માટે એ જ મોટો સ્રોત થઈ જાય છે. રીંછ ઓળખો છો, કેવું ખોફનાક હોય છે ? પરંતુ રીંછને જ્યારે પાળવામાં આવે છે, સાધવામાં આવે છે ત્યારે રીંછ જ પોતાને પાળનારનું ગુજરાન ચલાવે છે. સરકસ વિશે તમે જાણો છો ને ! વાઘ કેટલો ભયંકર અને અન્ય જાનવર કેટલાં ભયંકર ! પરંતુ રિંગમાસ્ટર દ્વારા જ્યારે સાધી લેવામાં આવે છે, તો સરકસના માલિકને રોજના બે-બે હજાર રૂપિયા કમાઈને આપે છે. આ કઈ રીતે થઈ શક્યું ? સાધના દ્વારા. સાધના જેવી જંગલી જાનવરોની કરી શકાય છે, તેવી જ રીતે જીવનની પણ કરી શકાય છે. સાધના જો ન કરવામાં આવે તો ? મનુષ્ય પ્રાકૃતિક રૂપથી ઘણો વાહિયાત છે. જંગલી માણસ છે. ડાર્વિને કહ્યું હતું કે માનવી વાંદરાની ઓલાદ છે, આ વાંદરો નથી, તે વાંદરાનો ભાઈ-બંધુ છે. વનમનુષ્ય હોય છે. જંગલોમાં રહેતા હોય છે, જોયા છે તમે ? તેમને કપડાં પહેરવાનું આવડતું નથી. તેમની કોઈ સભ્યતા હોતી નથી, તેમની કોઈ વાતચીત હોતી નથી. એવી જ કોઈ રીતે જેમ કે વાંદરા પાળવામાં આવે છે, એવા જ એક વનમનુષ્યની જેમ જ તે લોકો પણ ગુજરાન કરી લે છે, જેમને લોકો જંગલી કહે છે. જંગલી લોકોને નરપશુઓમાં ગણવામાં આવે છે.

રામુ વિશે તમે સાંભળ્યું છે ને ! રામુ નામનો એક છોકરો હતો. આગ્રા જિલ્લામાં વરુઓનાં ટોળામાં તે જોવા મળ્યો, મનુષ્યનું બાળક હતું. વરુઓ ઊંચકીને લઈ ગયા. પરંતુ ફાડી ન ખાધું. તેમણે તેને પાળ્યું. શિકારીઓએ વરુઓને મારીને તે મનુષ્યનાં બાળક રામુને પકડી લીધું. પછી શું થયું ? તે જંગલી જાનવરોની જેમ જ રહેતું હતું. બોલતું પણ તેમના જ જેવું, ચાલતું પણ તેવી જ રીતે. કાચું માંસ ખાતું હતું. તેને કશું જ આવડ્યું નહીં. લખનઉની મેડિકલ કૉલેજમાં દાખલ કરી દેવામાં આવ્યું. ચૌદ વર્ષની ઉંમર સુધી જીવ્યું, પરંતુ ઘણી બધી કોશિશ કરવા છતાં પણ તેને કશું જ ન આવડ્યું, કશું જ બની ન શક્યો. કેમ ? કેમ કે નાની ઉંમરમાં જ સંસ્કાર રેડવામાં આવ્યા ન હતા. સંસ્કાર રેડવાનું મનુષ્ય માટે ઘણું જ જરૂરી છે. સંસ્કાર વગરનો મનુષ્ય સ્વભાવનો કેવો હોઈ શકે છે ? ગંદો, અણઘડ, ગમાર હોય છે. એટલા માટે તમારે, તમને પોતાને સ્વયંને સંસ્કારવાન બનાવવા જોઈએ. કોણ બનાવશે ? અન્ય ક્યાં સુધી બનાવશે ? બાળપણમાં તો બનાવે પણ છે. ગુરુકુળોમાં ઋષિ લોકો નાનાં બાળકોને મહાપુરુષ બનવાનું જ્ઞાન આપતા હતા. આરણ્યકોમાં વાનપ્રસ્થોની ભરતી કર્યા બાદ શિક્ષણ આપવાની વાત પણ ચાલે છે, પરંતુ સામાન્ય જીવન કઈ રીતે ચાલે ? તમે જ બતાવો. સામાન્ય જીવનમાં તમારી પાછળ કોણ લાગશે ? એક-


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એક ભૂલ, એક-એક વિચારધારા, એક-એક ચૂકની બાબતમાં કોણ સુધારો કરશે ? એટલા માટે આ કામ તમારે સ્વયં કરવું પડશે. તમે જ તમારા ગુરુ છો, તમે જ તમારા શિક્ષક છો અને તમે જ તમારા સાધક છો. તમે જ તમારા માર્ગદર્શક છો. જો તમે આ સમજી લો, તો તમારે જવાબદારીનું એક જ કામ રહી જાય છે કે તમે જ તમને પોતાને સુધારો. તમે તમને પોતાને સાંભળો, તમે તમને પોતાને ઠીક કરો અને પોતાના ભગવાનની નજીક જાવ.

ભગવાન શું છે ? તમે બતાવો. એક ભગવાન તો એ છે જે સમગ્ર વિશ્વમાં વ્યાપેલો છે. બધા જ નિયમોની વ્યવસ્થા બનાવે છે. તે એક પ્રકારના નિયમ છે, કાયદા અને કાનૂન છે. જેને આપણે પરબ્રહ્મ કહીએ છીએ. એક અન્ય બ્રહ્મ પણ છે, જેને તમારે તમારી રીતે બનાવવાના છે, તે કયા પરબ્રહ્મ છે ? અંગ્રેજીમાં આને સુપરકોશંસ (સુપર ચેતના) કહે છે. વેદાંતની ભાષામાં આને 'સ્વ' કહેવામાં આવે છે, આત્મા કહેવામાં આવે છે. **आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यः मंतव्यः निदिध्यासितव्यः** । અરે લોકો ! તમે પોતાને જાણો, તમે પોતાને સમજો, તમને પોતાને સુધારો, તમે પોતે પોતાને યોગ્ય કરો. આ કઈ રીતે થઈ શકે છે ? પોતાની જાતે. પોતાની જાતે એટલે કઈ રીતે ? પોતાની જાતે એટલે કે - સુપર ચેતના વડે, જે આપણી અંદર છે, જેના વિષયમાં શરૂમાં જણાવવામાં આવ્યું છે. અંદરના અંતઃકરણમાં વ્યક્તિત્વ છે, જેમાં ગુણ, કર્મ અને સ્વભાવ ભર્યા પડ્યા છે, જેમાં આદત ભરી પડી છે, જેમાં વિશ્વાસ અને માન્યતાઓ ભરી પડી છે. આદતોને તમારે સુધારવાની છે. પોતાની માન્યતાઓમાં જેમાં ઘૃણા ભરી છે, તેમાં તમારે સુધારો કરવાનો છે, શરૂથી માંડીને અંત સુધી સારસંભાળ લેવાની છે. તેને સુધારવાની છે. તમારે આત્મદેવની ઉપાસના કરવાની છે. ઉપાસનાના વિષયમાં જે અમે કાલે કહી રહ્યા હતા, વાસ્તવમાં તે તમારા આત્મદેવ છે. તમારી પોતાની ઉપાસના કર્યા કરો. પોતાની જાતની ઉપાસના જે કરી લે છે. તે પોતે પોતાની રીતે, પોતાની સાધના વડે જ, પોતાના જ પ્રયત્નોથી ભગવાન બનાવી લે છે. મીરાંએ પોતાના જ પ્રયત્ન વડે પથ્થરને ગિરિધર ગોપાલ બનાવી લીધા અને એકલવ્યએ પોતાના જ પ્રયત્ન વડે માટીના પૂતળાને દ્રોણાચાર્ય બનાવી દીધા હતા અને રામકૃષ્ણ પરમહંસે પોતાના જ વ્યક્તિત્વના પ્રયત્ન વડે પથ્થરને કાલી બનાવી દીધી હતી. પોતે જ પોતાનાં વ્યક્તિત્વના ઉજાગર હોવું અને સ્વચ્છ, નિર્મળ થવું - એ ઘણી જ મોટી વાત છે. આને માટે તમારે શું કરવું જોઈએ ? ચોવીસે કલાક તમારે ધ્યાન રાખવું જોઈએ. શું ધ્યાન રાખવું જોઈએ ? એ કે અમારું જીવન કઈ રીતે યોગ્ય બની શકે છે ? તમારે તમારાં કર્તવ્યો ઉપર ધ્યાન આપવું જોઈએ. તમારે તમારા જ્ઞાનને પરિષ્કૃત કરવું જોઈએ અને પોતાની ભક્તિ-ભાવનાનો વિકાસ કરવો જોઈએ. ત્રણ યોગ છે ને ! એક યોગનું નામ છે — જ્ઞાનયોગ આનો અર્થ છે — તમે વાસ્તવિકતાને સમજો. તમે જે બહાર છે તેને સમજ્યા છો. વસ્તુઓને સમજ્યા છો, ખેતીવાડીને સમજ્યા છો, પૈસાને સમજ્યા છો, દુકાનને સમજ્યા છો, તો પછી તમે પોતાને કેમ સમજ્યા નથી ? જો તમે જીવનને અને તમને પોતાને સમજી શકતા હો, તો આનું નામ 'જ્ઞાન યોગ' હશે. જો તમે તમારી ફરજ અને કર્તવ્યને સમજી લીધા હોત તો ? ફરજનું જ્ઞાન નથી. કર્તવ્યનું જ્ઞાન નથી, ઘાણીના બળદની જેમ આખો દિવસ ફર્યા કરો છો, અન્યની દેખાદેખી વાસનાઓના દબાવમાં, મહેનત ઓછી નથી કરતા. ઘણી મહેનત કરો છો, પરંતુ કર્તવ્યપાલન ? કર્તવ્યપાલન અલગ વસ્તુ છે. આપણી ફરજ અને આપણી ડ્યૂટી ક્યાં છે ? ડ્યૂટી અને ફરજ જ્યાં પણ ક્યાંક આપણને બોલાવે છે, ત્યાં આપણે જવું જોઈએ. આનું નામ કર્મયોગ છે અને ભક્તિભાવના ? ભક્તિભાવના મહોબ્બતને કહે છે. પ્યાર ભગવાનને કરવામાં આવે છે. ઉપાસના ભગવાનની કરવામાં આવે છે. પ્રેમ ભગવાનને કરવામાં આવે છે, પરંતુ ભગવાન સુધી સીમિત રાખવામાં આવતો નથી. અખાડામાં કસરત કરીએ તો છીએ, પરંતુ અખાડા સુધી, એ કસરતનો જે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શક્તિ-સંચય છે, તેનો વ્યય થોડો જ કરી નાંખીએ છીએ ? તે તો બજારમાં કરવા પડે છે, બીજે ક્યાંક કરવો પડે છે. ભગવાનની ભક્તિનો અભ્યાસ કરીએ છીએ. ભગવાનને આપણે પ્રેમ કરીએ છીએ, ઉપાસના કરીએ છીએ. જો ઉપાસના પછી આપણી ભક્તિનો વિકાસ થયો તો, તો પ્રાણીઓમાં તેનો ઉપયોગ કરવો પડશે, મનુષ્યોમાં ઉપયોગ કરવો પડશે, દરેકમાં ઉપયોગ કરવો પડશે. પ્રેમથી પોતાની જાતને, દરેકને તરબોળ કરી દેવા પડશે. પ્રેમ પોતાના શરીરને કરો, જેથી સારી રીતે તેને સુરક્ષિત રાખી શકાય. પ્રેમ પોતાના અંતરાત્માને કરો; જેથી તેનું કલ્યાણ કરવામાં તમે સમર્થ થઈ શકો. પ્રેમ પોતાનાં મસ્તિષ્કના ચિંતનના મશીનને કરો, જેથી પ્રેમ દ્વારા યોગ્ય વિચાર કરો અને પોતાની જાતને વેરવિખેર થવા ન દો. પ્રેમ પોતાની પત્નીને કરો, જેથી તેનું વ્યક્તિત્વ તમે નિખારી શકો. પ્રેમ તમે બાળકોને કરો, જેથી તેમને સંસ્કારવાન બનાવી શકો. પ્રેમ પોતાના દેશને કરો. રાષ્ટ્રને કરો, ધર્મ અને સંસ્કૃતિને કરો, જેથી તેને તે લાયક બનાવી શકીએ કે તે સન્માનનીય બને, તેની કોઈ મજાક ન કરે. હિંદુ ધર્મ અને હિંદુ સંસ્કૃતિના વિષયમાં લોકો જાત-જાતનાં લાંછન લગાવી ન શકે, એવું કરો ને ! ભક્તિનો અર્થ પ્રેમ થાય છે. પ્રેમનો અર્થ સેવા થાય છે. સેવા કરો સેવા. જો ભક્તિને સમજી શકતા હો, તો પછી આ શું થઈ જશે ? પછી આ ભક્તિયોગ થઈ જશે. પોતાના જીવનની વાસ્તવિકતાને સમજી શકે, તો આ જ્ઞાનયોગ થઈ જશે. જ્યારે પોતાની ફરજ અને ડ્યૂટીને જ બધું માની લઈએ. એ વાત ઉપર ધ્યાન ન આપીએ કે બીજો માણસ શું કહે છે અને શું સલાહ આપે છે, ત્યારે આને કર્મયોગ કહીશું. આ ત્રણે વાતોનું ધ્યાન રાખીશું, ત્યારે તમારું વ્યક્તિત્વ નિખરતું જશે. જીવનની સાધના માટે આ વાતો ઉપર ધ્યાન રાખવું ઘણું જ જરૂરી છે.

આપણું જીવન પારસ છે, આપણું જીવન કલ્પવૃક્ષ છે. આપણું જીવન અમૃત છે. આપણું જીવન કામધેનુ છે. તમે જે પણ ઇચ્છો તે આ જીવનને બનાવી શકો છો. પરંતુ બનાવવું તો તમારે જ પડશે. તમે જે બનાવશો, ત્યારે જ બનશે. તમારી સાધના તમે જ કરો પોતાની જાતનો વિરોધ જાતે જ કરો પોતાના જન્મ જન્માંતરોને ખેંચી-ઉખાડીને ફેંકી દો અને તમારી અંદર જે પણ કાંઈ સારું નથી. જે પણ કોઈ વિશેષતા ઉત્પન્ન કરી શક્યા નથી. તે ગુણ, કર્મ અને સ્વભાવના વિષયમાં તમે હજુ સુધી અભાવગ્રસ્ત છો, કૃપા કરીને તેને ઠીક કરો, તેને સુધારો. આ પુરુષાર્થ કરો, બૂરાઈઓને છોડવાનો પુરુષાર્થ, જે કાંઈ સારું છે તેને વધારવાનો પુરુષાર્થ. પરાક્રમ જો તમે કરશો, તો કઈ રીતે ? આગળ વધવા માટે બે ડગ ભરવાં પડે છે. એક પછી બીજું. બીજા પછી પાછું પહેલું. આમ જ તમારે તમારી કમજોરીઓ અને ગંદી આદતોને દૂર કરવાને માટે ઝુંબેશ ઉઠાવવી પડશે અને પોતાના સારા ગુણોને પામવા માટે પુરુષાર્થ કરવો જ પડશે. આ બે કામ કરતા જશો તો તમારી જીવન સાધના પૂર્ણ થઈ જશે. જે હિસાબે તમારી જીવન સાધના પૂર્ણ થશે તેમ તમે જોશો કે પાત્રતા જેવી વિકસિત થતી જશે તેટલો આખો સમાજ તમારો સહયોગ કરે છે, અંતરાત્મા સહયોગ કરે છે, ભગવાન તમારો સહયોગ કરે છે એટલા માટે મેં ગઈકાલે કહ્યું હતું - તમારી અંદર ફૂલ જેવું ખીલવાનું શરૂ થઈ જશે કે તરત જ તમારી ઉપર ભ્રમર આવવાનું શરૂ થઈ જશે, પક્ષીઓ આવવાં શરૂ થઈ જશે, બાળકો લલચામણી નજર તમને જોશે. ભગવાન અપેક્ષા કરશે કે આ ફૂલ અમારા ગળામાં છે, માથા ઉપર હોત તો કેવું સારું થાત ? કૃપા કરીને કરો, સાધના કરો. સાધનાના ચમત્કાર જુવો. સાધના વડે સિદ્ધિ મળે છે — આ સિદ્ધાંતનો તમારા જીવનમાં પ્રયોગ કરીને બતાવવાનો ત્યારે જ ફાયદો ઉઠાવી શકશો, જેને માટે તમે કલ્પસાધનામાં આવ્યા છો. અમારી વાત સમાપ્ત.

॥ ૐ શાંતિ ॥


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આત્મીય અનુરોધ

# ધર્મનું મૂળ-સ્વચ્છતા-પવિત્રતા

આપણે જ્યાં રહીએ છીએ તેની આસપાસનું વાતાવરણ પણ સાફ સુથરું રાખવું એ આપણું કર્તવ્ય છે. પરમ પૂજ્ય ગુરુદેવના જીવનથી આપણે આ સદ્‌વૃત્તિ શીખીએ. પૂજ્યવર સાબરમતી આશ્રમ જઈ ગાંધીજી પાસેથી જે શીખ્યા, અપનાવ્યું તેને આશ્રમના વ્યાવહારિક જીવનમાં ઉતારવા માટે નિયમિત સફાઈ માટે શ્રમદાનનો ક્રમ જોડયો. જ્યારે અમે મથુરા આવ્યા હતા ત્યારે યુગ નિર્માણ વિદ્યાલય ગાયત્રી તપોભૂમિમાં પ્રારંભ થયું હતું. પ્રથમ સત્રમાં કુલ ૧૫ વિદ્યાર્થી જ હતા. છાત્રાવાસમાં એક દિવસ બહારથી કૂતરું આવી ટટ્ટી કરી ગયું, બાળકોએ અમને બોલાવી બતાવ્યું. બધા એક બીજાનું મોં જોતા રહ્યા. બધા ભેગા થઈ ગયા તેમાંથી કોઈએ પણ સાફ કરવાનો ઉત્સાહ બતાવ્યો નહિં. એટલામાં જ પરમ પૂજ્ય ગુરુદેવ અખંડ જ્યોતિ સંસ્થાન (ઘીયામંડી)થી આવી ગયા. બધાને એક જગ્યાએ ભેગા જોઈને તે પણ ત્યાં આવ્યા. વિદ્યાર્થીઓએ ગુરુદેવને બતાવ્યું કે અહીંયા કોઈ કૂતરું આવીને ટટ્ટી કરી ગયું છે. ગુરુદેવે તે જ ક્ષણે નિર્માણ કાર્ય માટે રાખેલો પાવડો ઉઠાવી તેનાથી કૂતરાની ટટ્ટી ઉઠાવી નાળામાં ફેંકી દીધી. બધા જોતા રહી ગયા. શરમિંદા થઈ ગયા. ગુરૂદેવે અમને આચરણથી શિક્ષા આપી. સાચું એ જ છે જે ઉપદેશ માત્ર વાણીથી આપવામાં આવે છે તેનાથી વધુ પ્રભાવી ઉપદેશ એ હોઈ શકે જે આચરણથી આપવામાં આવે છે. ધર્માચરણ કરનારાનો એવો સ્વભાવ હોવો જોઈએ કે જ્યાં રહે ત્યાં સ્વચ્છતા રાખે.

જ્યારે અમે સ્થાયી રૂપથી ગાયત્રી તપોભૂમિ આવી ગયા હતા, સાધના શિબિર પ્રારંભ કરી દીધી હતી. તે સમયની ઘટના યાદ આવી રહી છે. એક સાધના સત્રમાં ભિંડના પરિજન શ્રી હૃદયસ્થજી આવ્યા હતા, તેમને એક દિવસ ખૂબ તાવ આવ્યો કે તેમના હોશ ન રહ્યા. પહેરેલા કપડામાં ઝાડા થઈ ગયા. પરમ વંદનીયા માતાજી શિબિરાર્થીઓના હાલ, ચાલ કષ્ટ, મુશ્કેલીઓ પૂછવા દરરોજ તપોભૂમિ આવતા હતા. વંદનીયા માતાજીએ પોતે હૃદયસ્થજીના કપડાં સાફ કર્યાં. જ્યારે અમે હૃદયસ્થજીને તેમના રૂમમાં જોવા ગયા તો અમને જોઈ ખૂબ રોવા લાગ્યા. અમે કહ્યું-તમને શું મુશ્કેલી છે ? હૃદયસ્થજીએ કહ્યું-પંડિતજી ! આજે વંદનીયા માતાજી આવ્યા હતા, તેમણે અમારા ગંદા કપડાં સાફ કર્યા. અમને મોટું પાપ લાગ્યું. અમે માતાજીને હૃદયસ્થજીની વાત બતાવીને કહ્યું કે તેમને બહુ દુ:ખ થઈ રહ્યું છે. માતાજી સ્વયં હૃદયસ્થજી પાસે આવ્યા અને કહ્યું-બેટા દુ:ખી કેમ થાય છે ? હું તમારી મા છું, બેટાના કપડાં મા જ સાફ કરે એમાં પાપનો પ્રશ્ન જ નથી. એવી દિવ્ય ભાવનાઓ હતી જેના કારણે આ મિશન વિરાટ સંગઠનના રૂપમાં એક સંઘબધ્ધ પરિવારના રૂપમાં દુનિયા માટે આદર્શ છે.

ધર્મ એટલે કર્તવ્ય પાલન, તે કર્તવ્ય પોતાના પ્રત્યે, પરિવાર પ્રત્યે કે સમાજ પ્રત્યે હોય. એકવાર જ્યારે અમે પરમ પૂજ્ય ગુરૂદેવ સાથે દેશ વ્યાપી સ્તરે હતા. એક દિવસ એક બહેનના ઘરે ગયા. ત્યાં તે બહેન પોતાના બાળકને ગુરુજીના ખોળામાં મૂકી ગયા. ગુરુદેવે તેને પ્યારથી બેસાડયો. ત્યાં સુધીમાં બેન ચાની વ્યવસ્થા કરવા ગયા. એટલામાં બાળકે ગુરુદેવના ખોળામાં ઝાડો કરી દીધો. અમે તરત એ બહેનને બોલાવવાની ઈચ્છા કરી, પરંતુ ગુરૂદેવે અમને રોકી લીધા ગુરુદેવ એ બાળક અમને આપી પાસેના નળમાં પોતાના કપડા સાફ કરવા લાગ્યા. પછી તેમણે કહ્યું લાવો એ બાળકની ગંદકી અમે સાફ કરી નાંખીએ. અમે કહ્યું આ બાળકની ગંદકી અમે સાફ કરી દઈએ. અમે છોકરાની ટટ્ટી સાફ કરી પોતાના હાથ સાબુથી ધોયા. એટલામાં તે બહેન ચા લઈને આવ્યા. પરંતુ તેને જાણવા પણ ન દીધું કે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છોકરાએ ગુરુદેવના કપડાં ગંદા કર્યા હતા. જ્યારે બપોરે એક ભાઈના ત્યાં ભોજન કરવા પહોંચ્યા ત્યારે અમે વારે વારે પોતાના હાથ સૂંઘતા રહ્યા. ગુરુદેવ અમને વારે વારે જોતા હતા. જમ્યા પછી દિવસભરનો કાર્યક્રમ પૂરો કરી સાંજે જ્યારે ગુરુદેવ અને અમે એક સાથે બેઠા હતા, ગુરુદેવે કહ્યું-તમે હાથને વારંવાર કેમ સૂંઘતા હતા ? શું તમે પોતાનો શૌચ દરરોજ સાફ નથી કરતા ? જે વ્યક્તિ ગંદકી સાફ નથી કરી શકતા તે ધાર્મિક ન થઈ શકે. ધર્મ સુચિતા, પવિત્રતાનું જ નામ છે.

ગુરુદેવ હંમેશા કહેતા કે બીજાના સારા ગુણો જુઓ, સારા કાર્યોની પ્રશંસા કરો. બુરાઈઓ સાંભળી-જોઈને બુરાઈઓ વધે છે. આજે પ્રત્યેક વ્યક્તિ એક બીજાના ગુણોને જુએ તો રાગ-દ્વેષ દૂર થઈ શકે છે. જે બીજાની બહેન-બેટીને કુદષ્ટિથી જુએ છે, તે ધાર્મિક ન હોઈ શકે. પરમ પૂજ્ય ગુરુદેવે બતાવ્યું કે અર્જુન પાસે ઉર્વશી આવી અને અર્જુનને કહેવા લાગી મને તમારા જેવો પુત્ર જોઈએ. અર્જુને કહ્યું-તમે મારી મા છો હું તમારો પુત્ર. ઉર્વશીમાં માના દર્શન કરનાર અર્જુન મહાભારતનો વિજેતા બન્યો. ભગવાન કૃષ્ણને સારથી બની સહયોગ કરવો પડયો હતો. નારી પ્રત્યે પવિત્ર દૃષ્ટિ રાખવી જોઈએ. આંખોનો સંયમ અપનાવી આપણે અંતઃશક્તિ વધારી શકીએ છીએ. ઈશ્વરે સૃષ્ટિને એટલી ખૂબસૂરત બનાવી છે. નદી, સરોવર, પર્વત છોડ-ઝાડ, ફૂલ રંગ બેરંગી, પતંગીયા પશુ-પક્ષી, ચંદ્ર-સૂર્ય આકાશના રૂપમાં પ્રાકૃતિક સૌંદર્ય ઈશ્વરે આપ્યું છે. આપણે જોવાની રીત બદલવી જોઈએ. કોઈ શાયરે લખ્યું છે-નજરે બદલી તો નજારે બદલ ગયે, આજે સુધરેલ દૃષ્ટિકોણની જરૂર છે. આપણે ઈશ્વરના પુત્ર બની વિશ્વ ઉદ્યાનની સેવા કરીએ. સારું શોધીને સારું જ અપનાવીએ.

એકવાર ગુરુ દ્રોણાચાર્યએ દુર્યોધન અને યુધિષ્ઠિરને એક-એક કામ સોંપ્યું. દુર્યોધનને કહ્યું-તું આ સંસારમાંથી એક સારા માણસને શોધી લાવ. યુધિષ્ઠિરને કહ્યું-તું આ સંસારમાંથી એક ખરાબ માણસને શોધી લાવ. બંનેને અમુક સમયની સીમા આપી. બંને પોત પોતાના કાર્ય માટે નીકળી પડયા. સમયસર બંને ગુરુ દ્રોણાચાર્ય પાસે પાછા આવ્યા. ગુરુ દ્રોણે દુર્યોધનને પૂછયું-બેટા તેં અમારું કાર્ય પૂરું કર્યું ? દુર્યોધન બોલ્યો ગુરુદેવ મેં બધી જગ્યાએ શોધ કરી, સંસારમાં મને એક પણ સારો વ્યક્તિ ન મળ્યો. પછી ગુરુ દ્રોણાચાર્યએ યુધિષ્ઠિરને પણ આ જ પૂછયું. યુધિષ્ઠિરે કહ્યું-"ગુરુદેવ મને આ સંસારમાં એક પણ ખરાબ વ્યક્તિ ન મળ્યો. અહીંયા એક કહેવત ચરિતાર્થ થાય છે કે-જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ" જેવી અમારી વિચારવા, જોવાની દૃષ્ટિ હશે તેવો જ સંસાર દેખાશે.

એક જંગલમાં સુમસામ જગ્યાએ એક ખાલી મકાન હતું. વરસાદનાં સમયે તેમાં ત્રણ વ્યક્તિ થોડાંક સમય માટે રોકાયા. ત્રણેના મનમાં અલગ-અલગ વિચારો આવ્યા અને ત્રણેયે પોત પોતાના કાર્યને અનુરૂપ તે સ્થાન પસંદ કર્યું. ત્રણેમાં એક ચોર હતો, બીજો સાધક અને ત્રીજો જુગારી. ચોરે વિચાર્યું અહીંયા એકાંતમાં ચોરીનું ધન એકઠું કરતો રહીશ. છૂપવા માટે આ યોગ્ય સ્થાન છે. સાધકે વિચાર્યું સાંસારિકતાથી દૂર એકાંતમાં સાધના માટે આ બહુ યોગ્ય સ્થાન છે. જુગારીએ વિચાર્યું કે જુગાર રમવા માટે આ અડ્ડો સારો રહેશે. ઈશ્વરે બધાને માનવ જીવન આપ્યું છે. કોઈ તેને સુખ-સુવિધાઓના અંબાર ભેગા કરવામાં, તો કોઈ બીજાને સતાવી ધન હડપવામાં, તો કોઈ નિષ્કામ ભાવથી માનવ સેવામાં લાગી જાય છે. ઈશ્વરે બુધ્ધિ બધાને આપી છે. પ્રશ્ન એ ઉઠે છે કે કોણ કેવી રીતે તેનો ઉપયોગ કરે છે. પરમ પૂજ્ય ગુરુદેવે આ દુનિયાને ઈશ્વરનો બગીચો અને આપણને માળી બનાવ્યા છે. આ બગીચાને સુંદર, સુરમ્ય બનાવવો આપણું કર્તવ્ય છે. ધર્મ પરાયણ હોવાનો અર્થ દુનિયાની સારી વાતો અપનાવવી અને બીજાને પણ સારા માર્ગે ચાલતા રહેવા માટે પ્રેરિત કરવાનો પ્રયાસ કરવાનો છે.

ક્રમશઃ

**-લીલાપત શર્મા**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગ નિર્માણ સમાચાર

**બોડેલી**-યુગ ઋષિ, વેદમૂર્તિ તપોનિષ્ઠ પં૦ શ્રીરામ શર્મા આચાર્ય તથા માની સૂક્ષ્મ પ્રેરણાથી બોડેલીમાં ગાયત્રી પરીવારના સહયોગથી પ્રજ્ઞાપુરાણ કથા તા. ૨૬ થી ૨૮ના ત્રણ દીવસમાં પૂરી થઈ. કથાનું રસપાન મહિલા ટોળી દ્વારા ભગત રશ્મીબેને કરાવ્યું. તેમણે પોતાની ઓજસ્વી વાણીમાં કથાનું મર્મ અનેક ઉદાહરણ દ્વારા સમજાવ્યું.

રશ્મીબેને યુગસંધિ મહાપૂર્ણાહુતિમાં માનવ સાચો માનવ કેવી રીતે બને, તથા પૂર્ણાહુતિમાં ભાગીદાર બનવા શું કરવું જોઈએ. તેનું મહત્વ સમજાવ્યું કથાના માધ્યમથી પૂજ્યવરનું સાહિત્ય ઘેર ઘેર પહોંચે એ માટે ૧૦૮ ઘરોમાં પ્રજ્ઞાપુરાણ સેટ (અડધી કિંમતે) સ્થાપના કરવામાં આવી. સાથે અનેક સંસ્કારો મુંડન, વિદ્યારંભ, પુસંવન, જનોઈ કરાવવામાં આવ્યા. સાહિત્યનું પણ ખૂબજ મોટી સંખ્યામાં વેચાણ થયું.

ખરેખર મહિલા ટોળી દ્વારા પૂજ્યવરનું સ્વપ્ન સાકાર થતું દેખાયું. કે "એકવીસમી સદી એ નારી સદી" છે.

**ઘડી-જી-સાબરકાંઠા શાખા એ**

(૧) ૪૦ ગામમાં ૨૦,૦૦૦ પોકેટબુક તથા ૨૦,૦૦૦ ગાયત્રી ચાલીસા ઘેર-ઘેર આપેલ છે.

(૨) ૨૦૧, યુગ શક્તિ ગાયત્રી માસિક અંકના સભ્યો બનાવેલ છે.

(૩) ઘડી ગાયત્રી પરિવાર શાખાએ આજુબાજુ ૭(સાત) શાખાઓમાં ગાયત્રી સ્વાધ્યાય ચાલુ કરેલ છે.

(૪) ૧૦ ગામમાં અખંડ જપ તથા દીપયજ્ઞ કરેલ છે.

**અમદાવાદ-'ગાયત્રી પરિવાર', સેટેલાઈટ રોડ દ્વારા કાયમી બ્રહ્મભોજ (જ્ઞાનયજ્ઞ) સાહિત્યની વ્યવસ્થા.**

પૂજ્ય ગુરુદેવે ૧૯૫૮માં બતાવ્યું હતું કે ગાયત્રી તપોભૂમિનું લક્ષ્ય આસ્તિકતાનું, ધર્મ કર્તવ્ય ભાવનાઓ જન સાધારણમાં જાગૃત કરી સદ્‌વિચારો અને સત્કર્મોમાં પ્રવૃત્તિ ઉત્પન્ન કરવાનું છે.

યુગ ચેતના સાહિત્ય પ્રકાશન અંતર્ગત મહાપૂર્ણાહુતિ વર્ષમાં પૂજ્ય ગુરુદેવના વિચારો ગામે-ગામ, નગર-નગરમાં પહોંચે એવી ભાવનાથી, ગાયત્રી પરિવાર, સેટેલાઈટ રોડ, અમદાવાદ, દ્વારા કાયમી ધોરણે પૂજ્ય ગુરુદેવનું સઘળું સાહિત્ય "બ્રહ્મભોજ"માં અડધી કિંમતે મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.


**માતર**-ભારતીય સંસ્કૃતિને વિશ્વવ્યાપી બનાવવા દેવ સંસ્કૃતિ દિગ્વિજય અભિયાન, શાંતિકુંજ હરદ્વાર, પ્રેરીત રાષ્ટ્રીય જાગરણ તીર્થયાત્રા શામળાજીથી પાવાગઢ તા. ૧૪-૩ ને મંગળવારના રોજ ગાયત્રી પ્રજ્ઞાપીઠ માતરમાં રાત્રે ૮.૦૦ વાગે આવતાં માતર ગાયત્રી પરિવારના સભ્યો, શ્રી મામલતદાર સાહેબ, શ્રી તાલુકા વિકાસ અધિકારી સાહેબ, સ્વામી નારાયણ મંદિરના મહંત પૂ. ઘનશ્યામદાસજી મહારાજ, ગામના વડિલો, માતાઓ, ભાઈઓ, બહેનો ગાયત્રી પરિવાર શાખા નવીકોશિયલ ગાયત્રી પરિવાર શાખા જોરાસીમ-દેવપુરા એ ખૂબ ઉત્સાહ પૂર્વક બેન્ડવાજા તથા કુમારિકાઓ એ પોથી તથા કળશ દ્વારા સ્વાગત કર્યું હતું.

**વર્માનગર**-ગાયત્રી પરિવાર શાખા દ્વારા વસંત પંચમીએ જ્ઞાનવર્ધક પરીક્ષા "બુધ્ધિ કૌશળ પરિક્ષા" લીધી જેમાં ૨૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. જેમાં હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈશાઈ દરેક ધર્મના, વિદ્યાર્થીઓએ ભાગ લીધો. પરીક્ષા પૂ. ગુરુદેવની પત્રિકામાંથી લીધી. દરેક પરીક્ષાર્થીને પ્રમાણ પત્ર, ઈનામ આપેલ. જેમાં પ્રથમ ત્રણ આવનારને વિશેષ ઈનામ તરીકે લેમીનેટેડ ફોટા **(પંચ દેવના)** આપ્યા. હાઈસ્કુલ તથા પ્રાથમિક બંન્ને વિભાગમાંથી પ્રથમ ત્રણ આવનાર વિદ્યાર્થીને અભિનંદન-વિજેતા વિદ્યાર્થીના નામ સૌરીન, ગિરીરાજસિંહ, જીતેન્દ્ર, ઉર્મિલા, કુ. અંજુમ, ભાવિક, કુ. દક્ષાબા.

**ગલોડીયા**-વસંત પંચમી પર્વ ના દિવસે ગલોડીયામાં તીર્થયાત્રાનો કાર્યક્રમ ગ્રામજનોની મોટી સંખ્યામાં ઉજવ્યો. દરેક કાર્યકર્તા ભાઈ બહેનોએ તીર્થયાત્રાના દર્શન કર્યા. સરપંચશ્રીએ આરતી તથા પૂજા વિધિ કરી તથા ગાયત્રી પરિવારના ભાઈઓએ પણ પૂજન વિધિ કરી. આ પ્રસંગે ગલોડીયા ગામમાં ચાલતી પ્રવૃત્તિઓની જાણકારી આપી. ગોપાલક ગાયોની પણ માહિતી આપી, ગોબર ખાતર વિષે માહિતી આપી. આમાં ગલોડીયા યોગેશ્વર સ્વાધ્યાય પરિવારના ભાઈઓએ મોટી સંખ્યામાં હાજરી આપી. દૂધ મંડળીનાં ચેરમેનશ્રી તથા સહકારી મંડળીના ચેરમેનશ્રી તથા શાળાના આચાર્ય શ્રી દિનેશભાઈએ હાજરી આપી હતી. હરિદ્વારથી આવેલ ટોળી નાયકે ગુરુદેવના વિચારો ઘેર-ઘેર પહોંચાડવા માટે પ્રવચન કર્યું હતું. વિચાર ક્રાંતિ અભિયાનની પુરી સમજણ આપી હતી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.



# ગુરૂદેવને ફોન

કરવો છે મારે ફોન ગુરૂદેવને
નંબર સાચો બતાવજો રે

પહેલો તે ફોન મેં તો આંબલખેડા કીધો
ઘંટડી વાગી ને ફોન માતાજીએ લીધો
ગુરૂદેવ નથી આંબલખેડામાં રે
ગુરૂજી ગયા છે મથુરામાં રે.....કરવો છે....

બીજો તે ફોન મેં તો મથુરામાં કીધો
ઘંટડી વાગીને ફોન લીલાપતજી એ લીધો
ગુરૂદેવ નથી તપોભૂમિમાં રે
ગુરૂજી ગયા છે હરિદ્વારમાં રે.....કરવો છે....

ત્રીજો તે ફોન મેં તો શાંતિકુંજ કીધો
ઘંટડી વાગીને ફોન શૈલદીદીએ લીધો
ગુરૂદેવ નથી શાંતિકુંજમાં રે
ગુરૂજી ગયા છે હિમાલયમાં રે.....કરવો છે....

ચોથો તે ફોન મેં તો હિમાલય કીધો
ઘંટડી વાગીને ફોન દાદાગુરૂદેવે લીધો
ગુરૂદેવ નથી હિમાલયમાં રે
ગુરૂદેવ છે પરીજનોના દિલમાં રે.....કરવો છે....

**-ગીતાબેન ડી. કાકા**
હાલોલ

માલિક યુગ નિર્માણ યોજના ટ્રસ્ટ મથુરા માટે લીલાપત શર્મા દ્વારા પ્રકાશિત તથા યુગ નિર્માણ પ્રેસ મથુરામાં મુદ્રિત અને
યુગ નિર્માણ યોજના ટ્રસ્ટ મથુરાથી પ્રકાશિત-સંપાદક પં૦ લીલાપત શર્મા, સહ સંપાદક-ઘનશ્યામ પટેલ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.